# જૈન પાઠાવલી

## શ્રેણી ૧૫ -૧૬





પ્રકાશક :

શ્રી બૃહદ મુંબઈ વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત :

માતુશ્રી મણીબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

# પ્રકાશન દિન


| | | |
|---|---|---|
| વીર સંવત | : | 2552 |
| વિક્રમ સંવત | : | 2082 |
| ઈ.સ | : | March 2026 |
| પ્રત | : | 1000 |
| જ્ઞાનાર્થે | : | 25 ₹ |


## પ્રાપ્તિ સ્થાન


શ્રી બૃહદ મુંબઈ વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

: સંચાલિત :

માતુશ્રી મણીબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

આરાધ્યા–૧અર્થ–ગ્રાઉન્ડ ફ્લોર, H–વીંગ, નાયડુ કોલોની,
પંતનગર, ઘાટકોપર (ઇ)– મુંબઈ – ૪૦૦ ૦૭૫

Office : 9702277914
Chaaya Coticha : 9029933775
Alpa Mehta : 9820596646

E-mail : jainshikshanboard@gmail.com
website : www.jainshikshan.org




# આજીવન - શ્રુત સેવા શિરોમણિ

(કાયમી દાતા)

**શ્રી લીંબડી અજરામર સંપ્રદાયના શ્યામ પરિવારના શિષ્યરત્ન**
**પ. પૂ શ્રી ધૈર્ય - સૌમ્ય ગુરુદેવના શિષ્ય પ. પૂ ઉપાધ્યાયજી**
**શ્રી ભવ્ય ગુરુદેવના સુશિષ્ય તપસ્વીરત્ન**
**પ. પૂ શ્રી રાજવિર્યમુનિ મહારાજ સાહેબનું**

## જીવન દર્શન



**દીક્ષા દિન - 1st ફેબ્રુઆરી, 2015**
**(ઉંમર વર્ષ - 63) અને**
**ત્યાર બાદનો તપમય માર્ગ**
**અઠ્ઠાઈ - 62, માસક્ષમણ - 4,**
**16 ભથ્થાં - 3**

**पच्छावि ते पयाया, खिप्पं गच्छंति अमरभवणांइ**
**जेसिं पिओ तवो संजमो य खंती य बंभचेरं च**

**પાછલી ઉંમરે દિક્ષીત થનાર આત્મા પણ તપ, સંયમ,**
**ક્ષમા અને બ્રહ્મચર્યના પાલનથી શિઘ્રાતીશિઘ્ર ઉચ્ચ ગતિને પામે છે.**

## દીક્ષા પૂર્વ જીવન

ગામ રવ (કચ્છ-વાગડ) ના સુશ્રાવક શ્રી કરસનભાઈ દેવરાજભાઈ કારીયાના પુત્રરત્ન શ્રી રાયશીભાઈ, શ્રી થાણા સંઘના પ્રમુખ પદે 7 વર્ષ સુધી સેવાને જીવનમૂલ્ય બનાવી, અનેક ધાર્મિક પ્રવૃત્તિઓનું સફળ નેતૃત્વ કરનાર અને આ સમયમાં 64 પ્રહરી ચૌવિહારા પૌષધ-અઠ્ઠાઈ જેવી તપસ્યાની એ પાવન ક્ષણોમાં અંદરથી સંયમ જીવન માટે ઊંડો ભાવ ઉદ્ભવ્યો.

એવા શ્રી ગુરુભગવંતને કોટી કોટી પ્રણામ

# આજીવન - શ્રુત સેવા શિરોમણિ

(કાયમી દાતા)



## માતુશ્રી નીલુબેન રાયશીભાઈ કરસનભાઈ કારીયા

**ગામ-રવ (કચ્છ વાગડ) હાલ-થાણા, મુંબઈ**

શ્રી થાણા સંઘની પાઠશાળામાં છેલ્લા 40 વર્ષથી
નિ:સ્વાર્થ ભાવથી જ્ઞાનદાતા તરીકે સેવા અર્પણ કરી રહ્યા છે.

તેમના સેવા કાર્યકાળ દરમિયાન સેંકડો બાળકોમાં જ્ઞાનનું
સિંચન કર્યું અને અનેક બહેનોને દીક્ષા ગ્રહણ કરવાની પ્રેરણા મળી છે.

જ્ઞાનદાન યોજનામાં સહભાગી બની જ્ઞાનપ્રચારના કાર્યમાં સહકાર આપી સ્વયંના
જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ કરનાર, લોકોત્તર પુણ્યનો બંધ કરનાર દાતા પરિવારનો

## ધાર્મિક શિક્ષણ બોર્ડ

**ખૂબ -ખૂબ આભાર માને છે તેમના ઉત્કૃષ્ટ ભાવોની અનુમોદના કરે છે.**

# શ્રુતપ્રભાવક



## ચી. જૈની અજયભાઈ લાખાણી, બોરીવલી (વેસ્ટ)

જ્ઞાનદાન યોજનામાં સહભાગી બની જ્ઞાનપ્રચારના કાર્યમાં સહકાર આપી સ્વયંના
જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ કરનાર,
લોકોત્તર પુણ્યનો બંધ કરનાર દાતા પરિવારનો

**ધાર્મિક શિક્ષણ બોર્ડ**

**ખૂબ -ખૂબ આભાર માને છે તેમના ઉત્કૃષ્ટ ભાવોની અનુમોદના કરે છે.**

|| નાણસ્સ સવ્વસ્સ પગાસણાએ ||

# શ્રી બૃહદ મુંબઈ વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

## Shree Brihad Mumbai Vardhman Sthanakvasi Jain Mahasangh

: સંચાલિત :

# માતુશ્રી મણીબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

# Matushree Maniben Manshi Bhimshi Chhadva Dharmik Shikshan Board,

Aaradhya - 1 Arth, Ground floor, H-Wing, Nayadu Colony,
Pant Nagar, Ghatkopar (E), Mumbai- 400077

## જ્ઞાનદાન મહાદાન

### જ્ઞાન યોજના

1,00,000/- શ્રુતસ્તંભ

| | | | |
|---|---|---|---|
| 75,000/- | શ્રુતાધાર | 11,000/- | શ્રુતસહયોગી |
| 51,000/- | શ્રુતપ્રભાવક | 5000/- | શ્રુતસહાયક |
| 25,000/- | શ્રુતપ્રેરક | 2,500/- | શ્રુતઅનુમોદક |

દેશ-વિદેશના હજારો પરીક્ષાર્થીઓ શ્રેણી 1 થી 25 ની પરીક્ષાઓ આપીને જ્ઞાનવૃદ્ધિ કરી રહ્યા છે. આપશ્રી જ્ઞાનદાન યોજનામાં સહભાગી બનશો અને અન્યને અનુમોદના માટે પ્રેરિત કરશોજી.

## Banking Details for DONATION to Dharmik Sikshan Board

**A/c Name** : Shree Greater Bombay Vardhaman Sthanakvasi Jain Mahasangh
**Bank Name** : Bank of Baroda
**A/C No** : 70130100028329
**Branch** : Ghatkopar East
**IFSC Code** : BARBOGHAEAS

**ચેક/ ડ્રાફ્ટ શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થા.જૈન મહાસંઘ નામે લખો**

# અતીતની અટારીએથી

આજે વિશ્વમાં પ્રલોભનો વધી રહ્યાં છે. આજનો માનવી સૂર્યોદયથી સૂર્યાસ્ત નહીં પણ મધરાત સુધી યંત્રવત્ દોડી રહ્યો છે. સમય અને નિરાંત જેવા શબ્દો તો એના જીવનના શબ્દકોષમાંથી ક્યારના રવાના થઈ ગયાં છે, ત્યારે પ્રશ્ન થાય છે કે, આ બધી દોટ કોના માટે ?

ત્યારે જવાબ છે કે, સુખ, સમૃદ્ધિ, અખૂટ સંપત્તિ માટે!

પણ શું આટલી દોડાદોડ કર્યા પછી આ બધું મળે છે ખરું ?

કદાચ યંત્ર યુગમાં સમૃદ્ધિ અને સંપત્તિ મળી જાય છે પણ જીવન યંત્રવત્ બની જાય છે અને સુખ-શાંતિના હવાતિયા મારવા છતાં સુખ-શાંતિ તો વહેંત છેટા રહી જાય છે. દરેક વ્યકિત કોઈને કોઈ દુ:ખથી ઘેરાયેલી છે. આ બધાં દુ:ખોથી મુક્ત થવું હોય તો સર્વજ્ઞ તીર્થંકર પરમાત્માનો ધર્મ અને ધર્મની યથાર્થ સમજણ જ સહાયક થાય છે.

પરિસ્થિતિને જાણીને સમજીને વિચક્ષણ દીર્ઘદ્રષ્ટા વડીલોની આગેવાની લઈને અંદાજે 60 વર્ષ પૂર્વે એટલે કે, 30.07.1961 ના બૃહદ મુંબઈ સ્થાનકવાસી જૈન મહાસંઘની આગેવાની હેઠળ માતુશ્રી મણીબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડની સ્થાપના કરવામાં આવી.

જૈનધર્મના 32 આગમમાંથી પ્રેરણા લઈ આગમ સાગરમાંથી મંથન કરીને સરળ ભાષામાં તેનો બોધ થઈ શકે તે માટે, સમસ્ત વિશ્વનાં સ્થાનકવાસી જૈનોના જૈનધર્મ આધારિત જ્ઞાનનો વિકાસ થાય તે માટે ધાર્મિક શિક્ષણ બોર્ડે પ્રારંભમાં શ્રેણી એકથી સાતના અભ્યાસક્રમના પાઠ્યપુસ્તકો તૈયાર કર્યા. આ પાઠ્યક્રમ તૈયાર કરવામાં પૂજ્ય શ્રી સંત-સતીજીઓનો અવિસ્મરણીય સાથ સહકાર મળ્યો.

પછી ક્રમશઃ સંઘના વિદ્વાનોએ course નો વિકાસ કર્યો, જેને કારણે આજે એકથી પચ્ચીસ શ્રેણીનો course તૈયાર થઈ ગયો છે અને જ્યારે-જ્યારે જરૂર લાગી ત્યારે નવી આવૃત્તિમાં ફેરફાર પણ કર્યા છે. વર્તમાને ફરીથી આ book ફેરફાર સાથે નવા સ્વરૂપમાં આપણે પ્રકાશિત કરીએ છીએ. આની પાછળનો હેતુ આબાલવૃદ્ધ બધાં આમાં જોડાઈ શકે અને વધુમાં વધુ લોકો પરમાત્માના ધર્મની સન્મુખ થાય, એ જ છે.

સમય અનુસાર ક્રમિક વિકાસ કરતાં-કરતાં આજે માતુશ્રી મણીબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ સંસ્કાર સિંચન સાથે સંસ્કાર સંપન્ન ભાવિ પેઢીના નિર્માણ માટે કાર્યશીલ છે.

Course તૈયાર કરવામાં અનેક ઉપકારી ગુરુ ભગવંતો, ગુરુણી ભગવંતોનું માર્ગદર્શન મળ્યું છે. અને એ માર્ગદર્શન અનુસાર અભ્યાસુ શ્રાવક-શ્રાવિકાઓએ પોતાનું યોગદાન આપ્યું છે. એ દરેકનું અમે અભિવાદન કરીએ છીએ.

આ Course ને કારણે આજ સુધીમાં લાખો લોકો પરીક્ષાના માધ્યમથી જૈનત્વના સંસ્કારને પામ્યા અને ભવિષ્યમાં પણ વધુમા વધુ લોકો આ અભ્યાસક્રમમાં જોડાઈને સુસંસ્કારને પામીને પોતાના ભાવિને ઉજ્જવળ બનાવે એ જ અભ્યર્થના.

## ધાર્મિક શિક્ષણ બોર્ડની પ્રવૃત્તિ

1. 60 વર્ષોથી જૈનધર્મના જ્ઞાન પ્રસાર અર્થે જૈનશાળા અને મહિલા મંડળની ધાર્મિક પરીક્ષાઓનું આયોજન કરનારી સંસ્થા
2. પરીક્ષા માટે જરૂરી પુસ્તકોનું પ્રકાશન.
3. શિક્ષકોના અને વિદ્યાર્થીઓના સંમેલનો યોજી તેમને અભ્યાસક્રમની સમજણ આપવી.
4. શ્રેણીની પરીક્ષાઓનાં ઈનામી મેળાવડાનું આયોજન કરવું.
5. જ્ઞાનદાતા શિક્ષકોનું અભિવાદન.
6. બાલ પાઠાવલી એવમ એકથી પચ્ચીસ શ્રેણી સુધીનો વિસ્તૃત અભ્યાસક્રમ ઉપલબ્ધ અને નવી શ્રેણીનો વિકાસ.
7. જૈન ધર્મનું ઊંડું જ્ઞાન ધરાવતા અનુભવી અને કુશળ જ્ઞાનદાતા દ્વારા ધાર્મિક અને આધ્યાત્મિક શિબિરોનું આયોજન.
8. Technology ના માધ્યમથી online, મૌખિક અને લિખિત પરીક્ષા દર વર્ષે જાન્યુઆરી અને જુલાઈમાં લેવામાં આવે છે.
9. વૈશ્વિક (global) પરીક્ષાનું આયોજન, online certificate અને ઇનામ વિતરણ.

આ પુસ્તકમાં છદ્મસ્થાવસ્થાને કારણે
જિનાજ્ઞા વિરુદ્ધ કાંઈ પણ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડમ્.

# શ્રેણી ૧૫

## અભ્યાસક્રમ તથા અનુક્રમણિકા


| | વિષય | ગુણ | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | **સૂત્ર વિભાગ**<br>સામાયિક - પ્રતિક્રમણ ભાવાર્થ અને<br>પ્રશ્નોત્તર તથા મોટુ માંગલિક ભાવાર્થ સહિત | ૧૫ | |
| ૨. | **તત્ત્વ વિભાગ** | ૭૦ | |
| | ૧. શ્રી પ્રાસ્તાવિક ગાથાઓ<br>અન્વયાર્થ અને ભાવાર્થ સહિત **૨૫** | | ૦૪ |
| | ૨. શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર **૧૫**<br>અધ્યયન ચોથું અન્વયાર્થ અને ભાવાર્થ<br>સહિત | | ૧૨ |
| | ૩. છ લેશ્યાનો અધિકાર **૧૫** | | ૧૮ |
| | ૪. અષ્ટ પ્રવચન માતા(5સમિતિ,3 ગુપ્તિ) **૧૫** | | ૨૪ |
| ૩. | **કાવ્ય વિભાગ** | | |
| | ૧. ભક્તામર સ્તોત્ર કડી 25 થી 36<br>ભાવાર્થ અને શબ્દાર્થ સહિત **અથવા**<br>ધર્મકથા વિભાગ **૧૫** | | ૨૪ |
| | ૨. કેશીસ્વામી અને પરદેશી રાજા | | 33 |
| | **કુલ ગુણ** | **૧૦૦** | |

# શ્રી મોટું માંગલિક ભાવાર્થ સહિત

**ચત્તારિ મંગલં :** લોકમાં ચાર અલૌકિક / લોકોત્તર મંગલ છે.

**અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં :** અરિહંત દેવો અને સિદ્ધ ભગવંતો મંગલ છે.

**સાહુ મંગલં, કેવલિ પન્નત્તો ધમ્મો મંગલં :** સાધુ ભગવંતો અને કેવળી પ્રરૂપિત ધર્મ મંગલ છે.

**ચત્તારિ લોગુત્તમા :** લોકમાં ચાર ઉત્તમ છે.

**અરિહંતા લોગુત્તમા :** અરિહંત દેવો ઉત્તમ છે.

**સિદ્ધા લોગુત્તમા :** સિદ્ધ ભગવંતો ઉત્તમ છે.

**સાહુ લોગુત્તમા :** સાધુ ભગવંતો ઉત્તમ છે.

**કેવલિ પન્નત્તો ધમ્મો લોગુત્તમો :** કેવળી પ્રરૂપિત ધર્મ ઉત્તમ છે.

**ચત્તારિ સરણં પવજ્જામિ :** ચારનાં શરણાંને અંગીકાર કરું છું.

**અરિહંતા સરણં પવજ્જામિ :** અરિહંત દેવોનું શરણું અંગીકાર કરું છું.

**સિદ્ધા સરણં પવજ્જામિ :** સિદ્ધ ભગવંતોનું શરણું અંગીકાર કરું છું.

**સાહુ સરણં પવજ્જામિ :** સાધુ ભગવંતોનું શરણું અંગીકાર કરું છું.

**કેવલી પન્નત્ત ધમ્મ સરણં પવજ્જામિ :** કેવળી પ્રરૂપિત ધર્મનું શરણું અંગીકાર કરું છું.

**એ ચાર શરણા, ચાર મંગલ, ચાર ઉત્તમ,**
**કરે જેહ ભવ સાગરમાં ન ડૂબે તેહ,**
**સકલ કર્મનો આણે અંત, મોક્ષ તણાં સુખ લહે અનંત,**
**ભાવ ધરીને જે ગુણ ગાય; તે જીવ તરીને મોક્ષે જાય,**
**સંસારમાંહી શરણા ચાર, અવર શરણ નહીં કોય,**
**જે નરનારી આદરે, અક્ષય અવિચળ પદ હોય,**
**અંગૂઠે અમૃત વસે, લબ્ધિ તણા ભંડાર,**
**ગુરુ ગૌતમને સમરિએ, મનવાંછિત ફળ દાતાર,**
**ભાવે ભાવના ભાવીએ, ભાવે દીજે દાન,**
**ભાવે ધર્મ આરાધીએ, ભાવે કેવળજ્ઞાન.**

**પૂ. આચાર્ય શ્રી પુરુષોત્તમજી મ.સા. રચિત મંગલ ભાવના**

અહો પરમ કૃપાળુ તીર્થંકરદેવ અમે આ ભવ, પરભવ, ભવોભવ, સદાને માટે આપશ્રીનું શરણું અંગીકાર કરીએ છીએ. આપના શરણાંથી, આપની સ્તુતિ, ભક્તિ અને ગુણકીર્તન કરવાથી, અમારો ઉપયોગ આપશ્રીના ગુણોમાં પ્રવર્તન કરવાથી, આપના જેવા ઉજ્જવળ, નિર્મળ, નિર્મોહી, નિર્દોષ અને નિર્વિકારી બનશું, તેમાં અમોને જરાય શંકા કે સંશય નથી.

માટે અમારા મન, વચન અને કાયાના યોગોને આપના ચરણ કમળમાં સમર્પિત કરીએ છીએ. સમર્પણ કરવાથી અમારામાં રહેલી અનાદિ કાળની કુબુદ્ધિ, કુટેવ અને કુસંસ્કાર સર્વ ક્ષય થશે અને આપના જેવી સુબુદ્ધિ, સુટેવ અને સુસંસ્કાર પ્રગટ થશે. તેમજ અનાદિકાળની જન્મ, જરા, મરણ, વેદના, મહાવેદના, અસહ્યવેદના, ભયંકરવેદના, કર્કશવેદના, પ્રતિકૂળ સંયોગો, દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય ઉપભોગાંતરાય તથા વીર્યાન્તરાય નામની ગાઢી, ચીકણી કર્મની પ્રકૃતિઓ જે બાંધી છે તે સર્વ ક્ષય થશે.

અમોને ચોકકસ ખાતરી છે કે જેના શરણે જઈએ, તેના જેવા થઈએ. અરિહંત પ્રભુના શરણે જઈએ તો અરિહંત પ્રભુ જેવા થઈએ. સિદ્ધ ભગવંતોના શરણે જઈએ, તો સિદ્ધ જેવા થઈએ. સાધુ સંતોના ચરણે જઈએ, તો સાધુ સંતો જેવા થઈએ.કેવળી ભગવંતના શરણે જઈએ, તો કેવળી જેવા થઈએ.

માટે આપના જેવી ઝળહળતી જ્યોત પ્રગટ કરવાને માટે, પરમ જ્ઞાન, પરમ દર્શન, પરમ ચારિત્ર, પરમ સુખ, પરમ શાંતિ, પરમ આનંદને પ્રાપ્ત કરવાને માટે ... આપશ્રીનું શરણું અમોને આ ભવ, પરભવ, ભવોભવ હોજો.

## સ્તુતિ

અરહા શરણં, સિદ્ધા શરણં, સાહુ શરણં વરીએ,
ધમ્મં શરણં પામી વિનયે જિન આજ્ઞા શિર ધરીએ,
અરહા શરણં મુજને હોજો આતમ શુદ્ધિ કરવા,
સિદ્ધા શરણં મુજને હોજો રાગ દ્વેષને હણવા,
સાહુ શરણં મુજને હોજો સંયમે સૂરા બનવા,
ધમ્મં શરણં મુજને હોજો ભવોદધિથી તરવા,
મંગલમય ચારેનું શરણું સઘળી આપદા ટાળે,
આ સંસારે ડૂબતી નૈયા ભવજળ પાર ઉતારે,

# પ્રાસ્તાવિક ગાથાઓ

## બ્રહ્મચર્ય - શીલવ્રતનો મહિમા

### ( શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર - શ્રુતસ્કંધ ૨, ૪થો દ્વાર)

**પંચ-મહવ્વય-સુવ્વય-મૂલં, સમણ-મણાઈલ સાહુ સુચિણ્ણં ।**
**વેર વિરામણ પજ્જવસાણં, સવ્વ સમુદ્દ મહોદહિ તિત્થં ॥૧॥**

**અન્વયાર્થ : પંચ** - પાંચ, **મહવ્વય** - મહાવ્રત, **સુવ્વય** - સુવ્રત, **મૂલં** - મૂળ, **સમણં** - સાધુ, **અણાઈલ** - નિર્મળ, **સાહુ** - સાધુ, **સુચિણ્ણં** - સમ્યક્ રીતે આદરેલું, **વેર** - વેરભાવ, **વિરામણ** - અટકાવીને, **પજ્જવસાણં** - અંત કરાવનારું, **સવ્વ** - સર્વ, **સમુદ્દ** - સમુદ્રો, **મહોદહિ** - મહાસાગર, **તિત્થં** - તીર્થ સમાન, તારનારું છે.

**ભાવાર્થ :** સાધુ ભગવંતનાં પાંચ મહાવ્રતોમાં બ્રહ્મચર્ય વ્રત સુવ્રતરૂપ છે તથા મહાવ્રતરુપી વૃક્ષનું મૂળ છે. સાધુઓને નિર્મળ કરનાર એવું આ બ્રહ્મચર્ય વ્રત સમ્યક્‌રૂપે સાધુઓ દ્વારા આરાધિત થયેલું છે. વેરભાવને અટકાવીને તેનો અંત કરાવનારું છે. સર્વ સમુદ્રોમાં મહાસાગર જેવું અને સંસારસમુદ્રથી તરાવનાર તીર્થ સમાન છે.

**તિત્થયરેહિ સુદેસિય મગ્ગં, નરય તિરિય વિવજ્જિય મગ્ગં ।**
**સવ્વ-પવિત્તં સુનિમ્મિય સારં, સિદ્ધિ વિમાણ અવંગુય દારં ॥૨॥**

**અન્વયાર્થ : તિત્થયરેહિ** - તીર્થંકરોએ, **સુદેસિય** - સમ્યક્ પ્રકારે ઉપદેશેલ, **મગ્ગં** - માર્ગ, **નરય** - નરક ગતિ, **તિરિય** - તિર્યંચ ગતિ, **વિવજ્જિય** - રોકનાર, **મગ્ગં** - માર્ગ, **સવ્વ - પવિત્તં** - સર્વને પવિત્ર કરનાર, **સુનિમ્મિય** - રૂડાં વ્રત નિયમોમાં શ્રેષ્ઠ, **સારં** - સારરૂપ, **સિદ્ધિ** - સિદ્ધ ગતિ, **વિમાણ** - વૈમાનિક દેવની ગતિ, **અવંગુય** - ઉઘાડનાર, **દારં** - દ્વારને.

**ભાવાર્થ :** તીર્થંકર ભગવંતોએ બ્રહ્મચર્યરૂપ માર્ગ સમ્યક્ પ્રકારે ઉપદેશેલ છે. નરક અને તિર્યંચગતિરૂપ દુર્ગતિથી રોકનાર માર્ગ છે. સંપૂર્ણ શુદ્ધ અને પવિત્ર કરનાર, સર્વ વ્રત નિયમોમાં શ્રેષ્ઠ, સારરૂપ છે, તેમ જ સિદ્ધ ગતિ તથા વૈમાનિક દેવલોકના દ્વાર ઉઘાડનાર છે.

**દેવનરિંદ નમંસિય પૂયં, સવ્વ જગુત્તમ મંગલ મગ્ગં ।**
**દુદ્ધરિસં ગુણનાયગમેગં, મોક્ખપહસ્સ વડિંસગ ભૂયં ॥૩॥**

**અન્વયાર્થ : દેવ** - દેવો, **નરિંદ** - નરેન્દ્રો, **નમંસિય** - નમન કરવાયોગ્ય, **પૂયં** - પૂજનીય, આદરણીય, **સવ્વ** - સર્વ, **જગુત્તમ** - લોકમાં ઉત્તમ, **મંગલ** - મંગલમય, **મગ્ગં** - માર્ગ, **દુદ્ધરિસં** - અપરાજિત, **ગુણ** - સર્વ સદ્‌ગુણોમાં, **નાયગં** - નાયક, **એગં** - એક અદ્વિતીય, **મોક્ખપહસ્સ** - મોક્ષમાર્ગના, **વડિંસગ ભૂયં** - મુગટમણી સમાન છે.

**ભાવાર્થ :** બ્રહ્મચારીને દેવો તથા નરેન્દ્રો નમસ્કાર કરે છે. તેમ જ પૂજા, સત્કાર પણ કરે છે.

લોકમાં સર્વ ઉત્તમોમાં આ ઉત્તમ, મંગળમય માર્ગ છે. વિશુદ્ધ બ્રહ્મચારી કોઈથી પણ અપરાજિત તથા સર્વ સદ્‌ગુણોમાં એક અદ્વિતીય નાયક સમાન છે. મોક્ષમાર્ગ માટે મસ્તકના મુગુટમણિ સમાન છે.

## બ્રહ્મચર્યનું ફળ

**(શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર અધ્ય. ૧૬)**

**ધમ્મારામે ચરે ભિક્ખૂ, ધિઈમં ધમ્મસારહી ।**
**ધમ્મારામે રએ દન્તે, બંભચેર સમાહિએ ॥૪॥**

**અન્વયાર્થ : ધમ્મારામે** - ધર્મરૂપી બાગમાં, **ચરે** - વિચરણ કરે, **ભિક્ખૂ** - સાધુ, **ધિઈમં** - ધૈર્યવાન, **ધમ્મસારહી** - ધર્મરથના સારથી, **ધમ્મારામે** - ધર્મરૂપી બાગમાં, **રએ** - અનુરકત, **દન્તે** - ઈન્દ્રિય દમનાર, **બંભચેર** - બ્રહ્મચર્યમાં, **સમાહિએ** - સમાધિવંત.

**ભાવાર્થ :** ધૈર્યવાન, ધર્મરથના સારથી સાધુ ધર્મરૂપ બાગમાં સ્વાધ્યાય, ધ્યાન આદિ ધર્મક્રિયામાં વિચરણ કરે. ઈન્દ્રિયોનું દમન કરનાર, બ્રહ્મચર્યમાં સમાધિવંત સાધુ હંમેશાં ધર્મબાગમાં અનુરક્ત રહે.

**દેવ દાણવ ગંધવ્વા, જક્ખ રક્ખસ્સ કિન્નરા ।**
**બંભયારિં નમંસંતિ, દુક્કરં જે કરંતિ તે ॥૫॥**

**અન્વયાર્થ : દેવ** - દેવો, **દાણવ** - દાનવો, **ગંધવ્વા** - ગાંધર્વો, **જક્ખ** - યક્ષો, **રક્ખસ્સ** - રાક્ષસો, **કિન્નરા** - કિન્નરો, **બંભયારિં** - બ્રહ્મચારી, **નમંસંતિ** - નમસ્કાર કરે, **દુક્કરં** - દુષ્કર, **જે** - જે, **કરંતિ તે** - પાલન કરે છે તે.

**ભાવાર્થ :** જે દુષ્કર તથા ઘોર એવા બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરે છે એવા સાધક આત્માઓનાં ચરણોમાં વૈમાનિક, જ્યોતિષ, ભવનપતિ તથા ગંધર્વ, યક્ષ, રાક્ષસ, કિન્નર આદિ વ્યંતર દેવો એમ ચારે જાતિના દેવો પોતાનું મસ્તક નમાવી નમસ્કાર કરે છે.

**એસ ધમ્મે ધુવે નિચ્ચે, સાસએ જિણદેસિએ ।**
**સિદ્ધા સિજ્ઝંતિ ચાણેણં, સિજ્જિઝસ્સંતિ તહાવરે ॥૬॥**

**અન્વયાર્થ : એસ** - આ, **ધમ્મે** - ધર્મ, **ધુવે** - ધ્રુવ, **નિચ્ચે** - નિત્ય, **સાસએ** - શાશ્વત, **જિણદેસિએ** - જિનેશ્વરોએ ઉપદેશેલ, **સિદ્ધા** - સિદ્ધ ગતિ, **સિજ્ઝંતિ** - પામે છે, **ચ** - અને, **આણેણં** - અનેક, **સિજ્જિઝસ્સંતિ** - પામશે, **તહાવરે** - આ રીતે ભવિષ્યમાં.

**ભાવાર્થ :** આ બ્રહ્મચર્યરૂપ શીલધર્મ ધ્રુવ, નિત્ય, શાશ્વત, છે. જિનેશ્વર ભગવંત દ્વારા ઉપદેશાયેલ છે. જેનું પાલન કરવાથી અનેક જીવોએ ભૂતકાળમાં સિદ્ધિને મેળવી છે, વર્તમાને પણ અનેક જીવો સિદ્ધિ પામે છે તથા ભવિષ્યમાં અનેક જીવો સિદ્ધિ પ્રાપ્ત કરશે.

## તીર્થંકર નામકર્મ બાંધવાના ૨૦ કારણ

**(શ્રી જ્ઞાતાસૂત્ર અધ્યયન-૮ના આધારે) - (આર્યાવૃત્ત)**

**અરિહંત સિદ્ધ પવયણ, ગુરુ થેર બહુસ્સુએ તવસ્સીસુ ।**

**વચ્છલ્લયા ય તેસિં, અભિક્ખ - નાણોવઓગેય ॥૭॥**

**અન્વયાથ : અરિહંત** - અરિહંત ભગવાન, **સિદ્ધ** - સિદ્ધ ભગવાન, **પવયણ** - પ્રવચન, **ગુરુ** - ગુરુ, **થેર** - સ્થવિર, **બહુસ્સુએ** - બહુશ્રુત, **તવસ્સીસુ** - તપસ્વી, **વચ્છલ્લયા** - વાત્સલ્ય/ગુણકીર્તન, **ય** - અને, **તેસિં** - તેઓ, **અભિક્ખ** - વારંવાર, **નાણોવઓગે** - જ્ઞાન ઉપયોગ, **ય** - અને.

**ભાવાર્થ :** (૧) શ્રી અરિહંત ભગવાનનાં ગુણકીર્તન કરવાથી, (૨) શ્રી સિદ્ધ ભગવાનનાં ગુણકીર્તન કરવાથી, (૩) આઠ પ્રવચન ૫ સમિતિ, ૩ ગુપ્તિ, માતાનું આરાધન કરવાથી, (૪) ગુણવંત ગુરુનાં ગુણકીર્તન કરવાથી, (૫) સ્થવિર (વય, શ્રુત કે પર્યાયથી વડીલ) મુનિનાં ગુણકીર્તન કરવાથી, (૬) બહુશ્રુતનાં ગુણકીર્તન કરવાથી, (૭) તપસ્વીનાં ગુણકીર્તન કરવાથી અને (૮) ભણેલા જ્ઞાનમાં ઉપયોગ મૂકવાથી.

**દંસણ વિણય આવસ્સએય, સીલવ્વએ નિરઈયારે ।**

**ખણ લવ તવ ચ્ચિયાએ, વેયાવચ્ચે સમાહિએ ॥૮॥**

**અન્વયાથ : દંસણ** - દર્શન, **વિણય** - વિનય, **આવસ્સએય** - આવશ્યક ક્રિયા, **સીલવ્વએ** - શીલવ્રત, **નિરઈયારે** - નિરતિચાર, **ખણ લવ** - ક્ષણમાત્ર, **તવ** - તપ, **ચ્ચિયાએ** - ત્યાગથી, **વેયાવચ્ચે** - વૈયાવચ્ચ, **સમાહિએ** - સમાધિભાવ.

**ભાવાર્થ :** (૯) સમકિત નિર્મળ પાળવાથી, (૧૦) વિનય કરવાથી, (૭-૧૦-૧૩૪ પ્રકારનો), (૧૧) ઉભયકાળ આવશ્યક - પ્રતિક્રમણ કરવાથી, (૧૨) લીધેલ વ્રત પચ્ચક્ખાણ નિરતિચાર પાળવાથી, (૧૩) એક ક્ષણ કે લવ પ્રમાણ કાળમાં પણ સંવેગભાવ અને શુભ ધ્યાન (ધર્મ અને શુક્લ) ધ્યાવવાથી, (૧૪) બાર પ્રકારના તપથી નિર્જરા કરવાથી, (૧૫) અભયદાન, સુપાત્રદાન દેવાથી, (૧૬) ૧૦ પ્રકારની વૈયાવચ્ચ કરવાથી, (૧૭) ચતુર્વિધ સંઘને સમાધિ (સેવા, શોભા) દેવાથી.

**અપુવ્વ નાણગ્ગહણે, સુયભત્તી પવયણે પભાવણયા ।**

**એએહિં કારણેહિં, તિત્થયરત્તં લહઈ જીવો ॥૯॥**

**અન્વયાર્થ : અપુવ્વ** - અપૂર્વ, **નાણગ્ગહણે** - જ્ઞાન અભ્યાસ, **સુયભત્તી** - શ્રુતભક્તિ, **પવયણે** - પ્રવચન, **પભાવણયા** - પ્રભાવના, **એએહિં** - આવા, **કારણેહિં** - કારણો વડે, **તિત્થયરત્તં** - તીર્થંકરપણું, **લહઈ** - પામે છે, **જીવો** - જીવો.

**ભાવાર્થ :** (૧૮) નવું નવું અપૂર્વ તત્ત્વજ્ઞાન ભણવાથી, (૧૯) સૂત્ર સિદ્ધાંતની ભક્તિ (સેવા)

કરવાથી, (૨૦) પ્રવચનની પ્રભાવના કરવાથી (મિથ્યાત્વ નાશ અને સમકિત ઉદ્યોત કરવાથી). જીવો તીર્થંકરપણું પ્રાપ્ત કરે છે.

(ઉપર બતાવેલાં ૨૦ સ્થાનકોમાંથી એક અથવા અનેક સ્થાનકોનું વારંવાર સેવન કરવાથી જીવ અનંતાનંત કર્મોને ખપાવે છે અને તીર્થંકર નામગોત્ર કર્મ બાંધે છે.)

## જિનવચન પાલનનું ફળ

### (શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર અધ્યયન ૩૬ના આધારે)

**જિણવયણે અણુરત્તા, જિણવયણં જે કરંતિ ભાવેણં ।**

**અમલા અસંકિલિટ્ઠા, તે હોંતિ પરિત્તસંસારી ॥૧૦॥**

**અન્વયાર્થ : જિણવયણે** - જિનવચનમાં, **અણુરત્તા** - અનુરક્તતા, **જિણવયણં** - જિનવચનમાં, **જે** - જે, **કરંતિ** - પાલન કરે છે, **ભાવેણં** - ભાવપૂર્વક, **અમલા** - નિર્મળ, **અસંકિલિટ્ઠા** - રાગાદિ કલેશ રહિત, **તે** - તે, **હંતિ** - થાય છે, **પરિત્ત** - પરિમિત, **સંસારી** - સંસારવાળા.

**ભાવાર્થ :** જે જિનવચનમાં અનુરક્ત છે તથા જે જિનવચનનું ભાવપૂર્વક પાલન (આરાધન) કરે છે તે જીવો કર્મમળથી રહિત, તેમ જ રાગ-દ્વેષ આદિ કલેશ રહિત થઈને, પરિમિત સંસારવાળા થાય છે.

## જ્ઞાનીના જ્ઞાનનો સાર :

### (શ્રી સૂયગડાંગ સૂત્ર શ્રુતસ્કંધ ૧, અધ્યયન ૧ના આધારે)

**એવં ખુ નાણિણો સારં, જં ન હિંસઈ કિંચણં ।**

**અહિંસા સમયં ચેવ, એયાવત્તં વિયાણિયા ॥૧૧॥**

**અન્વશાર્થ : એવં** - એ જ, **ખુ** -ખરેખર, **નાણિણો** - જ્ઞાનીનો, **સારં** - સાર, **જં** - જે, **ન હિંસઈ** - હિંસા ન કરે, **કિંચણં** - કોઈની પણ, **અહિંસા** - અહિંસા, **સમયં** - સમતા, **ચેવ** - અને એ જ, **એયાવત્તં** - એ પ્રકારે, **વિયાણિયા** - જાણે.

**ભાવાર્થ :** જ્ઞાનીના જ્ઞાનનો ખરેખર એ જ સાર છે કે કોઈપણ જીવની હિંસા કરે નહીં અને સમ્યક્ પ્રકારે વિચારે કે 'અહિંસાથી જ સમતાની પ્રાપ્તિ થાય છે' એવું જાણીને જ્ઞાની કોઈને પીડા ઉપજાવે નહીં.

## સમ્યગ્દર્શની મિથ્યાત્વનું પાપ ન કરે

### (શ્રી આચારાંગ સૂત્ર શ્રુતસ્કંધ ૧, અધ્ય. ૩)

**જાઈં ચ વુડ્ઢિં ચ ઈહજ્જ પાસ, ભૂતેહિં જાણે પડિલેહ સાયં ।**

**તમ્હાતિવિજ્જો પરમં ત્તિ ણચ્ચા, સમ્મત્તદંસી ન કરેઈ પાવં ॥૧૨॥**

**અન્વાયાર્થ : જાઈં** - જન્મ, **ચ** - અને, **વુડ્ઢિં** - વૃદ્ધિને, **ચ** - અને, **ઈહ** - આ લોકમાં, **અજ્જ** -

આર્ય, **પાસ** - જુઓ, **ભૂતેહિં** - પ્રાણીઓના, **જાણે** - જાણીને, **પડિલેહ** - સમન્વય કર, **સાયં** - પોતાની શાતાનો, **તમ્હા** - તેથી, **અતિવિજ્જો** - અત્યંત વિદ્વાન, **પરમં ત્તિ** - મોક્ષમાર્ગને, **ણચ્ચા** - જાણી, **સમ્મત્તદંસી** - સમ્યગ્દર્શની, **ન કરેઈ** - ન કરે, **પાવં** - પાપ.

**ભાવાર્થ :** હે આર્ય! તું આ સંસારમાં જન્મ અને વૃદ્ધિ અર્થાત્ જન્મ મરણનાં દુ:ખોને જો. તું પ્રાણીઓના કર્મબંધ અને તેના વિપાકરૂપ દુ:ખને જાણી તેની સાથે પોતાનાં સુખદુ:ખનો સમન્વય કર. તેનાથી અત્યંત વિદ્વાન બનેલો સાધક મોક્ષને જાણી સમ્યક્ત્વદર્શી થઈ જાય છે. સમ્યક્ત્વદર્શી મિથ્યાત્વના પાપનું આચરણ કરતો નથી.

**ઉમ્મુંચ પાસં ઈહ મચ્ચિએહિં, આરંભજીવી ઉભયાણુપસ્સી ।**
**કામેસુ ગિદ્ધા ણિચયં કરંતિ, સંસિચ્ચમાણા પુણરિંતિ ગબ્ભં ॥૧૩॥**

**અન્વાયાર્થ : ઉમ્મુંચ** - તોડ, **પાસં** - બંધનો, **ઈહ** - આ સંસારમાં, **મચ્ચિએહિં** - મનુષ્યોની સાથે, **આરંભજીવી** - આરંભ સમારંભ કરીને જીવનાર, **ઉભય** - બન્ને, શારીરિક અને માનસિક, **અણુપસ્સી** - સુખનો ઈચ્છુક, **કામેસુ** - કામભોગમાં, **ગિદ્ધા** - આસકત થઈને, **ણિચયં** - કર્મનો સંગ્રહ, **કરંતિ** - કરે છે, **સંસિચ્ચમાણા** - સંગ્રહ કરવાથી, **પુણ** - વારંવાર, **ગબ્ભં** - ગર્ભમાં, **ઈંતિ** - પ્રાપ્ત થાય છે.

**ભાવાર્થ :** આ સંસારમાં મનુષ્ય આદિ સ્વજનનાં બંધનોને તોડ, કારણ કે શારીરિક અને માનસિક સુખનો કામી, આરંભ, સમારંભ કરીને જીવનાર, કામભોગોમાં આસકત રહેનાર, પાપકર્મનો સંચય કરે છે. કર્મસંગ્રહ થવાથી ફરી ફરીને ગર્ભમાં આવી જન્મ-મરણ કરે છે.

## સાધુ સાધ્વીની સેવા / સમાગમથી થતાં લાભ

**(શ્રી ભગવતી સૂત્ર શતક ૨, ઉદ્દેશો ૫) (અનુષ્ટુપ વૃત્ત)**

**સવણે નાણે ય વિન્નાણે, પચ્ચક્ખાણે ય સંજમે ।**
**અણાસવે તવે ચેવ, વોદાણે અકિરિયા સિદ્ધિ ॥૧૪॥**

**અન્વાયાર્થ : સવણે** - શ્રવણ, **નાણે** - જ્ઞાન, **ય** - અને, **વિન્નાણે** - વિજ્ઞાન, **પચ્ચક્ખાણે** - પ્રત્યાખ્યાન, **ય** - અને, **સંજમે** - સંયમ, **અણાસવે** - અનાશ્રવ, **તવે** - તપ, **ચેવ** - અને એ જ, **વોદાણે** - નિર્જરા, **અકિરિયા** - અક્રિયા, યોગનિરોધ, **સિદ્ધિ** - મોક્ષ ફળ.

**ભાવાર્થ :** સંત સમાગમથી, (૧) તીર્થંકરે કહેલ ધર્મનું શ્રવણ થાય, (૨) શ્રવણથી શ્રુતજ્ઞાન થાય, (૩) તેના ચિંતન, મનનથી હેય અને ઉપાદેય રૂપ વિજ્ઞાન થાય, (૪) ૧૮ પાપના પ્રત્યાખ્યાન કરવાના ભાવ થાય, (૫) પ્રત્યાખ્યાન દ્વારા કોઈ શ્રાવક બને અથવા સાધુ બને, આમ 'સંયમ ફળ' મળે, (૬) પાપ પ્રવાહ અટકવાથી જીવ 'અનાશ્રવી' થાય, (૭) આવો અનાશ્રવી તપનું આરાધન કરે, (૮) તપથી પૂર્વસંચિત કર્મ બોદા થાય, તેથી કર્મ નિર્જરા થાય, (૯) એવો અલ્પકર્મી જીવ ત્રણ યોગોનું રુંધન કરી 'અક્રિય' બને, (૧૦) આવો આત્મા સર્વ

કર્મોનો ક્ષય કરી મોક્ષને પ્રાપ્ત કરે છે.

## જગતની સારભૂત વસ્તુ (આર્યાવૃત્ત)

**સારં દંસણ નાણં, સારં તવ-નિયમ-સંજમ-સીલં।**
**સારં જિણવર ધમ્મં, સારં સંલેહણા-પંડિય મરણં ॥૧૫॥**

**અન્યવાર્થ : સારં** - સાર, **દંસણ** - દર્શન, **નાણં** - જ્ઞાન, **સારં** - સાર, **તવ** - તપ, **નિયમ** - નિયમ, **સંજમ** - સંયમ, **સીલં** - શીયળ, **જિણવર** - જિનેશ્વર, **ધમ્મં** - પ્રરૂપિત ધર્મ, **સંલેહણા** - સંથારો, **પંડિય** - પંડિત, **મરણં** - મરણ.

**ભાવાર્થ :** સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, ૧૨ પ્રકારનાં તપ, દશ પ્રકારનાં પચ્ચક્ખાણ રૂપ નિયમ, સત્તર પ્રકારનો સંયમ, નવવાડ વિશુદ્ધ બ્રહ્મચર્યનું પાલન, જિનેશ્વર પ્રરૂપિત ધર્મ, સંલેખણા-સંથારો અને પંડિતમરણ એ જ જગતના સર્વ પદાર્થોને વિશે સારભૂત અને આત્મકલ્યાણકારી પદાર્થો છે કારણ પંડિતમરણ થવાથી જીવનો મોક્ષ થઈ જાય છે.

## જીવદયાનો મહિમા અને તેનું ફળ (અનુષ્ટુપ વૃત્ત)

**કલ્લાણ કોડિ-કારિણી, દુગ્ગઈ-દુહ-નિહુવણી।**
**સંસાર જલ-તારિણી, એગંત હોઈ જીવદયા ॥૧૬॥**

**અન્વયાર્થ : કલ્લાણ** - કલ્યાણ, **કોડિ** - ક્રોડો, **કારિણી** - કરનારી, **દુગ્ગઈ** - દુર્ગતિ, **દુહ** - દુ:ખોને, **નિહુવણી** - દૂર કરનારી, **સંસાર જલ** - સંસાર - સમુદ્ર, **તારિણી** - તારનારી, **એગંત** - એકમાત્ર, **હોઈ** - જ છે, **જીવદયા** - જીવદયા.

**ભાવાર્થ :** કરોડો પ્રકારે જીવોનું કલ્યાણ કરવાવાળી, નરક-તિર્યંચ આદિ દુર્ગતિને અને સંસારનાં દુ:ખોને દૂર કરનારી, સંસારસમુદ્રથી તારનારી, જો કોઈ હોય તો એકમાત્ર જીવદયા જ છે.

## સંયમના વિનાશના હેતુ (આર્યાવૃત્ત)

**આરંભે નત્થિ દયા, મહિલા સંગેણ નાસઈ બંભં।**
**સંકાએ સમ્મત્તં નાસઈ, પવજ્જા-અત્થગહણેણં ચ ॥૧૭॥**

**અન્વયાર્થ : આરંભે** - આરંભમાં, **નત્થિ** - નથી, **દયા** - દયા, **મહિલા** - સ્ત્રી, **સંગેણ** - સંગથી, **નાસઈ** - નાશ થાય, **બંભં** - બ્રહ્મચર્યનો, **સંકાએ** - શંકાથી, **સમ્મત્તં** - સમકિત, શ્રદ્ધા, **નાસઈ** - નાશ થાય, **પવજ્જા** - પ્રવ્રજર્યા, દીક્ષા, **અત્થ** - અર્થ/વિષય, **ગહણેણં** - ગ્રહણ કરવાથી, **ચ** - અને.

**ભાવાર્થ :** આરંભ કરવાથી દયા પળાતી નથી. સ્ત્રીનો સંગ કરવાથી બ્રહ્મચર્ય વ્રતનો નાશ થાય છે. જિનવચનમાં શંકા રાખવાથી સમકિતનો નાશ થાય છે. ધન આદિ પરિગ્રહ તથા શબ્દ, રૂપ, ગંધ, રસ અને સ્પર્શ - એ પાંચ કામગુણરૂપ અર્થમાં આસક્ત થવાથી સંયમનો નાશ

થાય છે. **પ્રમાદ અનર્થકારી છે.**

**મજ્જ વિસયકસાયા, નિદ્દા વિકહા ય પંચમી ભણિયા ।**

**એ એ પંચપ્પમાયા, જીવા પાડંતિ સંસારે ॥૧૮॥**

**અન્વયાર્થ : મજ્જ** - મદ્ય, **વિસય** - વિષય, **કસાયા** - કષાય, **નિદ્દા** - નિદ્રા, **વિકહા** - વિકથા, **ય** - અને, **પંચમી** - પાંચને, **ભણિયા** - કહ્યા છે, **એ એ** - એક એક, **પંચપ્પમાયા** - પાંચ પ્રમાદ, **જીવા** - જીવને, **પાડંતિ** - પાડે છે, **સંસારે** - સંસારમાં.

**ભાવાર્થ :** (૧) મદ્ય (જેની આદત પડી જાય તેવા નશાકારી પદાર્થ વગેરે), (૨) પાંચ ઈન્દ્રિયના ૨૩ વિષય, (૩) ચાર કષાયના ભાવ, (૪) નિદ્રા અને (૫) સ્ત્રીકથા આદિ ચાર વિકથા, એ પાંચ પ્રમાદ આત્માને આ સંસારચક્રમાં ભમાવે છે.

## ધર્મની દુર્લભતા (અનુષ્ટુપ વૃત્ત)

**લબ્ભંતિ વિમલાભોએ, લબ્ભંતિ સુરસંપયા ।**

**લબ્ભંતિ પુત્તમિત્તં ચ, એગો ધમ્મો ન લબ્ભઈ ॥૧૯॥**

**અન્વયાર્થ : લબ્ભંતિ** - મળી શકે, **વિમલા** - વિપુલ, **ભોએ** - ભોગો, **લબ્ભંતિ** - મળી શકે, **સુરસંપયા** - દેવસંપત્તિ, **લબ્ભંતિ-** મળી શકે, **પુત્ત** - પુત્ર, **મિત્તં** - મિત્ર, **ચ** - અને, **એગો** - એક, **ધમ્મો** - ધર્મ, **ન** - નથી, **લબ્ભઈ** - મળતો.

**ભાવાર્થ :** આ જીવને પૂર્વે અનેકવાર મનુષ્યના મનોરમ કામભોગો પ્રાપ્ત થયેલ છે. દેવભવ તથા દિવ્ય સંપદા પણ પ્રાપ્ત થઈ છે. પુત્ર, મિત્ર, કલત્ર આદિ પણ અનેકવાર મળ્યા છે, પરંતુ જીવને જિનધર્મની પ્રાપ્તિ થવી અતિ દુર્લભ છે.

## આત્માની એકત્વ ભાવના

**એગોડહં નત્થિ મે કોઈ, નાહમન્નસ્સ કસ્સઈ ।**

**એવં અદીણમણસા, અપ્પાણ-મણુ સાસઈ ॥૨૦॥**

**અન્વયાર્થ : એગો** - એક, **અહં** - હું છું, **નત્થિ** - નથી, **મે** - મારું, **કોઈ** - કોઈપણ, **નાહં** - હું પણ નથી, **અન્નસ્સ** - બીજા, **કસ્સઈ** - કોઈનો, **એવં** - એમ, **અદીણ** - દીનતા લાવ્યા વગર, **મણસા** - મનમાં, **અપ્પાણં** - આત્માનું, **અણુસાસઈ** - અનુશાસન કરે.

**ભાવાર્થ :** હું એકલો છું, મારું કોઈ નથી તેમ જ હું પણ કોઈ બીજાનો નથી. એમ મનમાં દીનતા લાવ્યા વિના સમાધિસ્થ, શાંતચિત્તે નિર્મમત્વ ભાવે પોતે પોતાના આત્માનું અનુશાસન કરે.

**એગો મે સાસઓ અપ્પા, નાણદંસણ સંજુઓ ।**

**સેસા મે બહિરા ભાવા, સવ્વ સંજોગ લક્ખણા ॥૨૧॥**

**અન્વયાર્થ : એગો** - એકલો, **મે** - મારો, **સાસઓ** - શાશ્વત, **અપ્પા** - આત્મા, **નાણ** - જ્ઞાન, **દંસણ** - દર્શન, **સંજુઓ** - સંયુક્ત, **સેસા** - શેષ, બાકીના, **મે** - મારો, **બહિરા** - બાહ્ય, **ભાવા** - ભાવ, **સવ્વ** - સર્વ, **સંજોગ** - સંયોગરૂપ, ધન, કુટુંબ આદિ, **લક્ખણા** - લક્ષણવાળા.

**ભાવાર્થ :** મારો આત્મા એકલો છે, શાશ્વત છે, જ્ઞાન-દર્શનથી યુક્ત છે. તેના સિવાય બધા બાહ્ય ભાવ છે, સર્વ સંયોગરૂપ લક્ષણવાળા છે.

## વીતરાગી મુનિ જ એકાંત સુખી

**ન વિ સુહી દેવતા દેવલોએ, ન વિ સુહી પુઢવીપઈ-રાયા ।**
**ન વિ સુહી સેઠ-સેણાવઈ ય, એગંત સુહી મુણી વીયરાગી ॥૨૨॥**

**અન્વયાર્થ : ન** - નથી હોતા, **વિ** - પણ, **સુહી** - સુખી, **દેવતા** - દેવો, **દેવલોએ** - દેવલોકમાં, **પુઢવીપઈ** - પૃથ્વીપતિ, **રાયા** - રાજા, **સેઠ** - શેઠ, **સેણાવઈ** - સેનાપતિ, **ય** - અને, **એગંત** - એકાંતે, **સુહી** - સુખી, **મુણી** - મુનિ, **વીયરાગી** - વીતરાગી.

**ભાવાર્થ :** અધિક પ્રાપ્તિની આકાંક્ષાવાળા દેવલોકના દેવો, પૃથ્વીપતિ ચક્રવર્તી આદિ રાજાઓ, શ્રીમંત શેઠો અને મહાસત્તાશાળી સેનાપતિઓ પણ કર્મ સંયોગે સુખનો અનુભવ કરી શક્તા નથી, પરંતુ આકાંક્ષા રહિત, નિઃસ્પૃહ, વીતરાગી મુનિઓ જ એકાંત સુખી છે.

## તારવા જેવો / જીતવા જેવો એક સ્વ આત્મા

**(શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર અધ્યયન ૧૯ના આધારે)**

**એવં લોએ પલિત્તમ્મિ, જરાએ મરણેણ ય ।**
**અપ્પાણં તારઈસ્સામિ, તુબ્ભેહિં અણુ મણ્ણિઓ ॥૨૩॥**

**અન્વયાર્થ : એવં** - એ પ્રમાણે, **લોએ** - સંસાર, લોક, **પલિત્તમ્મિ** - બળી જળી રહ્યો છે, **જરાએ** - વૃદ્ધાવસ્થાથી, **મરણેણ** - મરણથી, **ય** - અને, **અપ્પાણં** - આત્માને, **તારઈસ્સામિ** - હું તારીશ, **તુબ્ભેહિં** - આપની, અણુમણ્ણિઓ (અનુજ્ઞાથી).

**ભાવાર્થ :** હે માતા ! આ લોક જન્મ, જરા, રોગ, મરણરૂપ દુઃખથી બળી જળી રહ્યો છે, પીડાઈ રહ્યો છે. આપની અનુજ્ઞા લઈને વીતરાગ માર્ગ પર ચાલીને આ સળગતા સંસારમાંથી હું મારા આત્માને તારી લઈશ.

**(શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર અધ્યયન ૨૩ના આધારે)**

**એગે જિએ જિયા પંચ, પંચ જિએ જિયા દસ ।**
**દસહા ઉ જિણિત્તાણં, સવ્વ સત્તુ જિણામહં ॥૨૪॥**

**અન્વયાર્થ : એગે** - એક, બહિરાત્માને, **જિએ** - જીતવાથી, **જિયા** - જિતાય છે, **પંચ** - **પાંચ**

- ચાર કષાય અને મન, **પંચ જિએ** - પાંચને જીતવાથી, **જિયા** - જિતાય છે, **દસ** - દશ-ચાર કષાય, મન અને પાંચ ઈન્દ્રિય, **દસહા ઉ** - એ દશને, **જિણિત્તાણં** - જીતીને, **સવ્વ** - સર્વ, **સત્તુ** - શત્રુને, **જિણામહં** - મેં જીતી લીધા છે.

**ભાવાર્થ :** એક બહિરાત્માને જીતવાથી ચાર કષાયો અને પાંચમું મન જીતી શકાય છે. એ પાંચને જીતવાથી ચાર કષાય, મન અને પાંચ ઈન્દ્રિય એ દશને જીતી શકાય છે. એ દશને જીતવાથી આત્માના સર્વ શત્રુને મેં જીતી લીધા છે.

**નગરી સોહંતી જલ-વૃક્ષ-બાગા, રાજા સોહંતા ચતુરંગી સેના ।**
**નારી સોહંતી સુશીલવંતી, સાધુ સોહંતા નિરવદ્ય વાણી ॥૨૫॥**

**અન્વયાર્થ : નગરી** - નગર, **સોહંતી** - શોભે છે, **જલ** - પાણી, **વૃક્ષ** - ઝાડ, **બાગા** - બગીચા, **રાજા** - રાજા, **સોહંતા** - શોભે છે, **ચતુરંગી સેના** - ચારસેનાથી, **નારી** - સ્ત્રી, **સોહંતી** - શોભે છે, **સુશીલવંતી** - પરપુરુષ ત્યાગી, **સાધુ** - સાધુ, **સોહંતા** - શોભે છે, **નિરવદ્ય** - નિર્દોષ, **વાણી** - વાણીથી.

**ભાવાર્થ :** જળાશયો તેમ જ સરોવરથી, છાયા પ્રધાન વટવૃક્ષોથી તથા લતા મંડપોવાળા બાગોથી નગરી શોભે છે. હાથી, ઘોડા, રથ અને પાયદળ એ ચતુરંગિણી સેનાથી રાજા શોભે છે શિયળવંતી નારી સંસારમાં શોભે છે. તે જ પ્રમાણે નિર્વદ્ય, નિર્દોષ વાણીથી સાધુજનો શોભે છે.

**ચૌદ પૂરવધાર કહીયે, જ્ઞાન ચાર વખાણીએ ।**
**જિન નહીં પણ જિન સરીખા, સુધર્માસ્વામી જાણીએ ॥૨૬॥**

**અન્વયાર્થ :** શ્લોક ગુજરાતીમાં હોવાથી અન્વયાર્થ આપેલ નથી.

**ભાવાર્થ :** પંચમ ગણધર સુધર્મા સ્વામી ચાર જ્ઞાન (મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને મન:પર્યવજ્ઞાન) સહિત તથા ચૌદ પૂર્વધર હતા. તેઓ જિનેશ્વર ભગવાન ન હતા છતાં પણ જિન સમાન હતા.

**માત પિતા કુળ જાત નિર્મળ, રૂપ અનુપ વખાણીએ ।**
**દેવતાને વલ્લભ લાગે, એવા જંબૂ સ્વામી જાણીએ ॥૨૭॥**

**અન્વયાર્થ :** શ્લોક ગુજરાતીમાં હોવાથી અન્વયાર્થ આપેલ નથી.

**ભાવાર્થ :** શ્રી સુધર્મા સ્વામીના શિષ્ય શ્રી જંબૂસ્વામી નિર્મળ જાતિ તથા કુળ સંપન્ન હતા. (માતૃપક્ષને જાતિ અને પિતૃપક્ષને કુળ કહે છે). તેઓ અનુપમ તેજ, કાંતિથી યુક્ત હતા. તેઓનાં દર્શન દેવોને પણ વલ્લભ - ઈષ્ટ, કાંત અને પ્રિય હતા. (આ પાંચમા આરાના અંતિમ કેવળી હતા).

**રુપ અનુપમ નહીં કોઇ તોલે, વાણી સુણંતા શીવસુખ હોય ।**
**દેહ સુગંધી રહે પુષ્ફવાસા, ચોસઠ ઈન્દ્ર કરે અરદાસા ॥૨૮॥**

**અન્વયાર્થ : સુણંતા** - સાંભળતા, **પુષ્ફવાસા** - પુષ્પની સુગંધ, **અરદાસા** - સેવા, બાકીના શબ્દોના ભાવાર્થ સરળતાથી સમજાય તેવી ગુજરાતીમાં છે.

**ભાવાર્થ :** તીર્થંકર ભગવંતના અનુપમ દેહ-લાવણ્યની તોલે જગતની કોઈ વસ્તુ આવી શકતી નથી. તેમની વાણી સાંભળતાં મોક્ષસુખની પ્રાપ્તિ થાય છે. તેમનો શ્વાસોચ્છ્વાસ અને દેહ પદ્મકમળની સુગંધ જેવો છે. તેમની સેવા, ભક્તિમાં ૬૪ ઈન્દ્રો હંમેશાં વિચરે છે.

**અશોક વૃક્ષ સુરપુષ્પ વૃષ્ટિ, દિવ્યધ્વનિશ્ચામરમાસનં ચ ।**
**ભામંડલ દુંદૂભિરાતપત્રં, સત્પ્રાતિહાર્યાણિ જિનેશ્વરાણાં ॥૨૯॥**

**અન્વયાર્થ : સુરપુષ્પ** - દિવ્ય પુષ્પ, **ચામરં** - ચામર, **આસનં** - આસન, **આતપત્રં** - છત્ર, **સત્** - હોય છે, **પ્રાતિહાર્યાણિ** - અષ્ટ પ્રતિહાર્ય, **જિનેશ્વરાણાં** - જિનેશ્વરને.

**ભાવાર્થ :** (૧) અશોક વૃક્ષ, (૨) દિવ્ય પુષ્પોની વૃષ્ટિ, (૩) દિવ્ય ધ્વનિ, (૪) ચામર વીંઝાવા, (૫) મણિજડિત સ્ફટિકનું સિંહાસન, (૬) ભામંડલ, (૭) દેવ દુંદુભી તથા, (૮) પ્રભુના મસ્તક ઉપર ત્રણ છત્ર ધરાય, આ પ્રમાણે તીર્થંકરોને આઠ પ્રતિહાર્ય હોય છે.

(પ્રતિહાર્ય - વિશિષ્ટ ઉદયે મળેલી ઋદ્ધિ)

**ઈતિ પ્રાસ્તાવિક ગાથાઓ.**

# અસંખયં (અસંસ્કૃત) અધ્યયન ચોથું

## શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર

**અસંખયં જીવિય મા પમાયએ, જરોવણીયસ્સ હુ ણત્થિ તાણં ।**
**એવં વિયાણાહિ જણે પમત્તે, કિણ્ણુ વિહિંસા અજયા ગહિંતિ ॥૧॥**

**અન્વયાર્થ : અસંખયં** - તુટ્યા પછી ન સંધાય તેવું, **જીવિય** - આ જીવન, **મા** - ન, **પમાયને** - પ્રમાદ કરો, **જરોવણીયસ્સ** - વૃદ્ધાવસ્થા આવતાં, **હુ** - નિશ્ચયથી, **ણત્થિ** - નથી, **તાણં** - શરણું, **એવં** - આ પ્રમાણે, **વિયાણાહિ** - જાણીને, **જણે** - પુરુષ અંત સમયે, **પમત્તે** - પ્રમાદી, **કિણ્ણુ** - કોનું, **વિહિંસા** - હિંસક, **અજયા** અસંયમી, **ગહિંતિ** -ગ્રહણ કરશે,

**ભાવાર્થ :** આ જીવન અસંસ્કૃત છે, એટલે કે એકવાર તૂટ્યા પછી સાંધી શકાતું નથી માટે હે જીવ ! પ્રમાદ ન કર. વૃદ્ધાવસ્થામાં નિશ્ચયથી કોઈ ધન, સ્વજન આદિ શરણભૂત થતું નથી. માટે આ પ્રમાણે જાણો કે પ્રમાદી, હિંસામાં રત, અસંયમી પુરુષો અંત સમયમાં કોનું શરણ ગ્રહણ કરશે ?

**જે પાવકમ્મેહિં ધણં મણૂસા, સમાયયંતિ અમઈ ગહાય ।**
**પહાય તે પાસ-પયટ્ટિએ નરે, વેરાણુંબદ્ધા ણરયં ઉવેંતિ ॥૨॥**

**અન્વાયાર્થ : જે** - જે, **પાવકમ્મેહિં** - પાપકર્મોથી, **ધણં** - ધનને, **મણૂસા** - મનુષ્ય, **સમાયયંતિ** - સંચય કરે છે, **અમઈ** - અમૃત સમજી, **ગહાય** - ગ્રહણ કરી, **પહાય** - છોડીને, **તે** - તે, **પાસ** - જાળ, **પયટ્ટિએ** - ફસાયેલા, **નરે** - મનુષ્ય, **વેરાણુબદ્ધા** - વેરભાવને બાંધતો, **ણરયં** - નરકમાં, **ઉવેંતિ** - ઉત્પન્ન થાય.

**ભાવાર્થ :** જે મનુષ્ય પાપકર્મ દ્વારા ધનને પ્રાપ્ત કરી તેને, અમૃત સમાન સમજી તેનો સંચય કરે છે, તે સંસારની સ્નેહજાળમાં ફસાયેલો તથા ઘણા જીવોની સાથે વેરભાવને બાંધતો, ધનને છોડીને અંતે નરકમાં ઉત્પન્ન થાય છે, ત્યારે તે ધન તેને શરણરૂપ થતું નથી.

**તેણે જહા સંધિમુહે ગહિએ, સકમ્મુણા કિચ્ચઈ પાવકારી ।**
**એવું પયા પેચ્ચ ઈહં ચ લોએ, કડાણ કમ્માણ ણ મોક્ખ અત્થિ ॥૩॥**

**અન્વાયાર્થ : તેણે** - ચોર, **જહા** - જેવી રીતે, **સંધિમુહે** - બે ઘરની સંધિ થાય તેજગ્યાએ, **ગહિએ** - પકડાઈ જાય, **સકમ્મુણા** - પોતાનાં જ કર્મોથી, **કિચ્ચઈ** - દુ:ખી, **પાવકારી** - પાપકારી, **એવં** - એ પ્રમાણે, **પયા** - જીવ, **પેચ્ચ** - પરલોક, **ઈહં** - આ, **ચ** - અને, **લોએ** - લોક, **કડાણ** - કરેલ, **કમ્માણ** - કર્મો, **ણ અત્થિ** - નથી થતો, **મોક્ખ** - મોક્ષ - છુટકારો.

**ભાવાર્થ :** જે પ્રકારે સંધિમુખ, ખાતર (બાકોરું) ના મુખને વિશે પકડાયેલો ચોર પોતાનાં જ પાપકર્મે કરી પીડાય છે, તે જ રીતે આ જીવ, આ લોક તથા પરલોકને (નરક આદિ) વિશે

પોતાનાં કરેલાં (સ્વયંકૃત) કર્મોથી દુ:ખી થાય છે, કારણ કે ફળ ભોગવ્યા વિના, કરેલાં કર્મોથી છુટકારો થતો નથી.

**સંસાર માવણ્ણ પરસ્સ અટ્ઠા, સાહારણં જં ચ કરેઈ કમ્મં ।**

**કમ્મસ્સ તે તસ્સ ઉ વેયકાલે, ન બંધવા બંધવયં ઉવેંતિ ॥૪॥**

**અન્વયાર્થ : સંસારં** - સંસારમાં, **આવણ્ણ** - આવીને પોતાના માટે, **પરસ્સ** - પરને, **અટ્ઠા** - અર્થે, **સાહારણં** - સહાયક થવા, **જં** - જ, **ચ** - અને, **કરેઈ** - કરે છે, **કમ્મં** - કાર્ય, કર્મ, **કમ્મસ્સ** - કર્મો, **તસ્સ** - તે, **ઉ** - નિશ્ચયથી, **વેયકાલે** - ભોગવવાના સમયે, **તે બંધવા** - તે સ્વજન, ભાઈબંધુ આદિ, **બંધવયં** - બંધુતા, **ન ઉવેંતિ** - બતાવતા નથી.

**ભાવાર્થ :** આ સંસારને પામીને જીવ પોતાના માટે કે બીજાને માટે (કુટુંબ, જ્ઞાતિ, સમાજ વગેરે) જે કર્મ કરે છે તે કર્મનાં ફળ ભોગવવાનાં સમયે નિશ્ચયથી તે સ્વજન, ભાઈબંધુ બંધુતાનું પાલન કરતા નથી અર્થાત્ પોતે કરેલાં કર્મનું ફળ પોતે એકલાએ જ ભોગવવું પડે છે.

**વિત્તેણ તાણં ણ લભે પમત્તે, ઈમમ્મિ લોએ અદુવા પરત્થા ।**

**દીવપ્પણટ્ઠે વ અણંતમોહે, નેયાઉયં દટ્ઠુમદટ્ઠુમેવ ॥૫॥**

**અન્વાવાર્થ : વિત્તેણ** - ધનથી, **તાણં** - શરણ, **ણ** - નથી, **લભે** - પામતો, **પમત્તે** - પ્રમાદી, **ઈમમ્મિ** - આ, **લોએ** - લોકમાં, **અદુવા** - અથવા, **પરત્થા** - પરલોકમાં, **દીવપ્પણટ્ઠે** - દીવો બુઝાઈ જવાથી, **વ** - જેમ, **અણંતમોહે** - અનંત મોહના કારણે, **નેયાઉયં** - મોક્ષમાર્ગને, **દટ્ઠું** - જોતો હોય છતાં, **અદટ્ઠું** - દેખતો નથી, **એવ** - પણ.

**ભાવાર્થ :** પ્રમાદી - અધર્મી જીવોને ધન આ લોક કે પરલોકમાં શરણરૂપ થતું નથી. દીવો બુઝાઈ જતાં અજવાળામાં જોયેલો માર્ગ પણ દેખાતો નથી. તે જ રીતે અનંત મોહના કારણે સમ્યગ્જ્ઞાન, દર્શનરૂપ દીપક બુઝાઈ જતાં, મોક્ષમાર્ગ તેને દેખાતો નથી.

**સુત્તેસુ યાવી પડિબુદ્ધ જીવી, નો વીસસે પંડિએ આસુપણ્ણે ।**

**ઘોરા મુહુત્તા અબલં સરીરં, ભારંડ-પક્ખી વ ચરેપ્પડમત્તે ॥૬॥**

**અન્વયાર્થ : સુત્તેસુ** - સૂતેલા, **યાવી** - વચ્ચે રહેતા થકા, **પડિબુદ્ધ જીવી** - પ્રતિક્ષણે જાગૃત રહીને જીવનાર, **નો વીસસે** - એક ક્ષણનો વિશ્વાસ કરતા નથી, **પંડિએ** - પંડિત, **આસુપણ્ણે** - આસુપ્રજ્ઞ, **ઘોરા** - ભયંકર, **મુહુત્તા** - મુહૂર્તરૂપી કાળ, **અબલં** - દુર્બળ, **સરીરં** - શરીર, **ભારંડ - પક્ખી**- ભારંડ પક્ષી, **વ** - જેમ, **ચરેપ્પડમત્તે** - અપ્રમત્તપણે વિચરે.

**ભાવાર્થ :** પ્રમાદમાં સૂતેલા લોકોની વચ્ચે વિચક્ષણ જ્ઞાની પ્રતિક્ષણ જાગૃત રહે છે. કાળનો વિશ્વાસ કરતા નથી, કારણ કે મુહૂર્તરૂપી કાળ વિકરાળ છે અને આ શરીર દુર્બળ છે. એથી સાધક ભારંડ પક્ષીની જેમ પ્રમાદ રહિત વિચરે

**ચરે પયાઈં પરિસંકમાણો, જં કિંચિ પાસં ઈહ મણણમાણો ।**
**લાભંતરે જીવિય બૂહઈત્તા, પચ્છા પરિણણાય મલાવધંસી ॥૭॥**

**અન્વયાર્થ : ચરે** - વિચરે, **પયાઈં** - ડગલે ને પગલે, **પરિસંકમાણો** - ધ્યાન રાખતો, **જં કિંચિ** - ત્યાં સુધી, યત્કિંચિત, **પાસં** - બંધન, **ઈહ** - અહીં, **મણણમાણો** - માનતો થકો, **લાભંતરે** - લાભને માટે, **જીવિય** - જીવનને, **બૂહઈત્તા** - સુરક્ષિત રાખે, **પચ્છા** - પાછળથી, **પરિણણાય** - પરિજ્ઞા, **મલાવધંસી** - મળ ભરેલું શરીર ત્યાગે.

**ભાવાર્થ :** સાધક, સંસારને બંધનરૂપ સમજી ડગલે ને પગલે દોષોની સંભાવનાને ધ્યાનમાં રાખીને વિચરે. શરીર દ્વારા જ્ઞાન, ધ્યાન આદિ ગુણોનો લાભ થતો હોય ત્યાં સુધી સંયમ જીવનને સુરક્ષિત રાખે. મૃત્યુના અવસરે જ્ઞ પરિજ્ઞા દ્વારા શરીરને ધર્મસાધનને અયોગ્ય સમજીને પ્રત્યાખ્યાન પરિજ્ઞા દ્વારા આહારનો ત્યાગ કરી મળ, મૂત્રથી ભરેલા ઔદારિક શરીરનો ત્યાગ કરે.

**છંદં નિરોહેણ ઉવેઈ મોક્ખં, આસે જહા સિક્ખિય વમ્મધારી ।**
**પુવ્વાઈં વાસાઈં ચરેડપ્પમત્તો, તમ્હા મુણી ખિપ્પમુવેઈ મોક્ખં ॥૮॥**

**અન્વયાર્થ : છંદં** - સ્વચ્છંદ, **નિરોહેણ** - નિરોધ, ત્યાગી, **ઉવેઈ** - પ્રાપ્ત કરે, **મોક્ખં** - મોક્ષ, **આસે** - ઘોડો, **જહા** - જેમ, **સિક્ખિય** - કેળવાયેલો, **વમ્મધારી** - કવચ ધારી, **પુવ્વાઈં** - પૂર્વ, **વાસાઈં** - વર્ષો, **ચરે** - વિચરે, **અપ્પમત્તો** - અપ્રમાદપણે, **તમ્હા** - તેવી રીતે, **મુણી** - મુનિ, **ખિપ્પં** - શીઘ્ર, **ઉવેઈ** - પ્રાપ્ત કરે, **મોક્ખં** - મોક્ષ.

**ભાવાર્થ :** જેમ કેળવાયેલો અને કવચધારી ઘોડો યુદ્ધમાં શત્રુ ઉપર વિજય પ્રાપ્ત કરે છે તેમ ગુરુઆજ્ઞામાં પૂર્વ ક્રોડ વર્ષ સુધી પ્રમાદ રહિત થઈને વિચરવાથી અને સ્વચ્છંદ ત્યાગથી મુનિ શીઘ્રતાથી મોક્ષને પ્રાપ્ત કરે છે.

**સ પુવ્વમેવં ન લભેજ્જ પચ્છા, એસોવમા સાસયવાઈયાણં ।**
**વિસીયઈ સિઢિલે આઉયમ્મિ, કાલોવણીએ સરીરસ્સ ભેએ ॥૯॥**

**અન્વાયાર્થ : સ** - તે, **પુવ્વં** - શરૂઆતથી, **એવં** - આ પ્રમાણે, **ન લભેજ્જ** - નથી પ્રાપ્ત કરતો, **એસોવમા** - એવો મત, **સાસયવાઈયાણં** - શાશ્વતવાદી, **વિસીયઈ** - વિષાદ પામે, **સિઢિલે** - શિથિલ થતા, **આઉયમ્મિ** - આયુષ્ય, **કાલોવણીએ** - મૃત્યુ સમય પર, **સરીરસ્સ** - શરીરના, **ભેએ** - નાશ.

**ભાવાર્થ :** જે જીવો અપ્રમાદિ થઈ ઉપરોક્ત રીતે શરૂઆતથી ધર્માચરણ નથી કરતા અને 'પાછલી અવસ્થામાં ધર્મ કરીશું' એમ વિચારે છે, તેઓ પછી પણ ધર્મ કરી શક્તા નથી. શાશ્વતવાદી - કંઈ જ નાશ નથી પામતું તેવા મતવાળા કદાચ આવું કહી શકે પણ આયુષ્ય શિથિલ થતાં તથા મૃત્યુકાળ નજીક આવતાં, શરીરનાશના સમયે તેઓ વિષાદને પ્રાપ્ત કરે છે.

**ખિપ્પં ન સક્કેઈ વિવેગમેઉં, તમ્હા સમુટ્ઠાય પહાય કામે ।**
**સમિચ્ચ લોગં સમયા મહેસી, આયાણુ રક્ખી ચરેડપ્પમત્તો ॥૧૦॥**

**અન્વયાર્થ : ખિપ્પં** - શીઘ્ર, **ન સક્કેઈ** - શક્ય નથી, **વિવેગમેઉં** - વિવેક પ્રાપ્ત કરવો, **તમ્હા** - તેથી, **સમુટ્ઠાય** - સાવધાનીથી, **પહાય** - ત્યાગીને, **કામે** - કામભોગને, **સમિચ્ચ** - જાણીને, **લોગં** - લોક સ્વરૂપને, **સમયા** - સમભાવે, **મહેસી** - મહર્ષિ, મોક્ષાર્થી, **આયાણુરક્ખી** - આત્મરક્ષક, **ચરે** - વિચરે, **અપ્પમત્તો** - અપ્રમાદીપણે.

**ભાવાર્થ :** શીઘ્રતાથી વિવેક (કષાયત્યાગ) પ્રાપ્ત થવો શક્ય નથી. માટે દુર્ગતિથી પોતાના આત્માની રક્ષા કરવાવાળા મોક્ષાર્થી મુનિ કામભોગને ત્યાગી, લોકના સ્વરૂપને સમભાવપૂર્વક જાણી, અપ્રમાદી થઈને સાવધાની પૂર્વક વિચરે.

**મુહું મુહું મોહગુણે જયંતં, અણેગ-રુવા સમણં ચરંતં ।**
**ફાસા ફુસંતી અસમંજસં ચ, ન તેસુ ભિક્ખૂ મણસા પઉસ્સે ॥૧૧॥**

**અન્વયાર્થ : મુહું મુહું** - નિરંતર, **મોહગુણે** - મોહગુણ, **જયંતં** - જીતતો, **અણેગ-રુવા** - અનેક સ્વરુપના, **સમણં** - શ્રમણ, સાધુ, **ચરંતં** - વિચરતા, **ફાસા** - સ્પર્શે, **ફુસંતી** - પીડા આપે, **અસમંજસં** - પ્રતિકૂળ, **ચ** - અને, **તેસુ** - તેના પર, **ભિક્ખૂ** - સાધુ, **મણસા** - મનથી, **ન પઉસ્સે** - દ્વેષ ન કરે.

**ભાવાર્થ :** નિરંતર શબ્દ આદિ મોહગુણને જીતતા, સંયમમાં વિચરતા સાધુને અનેક પ્રકારના શબ્દ આદિ વિષય, પ્રતિકૂળ રૂપથી પીડા આપે છે, છતાં પણ સાધુ તેના ઉપર મનથી પણ દ્વેષ ન કરે.

**મંદા ય ફાસા બહુલોહણિજ્જા, તહપ્પગારેસુ મણં ન કુજ્જા ।**
**રક્ખેજ કોહં વિણએજ્જ માણં, માયં ન સેવેજ્જ પહેજ્જ લોહં ॥૧૨॥**

**અન્વયાર્થ : મંદા** - મંદ, **ય** - અને, **ફાસા** - સ્પર્શ આદિ વિષય, **બહુલોહણિજ્જા** - ઘણા લોભામણા, **તહપ્પગારેસુ** - આવા આકર્ષક વિષયો, **મણં** - મન, **ન કુજ્જા** - ન કરે, **રક્ખેજ્જ** - શાંત કરે, **કોહં** - ક્રોધને, **વિણએજ્જ** - વિનયથી, **માણં** - માનને, **માયં** - માયાને, **ન સેવેજ્જ** - ન સેવે, **પહેજ્જ** - ત્યાગે, **લોહં** - લોભને.

**ભાવાર્થ :** વિવેકબુદ્ધિને મંદ કરનારા મનને ઘણા લોભામણા, આકર્ષક સ્પર્શ આદિ વિષયોને મનથી પણ ન ઈચ્છે. ક્રોધને શાંત કરે, માનને વિનયથી દૂર કરે, માયાનું સેવન ન કરે તથા લોભને પણ ત્યાગે.

**જેડસંખયા તુચ્છ પરપ્પવાઈ, તે પિજ્જ-દોસાણુગયા પરજ્ઝા ।**
**એએ અહમ્મેત્તિ દુગુંછમાણો, કંખે ગુણે જાવ સરીર ભેએ ॥૧૩॥ ।।**

**અન્વયાર્થ : જે** - જે, **અસંખયા** - અસંસ્કૃત, **તુચ્છ** - હલકા, **પરપ્પવાઈ** - પરનિંદક, **તે** - તે, **પિજ્જ** - રાગ, **દોસ** - દ્વેષ, **અણુગયા** - અનુરક્ત છે, **પરજ્ઝા** - પરાધીન, **એએ** - એવા, **અહમ્મેત્તિ** - અધર્મના હેતુ જાણી, **દુગુંછમાણો** - દુર્ગંછા, દુર્લક્ષ કરતો, **કંખે** - આકાંક્ષા કરે, **ગુણે** - ગુણો, **જાવ** - જ્યાં સુધી, **સરીર ભેએ** - શરીરનો નાશ ન થાય ત્યાં સુધી.

**ભાવાર્થ :** જે અસંસ્કૃત, અંતઃકરણની શુદ્ધિથી રહિત, હલકા, પર નિંદા કરવાવાળા, રાગદ્વેષમાં અનુરક્ત, પૂર્વકૃત કર્મથી પરાધીન છે, તેઓ અધર્મના હેતુ છે. એવું જાણી તેમના તરફ દુર્લક્ષ કરી જ્યાં સુધી શરીરનો અંત થાય નહીં ત્યાં સુધી સમ્યગ્દર્શન આદિ ગુણોની આકાંક્ષા કરતો વિચરે.

**ત્તિ બેમિ :** આ પ્રમાણે જેમ મેં શ્રમણ ભગવાન મહાવીર પાસેથી સાંભળ્યું છે તે પ્રમાણે હું કહું છું. (એમ સુધર્માસ્વામી કહે છે.)

## ।। ઈતિ 'અસંખયં' નામં ચઉત્થં અજ્ઝયણં સમ્મતં ।।
## અસંસ્કૃત નામનું ચોથું અધ્યયન સમાપ્ત.

# છ લેશ્યા અધિકાર

## શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર અધ્યયન ૩૪નો અધિકાર

<u>**લેશ્યા**</u> **:** કષાય અને યોગની પ્રવૃત્તિથી ઉદ્‌ભવતા આત્માના શુભ-અશુભ પરિણામને લેશ્યા કહે છે. જેના દ્વારા આત્મા કર્મોથી લેપાય છે, તે લેશ્યા. લેશ્યાના બે પ્રકાર છે :

**(૧) દ્રવ્યલેશ્યા :** પરિણામના (અધ્યવસાયના) કારણે આત્મા તત્ પ્રકારનાં પુદ્‌ગલોને ગ્રહે છે, તે દ્રવ્યલેશ્યા છે. તે રૂપી છે. **(૨) ભાવ લેશ્યા :** આત્માનાં શુભાશુભ પરિણામો, તે ભાવલેશ્યા છે. તે અરૂપી છે.

<u>**દ્વાર ગાથા**</u>

**નામાઈં[૧] વણ્ણ[૨] રસ[૩] ગંધ[૪] ફાસ[૫] પરિણામ[૬] લક્ખણં[૭] ।**
**ઠાણં[૮] ઠિઈં[૯] ગઈં[૧૦] ચાઉં[૧૧], લેસાણં તુ સુણેહ મે ।।૧।।**

**ભાવાર્થ : લેશ્યાના અગિયાર દ્વાર કહે છે. (૧) નામ, (૨) વર્ણ, (૩) રસ, (૪) ગંધ, (૫) સ્પર્શ, (૬) પરિણામ, (૭) લક્ષણ, (૮) સ્થાનક, (૯) સ્થિતિ, (૧૦) ગતિ અને (૧૧) ચ્યવન.**

**(૧) <u>નામ દ્વાર</u> : ૧. કૃષ્ણલેશ્યા, ૨. નીલલેશ્યા, ૩. કાપોતલેશ્યા, ૪. તેજોલેશ્યા, ૫. પદ્મલેશ્યા અને ૬. શુકલલેશ્યા.**

**(૨) <u>વર્ણ દ્વાર</u> : ૧. કૃષ્ણલેશ્યાનો વર્ણ** - જેવાં પાણી સહિત મેઘ, પાડાનાં શિંગડાં, અરીઠાનાં બીજ, ગાડાનું ખંજન, કાજલ, આંખની કીકી, તેનાથી અનંત ગુણો કાળો કૃષ્ણલેશ્યાનો વર્ણ છે.

**૨. નીલલેશ્યાનો વર્ણ -** જેવો અશોકવૃક્ષ, ચાસ પક્ષીની પાંખ, વૈડુર્ય રત્ન તેનાથી અનંત ગુણો નીલો વર્ણ નીલલેશ્યાનો છે.

**૩. કાપોતલેશ્યાનો વર્ણ -** જેવાં અળશીનાં ફૂલ, કોયલની પાંખ, પારેવાની ડોક કાંઈક રાતી કાંઈક કાળી, (કથ્થાઈ) તેનાથી અનંતગુણો અધિક કંઈક રાતો અને કંઈક કાળો વર્ણ કાપોતલેશ્યાનો છે.

**૪. તેજોલેશ્યાનો વર્ણ -** જેવો હિંગળો તથા ગેરુ, ઉગતો સૂર્ય, પોપટની ચાંચ, દીવાની શિખા, તેનાથી અનંતગુણો અધિક રાતો વર્ણ તેજોલેશ્યાનો છે.

**૫. પદ્મલેશ્યાનો વર્ણ -** જેવી હરતાળ, હળદર એ બંનેના ટુકડાં કરવાથી અંદર જે રંગ હોય તેવો, શણનાં ફૂલ, તેનાથી અનંતગુણો અધિક પીળો વર્ણ પદ્મલેશ્યાનો છે.

**૬. શુકલલેશ્યાનો વર્ણ -** જેવો શંખ, અંકરત્ન, મોગરાનું ફૂલ, ગાયનું દૂધ, રૂપાનો હાર તેનાથી અનંતગુણો અધિક શ્વેત વર્ણ શુક્લલેશ્યાનો છે.

**(૩) <u>રસ દ્વાર</u> : ૧. કૃષ્ણલેશ્યાનો રસ** - જેવું કડવું તુંબડું, કડવો લીંબડાનો રસ, રોહિણી વનસ્પતિનો રસ, તેનાથી અનંતગુણો અધિક કડવો રસ.

**૨. નીલલેશ્યાનો રસ -** જેવો સૂંઠનો તીખો રસ, પીપર, મરીનો રસ, હસ્તિપીપલનો રસ, તેનાથી અનંતગુણો અધિક તીખો રસ.

**૩. કાપોતલેશ્યાનો રસ -** જેવો કૂણી કાચી કેરીનો રસ, તુવેર અને કાચા કોઠાનો રસ, તેનાથી અનંતગુણો અધિક તુરો અને ખાટો રસ.

**૪. તેજો લેશ્યાનો રસ -** જેવો પાકાં આંબાનો રસ, પાકાં કોઠાનો રસ, તેનાથી અનંતગુણો અધિક કાંઈક ખાટો ને કાંઈક મીઠો રસ.

**૫. પદ્મલેશ્યાનો રસ -** જેવો વારુણી(ઉત્તમ શરાબ) નો  રસ, આસવ (દ્રાક્ષાસવ) નો રસ, મધુનો રસ, તેનાથી અનંતગુણો અધિક મધુરો રસ.

**૬. શુકલલેશ્યાનો રસ -** જેવો ખજૂરનો રસ, દ્રાક્ષનો રસ, દૂધનો રસ કે દૂધની ખીરનો રસ, સાકરનો રસ, તેનાથી અનંતગણો અધિક મીઠો રસ.

**(૪) <u>ગંધ દ્વાર</u> :** ૧. જેવી ગાયના મડાની (મૃત કલેવરની), કૂતરાના મડાની, સર્પના મડાની ગંધ આવે, તેનાથી અનંતગુણી અધિક અપ્રશસ્ત, પ્રથમ ત્રણ કૃષ્ણ, નીલ અને કાપોતલેશ્યાની ગંધ જાણવી. જેવી કપૂર, કેવડો, ચંદન પ્રમુખ સુગંધી પદાર્થ વાટતાં (ઘૂંટતાં) જેવી સુગંધ નીકળે તેનાથી અનંતગુણી અધિક પ્રશસ્ત તેજો, પદ્મ અને શુકલલેશ્યાની ગંધ જાણવી.

**(૫) <u>સ્પર્શ દ્વાર</u> :** જેવી કરવતની ધાર, જેવી ગાયની જીભ, જેવું મુંજનું તથા સાગનું પાન તેનાથી કરતાં અનંત ગુણો માઠો અપ્રશસ્ત લેશ્યાનો કર્કશ (ખરબચડો) સ્પર્શ જાણવો. જેવી બુર નામે વનસ્પતિ, માખણ, સરસવના ફૂલ, મખમલ, તેનાથી અનંતગુણો અધિક પ્રશસ્ત લેશ્યાનો સ્પર્શ સુંવાળો જાણવો.

**(૬) <u>પરિણામ દ્વાર</u> :** લેશ્યા ત્રણ પ્રકારે પરિણમે. જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ તથા નવ પ્રકારે પરિણમે. તે ઉપર ત્રણ કહી તેના એકેકના ત્રણ ભેદ થાય. જેમ કે જઘન્યનો જઘન્ય, જઘન્યનો મધ્યમ, જઘન્યનો ઉત્કૃષ્ટ. એ રીતે દરેકના ત્રણ ત્રણ ભેદ કરતાં નવ ભેદ થાય. એમ નવના સત્તાવીસ ભેદ થાય, સત્તાવીસના એકયાસી અને એકયાસીના બસોને તેંતાલીસ ભેદ થાય, એટલા ભેદે લેશ્યા પરિણમે.

**(૭) <u>લક્ષણ દ્વાર</u> : ૧. કૃષ્ણલેશ્યાનું લક્ષણ -** (૧) પાંચ આશ્રવનો સેવનાર, (૨) ત્રણ અગુપ્તિવંત, (૩) છકાય જીવનો હિંસક, (૪) આરંભનો તીવ્ર પરિણામી તથા દ્વેષી, (૫) પાપ કરવામાં સાહસિક, (૬) કઠોર પરિણામી, (૭) જીવહિંસા સૂગ રહિત કરનાર, (૮) અજિતેન્દ્રિય, આવાં પરિણામો કૃષ્ણલેશી જીવના હોય છે.

**૨. નીલલેશ્યાનું લક્ષણ -** (૧) ઈર્ષ્યાવંત, (૨) કદાગ્રહી, (૩) મૂર્ખવંત, (૪) તપ રહિત, (૫) માયાવી, (૬) પાપ કરતાં લાજે નહીં, (૭) વિષય- કષાયમાં ગૃદ્ધ, (૮) ધુતારો, (૯) પ્રમાદી, (૧૦) રસનો લોલુપી, (૧૧) માયાનો ગવેષક, (૧૨) આરંભનો અત્યાગી, (૧૩) પાપને વિશે સાહસિક, આવાં પરિણામો નીલલેશી જીવના હોય છે.

**૩. કાપોતલેશ્યાનાં લક્ષણ -** (૧) વાંકાબોલો, (૨) વાંકા કામ કરનાર, (૩) માયા કરીને હરખાય, (૪) સરળતા રહિત, (૫) મોઢે જુદો અને પૂંઠે જુદો, (૬) મિથ્યા વચનો બોલનાર, (૭) ખોટા વચનો બોલનાર, (૮) ચોરી-મત્સર (અદેખાઈ) કરનાર, (૯) પોતાના દોષો છુપાવનાર, (૧૦) છળપૂર્વક વર્તન કરનાર, આવાં પરિણામો કાપોતલેશી જીવના હોય છે.

**૪. તેજોલેશ્યાનાં લક્ષણ -** (૧) મર્યાદાવંત, (૨) માયા રહિત, (૩) ચપળતા રહિત, (૪) કુતૂહલ રહિત, (૫) વિનયવંત, (૬) દમીતેંદ્રીય, (૭) શુભ જોગવંત, (૮) ઉપધાન તપ સહિત, (૯) દૃઢધર્મી, (૧૦) પ્રિયધર્મી, (૧૧) પાપથી ડરનારો, (૧૨) સર્વ પ્રાણીનું હિત ઈચ્છનારો, (૧૩) સ્વાધ્યાય આદિમાં રત રહેનારો, આવાં પરિણામો તેજોલેશી જીવના હોય છે.

**૫. પદ્મલેશ્યાનાં લક્ષણ -** (૧) અલ્પ ક્રોધ, (૨) અલ્પ માન, (૩) અલ્પ માયા, (૪) અલ્પ લોભ, (૫) પ્રશાંત ચિત્ત, (૬) આત્માનો દમણહાર, (૭) યોગ ઉપધાન સહિત હોય, (૮) થોડાબોલો, (૯) જિતેન્દ્રિય, આવાં પરિણામો પદ્મલેશી જીવના હોય છે.

**૬. શુકલલેશ્યાનાં લક્ષણ -** (૧) અતિ આર્તધ્યાન, રૌદ્રધ્યાનથી રહિત હોય, (૨) ધર્મધ્યાન, શુકલધ્યાન સહિત, (૩) દશ પ્રકારની ચિત્ત સમાધિએ કરી સહિત, (૪) આત્માનો દમણહાર, (૫) પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિથી યુક્ત, (૬) અલ્પ રાગવાળો કે વીતરાગી, ઉપશાંત હોય, આવાં પરિણામો શુકલલેશી જીવના હોય છે.

**(૮) <u>સ્થાનક દ્વાર</u> :** શુદ્ધિ અશુદ્ધિની તરતમતાના આધારે થતાં ભેદોને લેશ્યાસ્થાન કહે છે કૃષ્ણાદિ ત્રણ અશુભ લેશ્યાના સ્થાન સંક્લિષ્ટ હોય છે અને, તેજો આદિ ત્રણ શુભ લેશ્યાના સ્થાન વિશુદ્ધ હોય છે. શુભ અને અશુભ, બંને લેશ્યાના સ્થાન અસંખ્યાત છે, તે અસંખ્યાતી ઉત્સર્પિણી-અવસર્પિણીના જેટલા સમય થાય તથા અસંખ્યાતા લોકના જેટલા આકાશ-પ્રદેશ થાય, એટલા લેશ્યાનાં સ્થાનક જાણવાં.

**(૯) <u>સ્થિતિ દ્વાર</u>** : (૧) પૃથ્વીકાય, અપ્‌કાય અને વનસ્પતિકાયમાં અપર્યાપ્તામાં પ્રથમ ચાર લેશ્યા, તેઉ., વાયુના, અપર્યાપ્તા માં ત્રણ લેશ્યા. પાંચે સ્થાવરના પર્યાપ્તામાં પ્રથમ ત્રણ લેશ્યા. (૨) બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય અને અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયમાં પ્રથમ

ત્રણ લેશ્યા. (૩) તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યમાં લેશ્યા ૬. **મનુષ્ય, તિર્યંચ** છદ્મસ્થ આશ્રી છએ લેશ્યા જ. અંતર્મુહૂર્ત, ઉ. અંતર્મુહૂર્ત. જ્યાં જ્યાં જેટલી લેશ્યા હોય તેટલી જ સમજવી. **સજોગી કેવળી** આશ્રી શુકલલેશ્યાની સ્થિતિ જ. અંતર્મુહુર્ત, ઉ. દેશે ઊણી પૂર્વ ક્રોડ વર્ષની.

**સ્થિતિ દ્વાર (૪ ગતિમાં સમુચ્ચય)**

| લેશ્યાનું નામ | જઘન્ય સ્થિતિ | ઉત્કૃષ્ટ સ્થિતિ | ઉત્. સ્થિતિ ક્યાં લાભે ? |
|---|---|---|---|
| **૧. કૃષ્ણલેશ્યા** | અંતર્મુહૂર્ત | ૩૩ સાગરોપમ અને અંતર્મુહૂર્ત અધિક. | **૭મી નરક** |
| **૨. નીલલેશ્યા** | અંતર્મુહૂર્ત | ૧૦ સાગર અને પલ્યનો અસંખ્યાતમો ભાગ અધિક. | **૫મી નરક** |
| **૩. કાપોતલેશ્યા** | અંતર્મુહૂર્ત | ૩ સાગર અને પલ્યનો અસ.મો ભાગ અધિક, | **૩જી નરક** |
| **૪. તેજો લેશ્યા** | અંતર્મુહૂર્ત | બે સાગર અને પલ્યનો અસં.મો ભાગ અધિક. | **૨જું દેવલોક** |
| **૫. પદ્મલેશ્યા** | અંતર્મુહૂર્ત | ૧૦ સાગરોપમ અને અંતર્મુહૂર્ત અધિક. | **૫મું દેવલોક** |
| **૬. શુકલલેશ્યા** | અંતર્મુહૂર્ત | ૩૩ સાગરોપમ અને અંતર્મુહૂર્ત અધિક. | **૫ અનુત્તર વિમાન** |

**૪ ગતિમાં ૬ લેશ્યાની સમુચ્ચય સ્થિતિ**

| લેશ્યા | જ. સ્થિતિ | ઉત્કૃષ્ટ સ્થિતિ | ઉત્. સ્થિતિ ક્યાં લાભે ? |
|---|---|---|---|
| **૧. કૃષ્ણલેશ્યા** | અંતર્મુહૂર્ત | ૩૩ સાગર. ને અંત. અધિક. | **૭મી નરક** |
| **૨. નીલલેશ્યા** | અંતર્મુહૂર્ત | ૧૦ સાગર. ને પલ્યનો અસંખ્યા.મો ભાગ અધિક. | **૫મી નરક** |
| **૩. કાપોતલેશ્યા** | અંતર્મુહૂર્ત | ૩ સાગર ને પલ્યનો અસંખ્યા.મો ભાગ અધિક, | **૩જી નરક** |
| **૪. તેજોલેશ્યા** | અંતર્મુહૂર્ત | બે સાગર ને પલ્યનો અસંખ્યા.મો ભાગ અધિક. | **૨જું દેવલોક** |
| **૫. પદ્મલેશ્યા** | અંતર્મુહૂર્ત | ૧૦ સાગર. ને અંત. અધિક. | **૫મું દેવલોક** |
| **૬. શુક્લલેશ્યા** | અંતર્મુહૂર્ત | ૩૩ સાગર. ને અંત. અધિક. | **૫ અનુ.વિમાન** |

**નારકી અને દેવતાની લેશ્યાની સ્થિતિ બતાવવામાં આવે છે.**

| **૧. નારકીમાં** | **જઘન્ય સ્થિતિ** | **ઉત્કૃષ્ટ સ્થિતિ** |
|---|---|---|
| **(૧) કાપોતલેશ્યા** | ૧૦,૦૦૦ વર્ષ | ૩ સાગર અને પલ્યનો અસંખ્યાતમો ભાગ |
| **(૨) નીલલેશ્યા** | ૩ સાગર અને પલ્યનો અસંખ્યાતમો ભાગ | ૧૦ સાગર અને પલ્યનો અસંખ્યાતમો ભાગ |
| **(૩) કૃષ્ણલેશ્યા** | ૧૦ સાગર અને પલ્યનો અસંખ્યાતમો ભાગ | ૩૩ સાગર અને અંતર્મુહૂર્ત અધિક |

| દેવતામાં : | જઘન્ય સ્થિતિ | ઉત્કૃષ્ટ સ્થિતિ |
|---|---|---|
| **ભવનપતિ અને વાણવ્યંતર બંનેમાં** | | |
| **(૧) કૃષ્ણલેશ્યા** | ૧૦,૦૦૦ વર્ષ | પલ્યના અસંખ્યાતમા ભાગની |
| **(૨) નીલલેશ્યા** | કૃષ્ણલેશ્યાની ઉ. સ્થિતિથી ૧ સમય અધિક | પલ્યના અસંખ્યાતમા ભાગની |
| **(૩) કાપોતલેશ્યા** | નીલલેશ્યાની ઉ. સ્થિતિથી ૧ સમય અધિક | પલ્યના અસંખ્યાતમા ભાગની |
| **ભવનપતિમાં** | | |
| **(૪) તેજો લેશ્યા** | ૧૦,૦૦૦ વર્ષ | એક સાગર ઝાઝેરી |
| **વાણવ્યંતરમાં** | | |
| **(૪) તેજોલેશ્યા** | ૧૦,૦૦૦ વર્ષ | એક પલ્ય |

| દેવતામાં : | જઘન્ય સ્થિતિ | ઉત્કૃષ્ટ સ્થિતિ |
|---|---|---|
| **જ્યોતિષીમાં** | | |
| **તેજો લેશ્યા** | પલ્યનો આઠમો ભાગ | એક પલ્ય અને એક લાખ વર્ષ |
| **વૈમાનિકમાં** | | |
| **(૧) તેજોલેશ્યા** | એક પલ્ય | બે સાગર ઝાઝેરી |
| **(૨) પદ્મલેશ્યા** | બે સાગર | દશ સાગર અને અંતર્મુહૂર્ત અધિક |
| **(૩) શુક્લલેશ્યા** | દશ સાગર | ૩૩ સાગર અને અંતર્મુહૂર્ત અધિક |

**૧૦) <u>ગતિ દ્વાર</u> :** કૃષ્ણ, નીલ, કાપોત, એ ત્રણ અપ્રશસ્તલેશ્યા,અથવા અધર્મ લેશ્યા છે. તેનાથી જીવ દુર્ગતિમાં જાય. તેજો, પદ્મ, શુકલ, એ ત્રણ પ્રશસ્તલેશ્યા અથવા ધર્મ લેશ્યા, તેનાથી જીવ સુગતિમાં જાય છે,

**(૧૧) <u>ચ્યવન દ્વાર</u> :** કોઈપણ લેશ્યા પરિણામના પ્રથમ સમયે કોઈ જીવ ઉત્પન્ન થતો નથી કે તેનું ચ્યવન થતું નથી. લેશ્યાના છેલ્લા સમયે પણ કોઈ જીવ ઉત્પન્ન થતો નથી કે તેનું ચ્યવન થતું નથી. પરંતુ કોઈ પણ લેશ્યાની પ્રાપ્તિ પછી અંતર્મુહૂર્ત વ્યતીત થાય, ત્યાર પછી અને તે લેશ્યાનું અંતર્મુહૂર્ત શેષ રહે, ત્યારે જ જીવ આવતા ભવમાં જન્મ ધારણ કરે છે. અર્થાત: જ્યારે જીવનું અંતિમ અંતર્મુહૂર્ત પ્રમાણ આયુષ્ય બાકી રહે, ત્યારે આવતા ભવમાં પ્રાપ્ત થનારી લેશ્યાનાં પરિણામ તે જીવમાં અવશ્ય આવી જાય છે. પછી તે જ લેશ્યાની સાથે તે પરભવમાં ઉત્પન્ન થાય છે. ઉત્પન્ન થવાના પ્રથમ અંતર્મુહૂર્ત સુધી તે જ લેશ્યાના પરિણામ રહે છે.

અર્થાત : જ્યારે જીવનું અંતિમ અંતર્મુહૂર્ત પ્રમાણ આયુષ્ય બાકી રહે, ત્યારે આવતા ભવમાં પ્રાપ્ત થનારી લેશ્યાનાં પરિણામ તે જીવમાં અવશ્ય આવી જાય છે. પછી તે જ લેશ્યાની સાથે તે પરભવમાં ઉત્પન્ન થાય છે. ઉત્પન્ન થવાના પ્રથમ અંતર્મુહૂર્ત સુધી તે જ લેશ્યાના પરિણામ રહે છે.

**ઈતિ શ્રી લેશ્યાનો થોકડો સંપૂર્ણ.**

# અષ્ટપ્રવચનમાતા (૫ સમિતિ, ૩ ગુપ્તિ)

## શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર અધ્યયન ૨૪નો અધિકાર

**૧. પ્રવચન માતા -** જેમ માતા સંતાનો પર વાત્સલ્ય ધરાવે છે, સંતાનોનું રક્ષણ કરે છે, તે રીતે પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ સાધુઓનું રક્ષણ કરે છે, તેથી તેને સાધુઓની માતા કહે છે. અથવા

આઠ પ્રવચનમાતાનું પાલન કરીને જ તીર્થંકરો સર્વજ્ઞ થાય છે અને ત્યાર પછી તેઓના શ્રીમુખેથી જ નિર્ગ્રંથ પ્રવચન પ્રગટે છે. આ રીતે નિર્ગ્રંથ પ્રવચનનો ઉદ્ભવ અષ્ટપ્રવચન માતામાંથી જ થાય છે, તેથી તે ચતુર્વિધ શ્રીસંઘ માટે માતાતુલ્ય છે.

**(૧) સમિતિ :** આવશ્યક કાર્યને માટે યત્નાપૂર્વકની સમ્યક્ પ્રવૃત્તિ.

**પાંચ સમિતિ: ૧. ઈરિયા સમિતિ** (રસ્તામાં ચાલવાની વિધિ), **૨. ભાષા સમિતિ** (બોલવાની વિધિ), **૩. એષણા સમિતિ** (ગોચરીની વિધિ), **૪. આદાન ભંડમત્ત નિક્ષેપણા સમિતિ** (વસ્ત્ર, પાત્ર આદિ લેવા- મૂકવાની વિધિ) **૫. ઉચ્ચાર, પાસવણ, ખેલ, જલ્લ, સિંઘાણ પારિટ્ઠાવણિયા સમિતિ (વડીનીત, લઘુનીત, બળખા, લીંટ આદિ પરઠવાની વિધિ).**

**(૨) ગુપ્તિ :** ગુપ્તિ એટલે ગોપવવું. બુદ્ધિ અને શ્રદ્ધાપૂર્વક મન, વચન, કાયાને ઉન્માર્ગથી રોકવા તથા આત્મગુણોની રક્ષા કરવી તે.

**ત્રણ ગુપ્તિ : ૧. મન ગુપ્તિ, ૨. વચન ગુપ્તિ, ૩. કાય ગુપ્તિ.**

**૧. ઈરિયા સમિતિ :** તેના ૪ ભેદ :

**(૧) આલંબન -** જ્ઞાન, દર્શન, ચારિત્રનું.

**(૨) કાળ -** દિવસનો. (રાત્રે ચક્ષુનો વિષય ન હોવાને કારણે અત્યંત જરૂરી કારણ સિવાય ગમન કરવાની તીર્થંકરની આજ્ઞા નથી, છતાં ચાલવું પડે તો રજોહરણથી પૂંજીને ચાલે.)

**(૩) માર્ગ** - કુમાર્ગ છોડીને સુમાર્ગે ચાલવું.

**(૪) યત્ના -** (જયણા-સાવધાની) ના ૪ ભેદ-દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ. (ક) દ્રવ્યથી છકાય જીવોને ચક્ષુથી જોઈને ચાલે. (ખ) ક્ષેત્રથી ધૂંસરી (૩।।/૪ હાથ) પ્રમાણ જમીન આગળ જોતાં ચાલે, (ગ) કાળથી દિવસે અને (ઘ) ભાવથી રસ્તે ચાલતાં ૧૦ બોલ વર્જીને ઉપયોગપૂર્વક ચાલે તે. વાંચન, પૂછવું, પર્યટ્ટણા, અનુપ્રેક્ષા, ધર્મકથા આદિ ન કરે. તેમજ શબ્દ, રૂપ, ગંધ, રસ, સ્પર્શ આદિ વિષયમાં ધ્યાન ન આપે.

**૨. ભાષા સમિતિ :** તેના ૪ ભેદ : (૧) દ્રવ્યથી, (૨) ક્ષેત્રથી, (૩) કાળથી, (૪) ભાવથી.

**(૧) દ્રવ્યથી** ૮ પ્રકારની ભાષા (કર્કશ, કઠોર, છેદકારી, ભેદકારી, માર્મિક, મૃષા, સાવદ્ય,

નિશ્ચયકારી) ન બોલે તથા સાધુ ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય, ભય, વાચાળતા અને વિકથા, આ આઠ ભાષાના દોષોને ટાળીને ઉપયોગપૂર્વક નિર્દોષ અને પરિમિત ભાષા બોલે.

**(૨) ક્ષેત્રથી** રસ્તે ચાલતા કારણ વિના ન બોલે.

**(૩) કાળથી** રાત્રે એક પ્રહર વીત્યા પછી સૂર્યોદય સુધી જોરથી ન બોલે.

**(૪) ભાવથી** રાગ-દ્વેષયુક્ત ભાષા ન બોલે.

**૩. એષણા સમિતિ :** તેના ૪ ભેદ :(૧) દ્રવ્યથી, (૨) ક્ષેત્રથી, (૩) કાળથી, (૪) ભાવથી.

**(૧) દ્રવ્યથી** - ૪૨ (૧૬ ઉદ્‌ગમનના, ૧૬ ઉત્પાદનના, ૧૦ એષણાના) ૪૭ (૪૨ + ૫ માંડલાના દોષ), તથા ૯૬ દોષ ટાળીને નિર્દોષ આહાર-પાણી, વસ્ત્ર, પાત્ર, મકાનાદિ યાચે (ગ્રહે).

**(૨) ક્ષેત્રથી** - બે ગાઉ ઉપરાંત જઈને આહાર પાણી ન ભોગવે.

**(૩) કાળથી -** પહેલા પ્રહરના આહાર-પાણી ચોથા પ્રહરમાં ન ભોગવે.

**(૪) ભાવથી -** માંડલાના પાંચ દોષ ટાળીને અનાસકત પણે ભોગવે.

**માંડલાના પાંચ દોષ કહે છે.**

**૧. સંયોગ -** સ્વાદ ખાતર બીજી વસ્તુ ભેળવવી તે.

**૨. પરિમાણ -** ભૂખથી વધુ ખાવું.

**૩. અંગાલ -** વખાણ કરીને ખાવું.

**૪. ધૂમ -** વખોડીને ખાવું.

**૫. કારણ -** વિનાકારણ ખાવું, ભૂખ વગર ખાવું.

**એષણા ત્રણ પ્રકારની :**

૧) આહારાદિ ગ્રહણ કરતાં પહેલાં શુદ્ધિ-અશુદ્ધિ જોવી, તે **'ગવેષણા.'**

૨) આહારાદિ ગ્રહણ કરતી વખતે શુદ્ધિ-અશુદ્ધિની સાવધાની રાખવી, તે **'ગ્રહણૈષણા.'**

૩) આહારાદિ ભોગવતી વખતે શુદ્ધિ-અશુદ્ધિનું ધ્યાન રાખે, તે **'પરિભોગૈષણા.**

**૪. આદાન ભંડ મત્ત નિક્‌ખેવિણયા સમિતિ :** મુનિઓના ઉપકરણ આ પ્રકારે ૧ મુહપત્તિ, ૧ ગુચ્છો, ૧ રજોહરણ, ૧ ચોલપટો (૫ હાથ), સાધુ ૩ પછેડી, સાધ્વી ૪ પછેડી રાખે, કાષ્ટ (લાકડું), તુંબી કે માટીનાં પાત્ર, ૧ આસન, ૧ સંસ્તારક (૨।। હાથ લાંબું બિછાવવાનું કપડું) વગેરે, સાધુ જ્ઞાન, દર્શન, ચારિત્રની વૃદ્ધિ નિમિત્તે જરૂરી વસ્તુઓનું ક્રમશ : અનુક્રમથી પ્રતિલેખન કરે.

**આદાન ભંડ મત્ત નિક્ખેવિણયા સમિતિના ૪ ભેદ :**

**(૧) દ્રવ્યથી -** ઉપરનાં ઉપકરણો યત્નાથી લે, મૂકે અને વાપરે.

**(૨) ક્ષેત્રથી -** વ્યવસ્થિત રાખે, જ્યાં ત્યાં વીંખણ પીંખણ (વેર-વિખેર) ન રાખે.

**(૩) કાળથી -** બંને વખત (૧લા અને ૪થા પ્રહરમાં) પડિલેહણ કરે, પ્રમાર્જન કરે. પહેલા પ્રહરના પહેલા ચોથા ભાગે અને ચોથા પ્રહરના છેલ્લા ચોથા ભાગે પડિલેહણ -પ્રમાર્જન કરે.

**(૪) ભાવથી -** ઉપકરણોને મમતા રહિત સંયમસાધન સમજીને ભોગવે.

**૫. ઉચ્ચાર પાસવણ ખેલ જલ્લ સિંઘાણ પારિટ્ઠાવણિયા સમિતિ** : તેના ૪ ભેદ :

**(૧) દ્રવ્યથી -** મળમૂત્રાદિ ૧૦ પ્રકારનાં સ્થાન પર પરઠે નહીં-**૧** માણસોની આવ જા થતી હોય ત્યાં, **૨** જીવની ઘાત થાય ત્યાં, **૩** વિષમ ઊંચી-નીચી ભૂમિ પર, **૪** પોલી ભૂમિ પર, **૫** સચિત્ત ભૂમિ પર, **૬** સાંકડી (વિશાળ નહીં) ભૂમિમાં, **૭** તરતની અચિત્ત ભૂમિ પર, **૮** નગર ગામની નજીકમાં, **૯** લીલ-ફૂગ હોય ત્યાં, **૧૦** જીવોનાં બીલ (દર) હોય ત્યાં ન પરઠે.

**(૨) ક્ષેત્રથી -** વસ્તીને દુર્ગંછા થાય ત્યાં કે જાહેર રસ્તા પર ન પરઠે.

**(૩) કાળથી -** પરઠ વાની ભૂમિને યથાયોગ્ય પડિલેહીને, પૂંજીને પરઠે.

**(૪) ભાવથી -** પરઠવા નીકળે ત્યારે 'આવસ્સહી' ત્રણવાર કહે. પરઠતાં પહેલાં શક્રેન્દ્ર મહારાજની આજ્ઞા લેવા 'અણુજાણહ' કહે. ચાર આંગુલ ઉપરથી યત્નાપૂર્વક પરઠે. પરઠતાં 'વોસિરે' ત્રણવાર કહે. પરઠીને આવતાં 'નિસ્સહી' ત્રણવાર કહે. જલ્દી સુકાઈ જાય તેમ પરઠે. પછી ઈરિયાવહિયાનો કાઉસ્સગ્ગ કરે.

હવે ત્રણ ગુપ્તિના ચાર ચાર ભેદ કહે છે.

**A) મન ગુપ્તિ : તેના ૪ ભેદ : (૧) દ્રવ્યથી -** આરંભ-સમારંભમાં મન ન પ્રર્વતાવે.

**(૨) ક્ષેત્રથી -** આખા લોકમાં. **(૩) કાળથી -** જાવજીવ સુધી.

**(૪) ભાવથી -** વિષય-કષાય, આર્તધ્યાન, રૌદ્રધ્યાન, રાગ-દ્વેષમાં મન ન પ્રર્વતાવે.

**B) વચન ગુપ્તિ : તેના ૪ ભેદ : (૧) દ્રવ્યથી -** ચાર વિકથા ન કરે.

**(૨) ક્ષેત્રથી -** આખા લોકમાં. **(૩) કાળથી -** જાવજીવ સુધી.

**(૪) ભાવથી -** સાવદ્ય (રાગ-દ્વેષ, વિષય-કષાયયુક્ત) વચન ન બોલે.

**C) કાય ગુપ્તિ : તેના ૪ ભેદ : (૧) દ્રવ્યથી -** શરીરની શુશ્રૂષા (શોભા) ન કરે.

**(૨) ક્ષેત્રથી -** આખા લોકમાં. **(૩) કાળથી -** જાવજીવ સુધી.

**(૪) ભાવથી -** સાવદ્ય યોગ (પાપકારી કાર્ય) ન પ્રવર્તાવે (ન સેવન કરે).

## ઈતિ અષ્ટપ્રવચનમાતા

## રચયિતા - આચાર્ય શ્રી માનતુંગસૂરીજી
## પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાનની સ્તુતિ
## (કડી ૨૫ થી ૩૬ સુધી)

**બુદ્ધસ્ત્વમેવ વિબુધાર્ચિત બુદ્ધિ - બોધાત,**
**ત્વં શંકરોડસિ ભુવનત્રય શંકરત્વાત્ !**
**ધાતાસિ ધીર ! શિવમાર્ગ - વિધેર્વિધાનાત,**
**વ્યક્તં ત્વમેવ ભગવન્ ! પુરુષોત્તમોડસિ ॥૨૫॥**

**શબ્દાર્થ : બુદ્ધ: -** બુદ્ધ, **ત્વં** - આપ, **એવ** - જ, **વિબુધા** - દેવોથી, **અર્ચિત** - પૂજાએલા, **બુદ્ધિ** - બોધાત્ - બુદ્ધિગમ્ય બોધના દેનારા, **ત્વં** - આપ જ, **શંકર:** - શંકર, **અસિ** - છો, **ભુવનત્રય** - ત્રણે લોકનું, **શંકરત્વાત્** - કલ્યાણ કરનાર હોવાથી, **ધાતા** - વિધાતા, **અસિ** - છો, ધીર ! - હે ધીર પ્રભુ !, **શિવમાર્ગ** - મોક્ષમાર્ગની, **વિધે:** - વિધિના, **વિધાનાત્** - બતાવનાર હોવાથી, **વ્યક્તં** - પ્રગટ, **ત્વં** - આપ, **એવ** - જ, **ભગવન્ !** - હે ભગવાન !, **પુરુષોત્તમ** - પુરુષોત્તમ, વિષ્ણુ, **અસિ** - છો.

**ભાવાર્થ :** હે દેવો વડે પૂજાયેલા પ્રભુ ! આપ જ્ઞાનરૂપી બોધથી બુદ્ધ થયા બાદ બુદ્ધિગમ્ય બોધના દેનારા છો ! ત્રણે લોકના જીવોનું કલ્યાણ કરનારા હોવાથી શંકર છો ! મોક્ષમાર્ગની વિધિના વિધાતા હોવાથી બ્રહ્મા છો ! તેમ જ પ્રગટ પુરુષોત્તમ એટલે વિષ્ણુ પણ આપ જ છો.

**તુભ્યં નમસ્ત્રિભુવનાર્તિ હરાય નાથ !**
**તુભ્યં નમ: ક્ષિતિતલામલભૂષણાય !**
**તુભ્યં નમસ્ત્રિ જગત: પરમેશ્વરાય,**
**તુભ્યં નમો જિન ભવોદધિ શોષણાય ॥૨૬॥**

**શબ્દાર્થ : તુભ્યં** - આપને, **નમ:**- નમસ્કાર હો, **ત્રિભુવન** - ત્રણે લોકના, **આર્તિ** - દુ:ખોને, **હરાય** - હરનારા, **નાથ !** - નાથ, **તુભ્યં** - આપને, **નમ:** - નમસ્કાર હો, **ક્ષિતિ** - પૃથ્વી, **તલ** - તળ, **અમલ** - નિર્મળ, **ભૂષણાય** - આભૂષણ રૂપ, **તુભ્યં નમ:** - આપને નમન, **ત્રિજગત:**- ત્રણે જગતના, **પરમેશ્વરાય** - પરમેશ્વર રૂપ, **તુભ્યં નમ:**- આપને નમન, **જિન** - હે જિનેન્દ્ર, **ભવ ઉદધિ** - ભવ સાગરને, **શોષણાય** - શોષી લેનારા.

**ભાવાર્થ :** ત્રિભુવનનાં દુ:ખોને હરનારા હે નાથ ! આપને મારા નમસ્કાર હો. પૃથ્વીતળને વિશે નિર્મળ આભૂષણરૂપ ! આપને મારા નમસ્કાર હો. ત્રણે જગતના પરમેશ્વરરૂપ ! આપને મારા નમસ્કાર હો. ભવસાગરને શોષી લેનારા હે જિનેન્દ્ર ! આપને મારા કોટિ કોટિ વંદન.

**કો વિસ્મયોऽત્ર યદિ નામ ગુણૈરશેષૈ,**
**સ્ત્વં સંશ્રિતો નિરવકાશતયા મુનીશ !**
**દોષૈરૂપાત્ત વિવિધાશ્રય જાતગર્વૈ:,**
**સ્વપ્નાન્તરે પિ ન કદાચિત્ પીક્ષિતોऽસિ ॥૨૭॥**

**શબ્દાર્થ : ક:** - શું, **વિસ્મય: ?** - આશ્ચર્ય ?, **અત્ર** - તેમાં, **યદિ નામ** - અમને લાગે છે, **ગુણૈ:** - ગુણો વડે, **અશેષૈ:** - સંપૂર્ણ, **ત્વમ્** - તમારો, **સંશ્રિત:** - સમ્યક્ પ્રકારે આશ્રય કરીને રહ્યા છે, **નિરવકાશતયા** - અવકાશ રહિત, **મુનીશ** - મુનિવર !, **દોષૈ:** - દોષો, **ઉપાત્ત** - પામીને, **વિવિધાશ્રય** - વિવિધ આશ્રયો, **જાતગર્વૈ:** - ગર્વિષ્ઠ બનેલા, **સ્વપ્નાન્તરે** - સ્વપ્નમાં, **અપિ** - પણ, **કદાચિત્** - કદાપિ,

**ન ઈક્ષિત: અસિ** - જોયા નથી.

**ભાવાર્થ :** હે મુનિવર ! અન્ય સ્થળોએ અવકાશ (જગ્યા) ન મળવાથી વિશ્વના સંપૂર્ણ સદ્ગુણો તમારો આશ્રય કરીને રહ્યા છે, વિવિધ પ્રકારના આશ્રયો પામવાથી ગર્વિષ્ઠ બનેલા દોષો સ્વપ્નમાં પણ આપને જોઈ શક્તા નથી, તેમાં આશ્ચર્ય શું છે !

**ઉચ્ચૈરશોક તરૂસંશ્રિતમુન્મયૂખ**
**માભાતિ રૂપમમલં ભવતો નિતાન્તમ્ ।**
**સ્પષ્ટૌલ્લસત્કિરણમસ્ત તમોવિતાનં,**
**બિમ્બં રવેરિવ પયોધર પાર્શ્વવર્તિ ॥૨૮॥**

**શબ્દાર્થ : ઉચ્ચૈ:** - ઊંચા, **અશોક તરૂ** - અશોકવૃક્ષ, **સંશ્રિતં** - આશ્રયે બિરાજેલું, **ઊન્** - ઊંચે જતા, **મયૂખં** - કિરણો વડે, **આભાતિ** - શોભે છે, **રૂપં** - સ્વરૂપ, **અમલં** - નિર્મળ, **ભવત:**- આપનું, **નિતાન્તમ્** - અત્યંત, **સ્પષ્ટ** - સ્પષ્ટ, **ઉલ્લસત્ કિરણં** - દેદીપ્યમાન, **અસ્ત તમ:**- અંધકારના સમૂહનો, **વિતાનં** - નાશ કરનાર, **બિમ્બં** - બિંબ, **રવે:** - સૂર્યના, **ઈવ** - સરખું, **પયોધર** - વાદળાં, **પાર્શ્વવર્તિ** - પાસે.

**ભાવાર્થ :** હે પ્રભુ ! ઊંચા અશોકવૃક્ષની આશ્રયે બિરાજેલું, ઊંચે જતાં કિરણો વડે શોભતું આપનું નિર્મળ સ્વરૂપ, મેઘમંડળની પાસે અત્યંત ચમકી રહેલા અને અંધકારના સમૂહને નાશ કરનારા એવા સૂર્યબિંબ સમુ ઘણું શોભે છે.

**સિંહાસને મણિમયૂખ શિખાવિચિત્રે,**
**વિભ્રાજતે તવ વપુ: કનકાવદાતમ્ ।**
**બિંબં વિયદ્ વિલસદંશુલતા વિતાનં,**
**તુંગોદયાદ્રિશિરસીવ સહસ્ત્ર રશ્મે: ॥૨૯॥**

**શબ્દાર્થ : સિંહાસને** - સિંહાસન ઉપર, **મણિ** - મણિ, **મયૂખ** - કિરણ, **શિખા** - ઉપર, **વિચિત્રે** - વિવિધ રંગના, **વિભ્રાજતે** - શોભી ઊઠે છે, **તવ** - આપનું, **વપુ :**- શરીર, **કનકાવ** - સુવર્ણ સમાન, **દાતં** - દેદીપ્યમાન, **બિંબં** - પ્રકાશ, **વિયત્** - આકાશમાં, **વિલસત્** - ઘેરાયેલું, **અંશુલતા** - કિરણોરૂપી લતા, **વિતાનં** - સમૂહ, **તુંગ** - ઊંચા, **ઉદયાદ્રિ** - ઉદયાચલ, **શિરસીવ** - શિખર ઉપર, **સહસ્રરશ્મે :**- હજાર સૂર્યના.

**ભાવાર્થ :** હે ભગવાન ! જેવી રીતે ઊંચા ઉદયાચલ પર્વતના શિખર ઉપર આકાશમાં લતાના સમૂહની જેમ ફેલાતાં પ્રકાશમય કિરણોથી સૂર્યનું બિંબ શોભે છે, તેમ ઊંચે વિવિધ રંગનાં કિરણો વેરતાં મણિમય સિંહાસનને વિશે આપનું સુવર્ણ સમાન દેદીપ્યમાન શરીર શોભી રહ્યું છે.

**કુન્દાવદાત ચલચામર ચારૂશોભં,**
**વિભ્રાજતે તવ વપુ: કલધૌતકાન્તમ્ ।**
**ઉદ્યચ્છશાંક - શુચિ - નિર્ઝર - વારિધાર,**
**મુચ્ચૈસ્તટં સુરગિરેરિવ શાંતકૈમ્ભમ્ ॥૩૦॥**

**શબ્દાર્થ : કુન્દ** - મોગરાનું ફૂલ, **અવદાત** - સમાન, **ચલ ચામર** - વીંઝાતા ચામર, **ચારુ** - સુંદર, **શોભં** - શોભાને, **વિભ્રાજતે** - શોભી ઊઠે છે, **તવ** - આપનું, **વપુ:** - શરીર, **કલધૌત** - સુવર્ણ જેવી, **કાન્તં** - કાંતિવાળું, **ઉદ્યત્** - ઉદય પામેલા, **શશાંક** - ચંદ્ર, **શુચિ** - નિર્મળ, **નિર્ઝર** - ઝરણાં, **વારિધારં** - પાણીની ધારા, **ઉચ્ચૈ :** - ઊંચા, **તટં** - શિખર, **સુરગિરે :** - મેરુ પર્વત, **ઈવ** - જેમ, **શાંતકૌમ્ભં** - સુવર્ણમય,

**ભાવાર્થ :** જેવી રીતે ઉદય પામેલા ચંદ્રની ચાંદની જેવા નિર્મળ ઝરણાનાં પાણીની ધારાઓથી સુવર્ણમય મેરુ પર્વતનું ઊંચું શિખર શોભી ઊઠે છે, તેવી રીતે મોગરાના પુષ્પ જેવા શ્વેત વીંઝાતા ચામરો વડે સુંદર શોભાને ધારણ કરનારું અને સુવર્ણ જેવી કાંતિવાળું તમારું શરીર અત્યંત શોભી રહ્યું છે.

**છત્રત્રયં તવ વિભાતિ શશાંકકાન્ત**
**મુચ્ચૈ: સ્થિતં સ્થગિતભાનુકર પ્રતાપમ્ ।**
**મુક્તાફલ - પ્રકરજાલ - વિવૃદ્ધશોભં,**
**પ્રખ્યાપયત્ ત્રિજગત: પરમેશ્વરત્વમ્ ॥૩૧॥**

**શબ્દાર્થ : છત્રત્રયં** - ત્રણ છત્ર, **તવ** - આપના, **વિભાતિ** - શોભી રહ્યા છે, **શશાંક કાન્તં** - ચંદ્ર જેવા ઉજ્જવળ, **ઉચ્ચૈ :**- ઊંચે, **સ્થિતં** - રહેલા, **સ્થગિત ભાનુકર પ્રતાપં** - સૂર્યના તાપને રોકનાર, **મુક્તાફલં પ્રકર જાલ** -મોતીઓની ઝૂલોના સમૂહ, **વિવૃદ્ધશોભં** - શોભા વધી છે, **પ્રખ્યાપયત્** - જાહેર કરતાં, **ત્રિજગત :** - ત્રણે લોકનું, **પરમેશ્વરત્વં** - પરમેશ્વરપણું.

**ભાવાર્થ :** ચંદ્ર જેવા ઉજ્જવળ, સૂર્યનાં કિરણોના પ્રભાવને રોકી રાખનાર અને મોતીની

ઝૂલોના સમૂહથી જેની શોભા ઘણી વધી રહી છે, તેવા આપના મસ્તક ઉપર રહેલાં ત્રણ છત્રો આપનું ત્રણે જગતનું પરમેશ્વરપણું દર્શાવતાં શોભી રહ્યાં છે.

**ગમ્ભીર તાર રવપૂરિત - દિગ્વિભાગ**
**સ્ત્રૈલોક્યલોક શુભ સંગમ ભુતિદક્ષ:**
**સદ્ધર્મરાજ - જયઘોષણ - ઘોષક: સન્,**
**ખે દુંદુભિર્ધ્વનતિ તે યશસ: પ્રવાદી ॥૩૨॥**

**શબ્દાર્થ : ગમ્ભીર** - ગંભીર, **તાર** - મોટા, **રવ** - અવાજ, **પૂરિત** - ગજાવેલી, **દિગ્વિભાગ:**- દિશાઓ, **ત્રૈલોક્ય લોક** - ત્રણે લોકના લોકોને, **શુભ** - શુભ, **સંગમ** - સમાગમ, **ભુતિ** - આપવામાં, **દક્ષ:** - કુશળ, **સદ્ધર્મરાજ** - સદ્ધર્મના પ્રરૂપક એવા તીર્થંકર ભગવાન, **જયઘોષણ** - જય હો ! એવી, **ઘોષક:**- ઘોષણા, **સન્** - કરતો, **ખે** - આકાશમાં, **દુંદુભિ:** - દેવદુંદુભિ, **ધ્વનતિ** - નાદ ગુંજે છે, **તે** - આપના, **યશસ:** - યશનો, **પ્રવાદી** - વિશેષ પ્રગટ કરનારો.

**ભાવાર્થ :** ગંભીર અને મોટા અવાજ વડે જેના નાદે દિશાઓ ગજાવી મૂકી છે, ત્રણે લોકના લોકોને પ્રભુનો શુભ સમાગમ આપવામાં કુશળ અને સદ્ધર્મના રાજા એવા તીર્થંકર ભગવાનનો 'જય હો' એવા શબ્દોની ઘોષણા કરતો આકાશમાં થતો દુંદુભિનો નાદ આપના વિમળ યશને પ્રગટ કરી રહ્યો છે.

**મન્દાર - સુન્દર - નમેરુ - સુપારિજાત,**
**સંતાનકાદિ - કુસુમોત્કર - વૃષ્ટિરુદ્ધા ।**
**ગન્ધોદબિન્દુ - શુભમન્દ - મરુત્પ્રપાતા,**
**દિવ્યા દિવ: પતતિ તે વચસાં તતિર્વા ॥૩૩॥**

**શબ્દાર્થ : મન્દાર, સુન્દર, નમેરુ, સુપારિજાત, સંતાનકાદિ** - મંદાર, સુંદર, નમેરુ, સુપારિજાત, સંતાનક વગેરે નામના વૃક્ષના, **કુસુમ** - પુષ્પના, **ઉત્કર** - સમૂહની, **વૃષ્ટિ:** - વર્ષાથી, **ઉદ્ધા** - ઊર્ધ્વમુખી, **ગન્ધ** - સુગંધિત, **ઉદબિન્દુ** - પાણીનાં બિંદુઓની, **શુભ** - સુખદ્, **મંદ** - ધીમા, **મરુત્** - પવનથી, **પ્રપાતા** - પડતા, **દિવ્યા** - દેવલોકમાં ઉત્પન્ન, **દિવ:** - આકાશમાંથી, **પતતિ** - પડે છે, **તે** - તમારા, **વચસાં** - વચનોની, **તતિર્વા** - પંક્તિ જેમ.

**ભાવાર્થ :** હે ભગવન્ ! આપનાં વચનોની જે પંક્તિ ફેલાય છે તે જાણે કે દેવલોકમાં ઉત્પન્ન થતાં મંદાર, સુંદર, નમેરુ, સુપારિજાત, સંતાનક વગેરે નામનાં વૃક્ષોનાં સુગંધિત જળબિંદુઓથી યુક્ત ઊર્ધ્વમુખી ફૂલોનાં સમૂહની સુખદ મંદ મંદ પવનની લહેરથી આકાશમાંથી વર્ષા પડતી હોય તેવી લાગે છે.

**શુમ્ભ્રત્પ્રભાવલય - ભૂરિ - વિભા વિભોસ્તે,**
**લોકત્રય દ્યુતિમતાં દ્યુતિમાક્ષિપન્તી ।**
**પ્રોદ્યદ્ - દિવાકર - નિરન્તર - ભૂરિસંખ્યા,**
**દીપત્યા જયત્યપિ નિશામપિસોમ - સૌમ્યામ્ ॥૩૪॥**

**શબ્દાર્થ : શુમ્ભ્રત્** - શોભાયમાન, **પ્રભાવલય** - ભામંડળ, **ભૂરિવિભા** - અત્યંત તેજસ્વિત !, **વિભો** - હે પ્રભુ !, **તે** - તમારી, **લોકત્રય** - ત્રણે લોકના, **દ્યુતિમતાં** - તેજસ્વી પદાર્થોનાં, **દ્યુતિમ્** - દ્યુતિને - તેજને, **આક્ષિપન્તી** - પરાજિત કરે છે, **પ્રોદ્યદ્** - ઉદય પામતાં, પ્રકાશતાં, **દિવાકર** - સૂર્ય, **નિરન્તર** - સતત, **ભૂરિસંખ્યા** - અનેક સંખ્યાવાળા, **દીપત્યા** - તેજથી, **જયતિ** - જીતે, **અપિ** - પણ, **નિશામ્** - રાત્રિને, **અપિ** - પણ, **સોમ** - ચંદ્ર, **સૌમ્યામ્** - શીતળ પ્રભા વડે.

**ભાવાર્થ :** જેમ ચંદ્ર પોતાની શીતળ પ્રભા હોવા છતાં પણ પોતાના તેજ વડે રાત્રિના અંધકારને જીતે છે તેમ, પ્રકૃષ્ટ રૂપથી એકસાથે પાસે પાસે ઉદય પામતા અનેક સંખ્યાવાળા સૂર્યો જેવા હે પ્રભુ ! તમારા નિતાન્ત શોભાયમાન ભામંડળની અતિશય તેજસ્વિતા ત્રણે લોકના તેજસ્વી પદાર્થોના તેજને પરાજિત કરે છે, ઝાંખા પાડી દે છે.

**સ્વર્ગાપવર્ગગમમાર્ગ - વિમાર્ગણેષ્ટ**
**સદ્ધર્મ - તત્ત્વકથનૈક - પટુસ્ત્રિલોક્યામ્ ।**
**દિવ્યધ્વનિ ર્ભવતિ તે વિશદાર્થ સર્વ,**
**ભાષા સ્વભાવ - પરિણામ - ગુણૈઃ પ્રયોજ્યઃ ॥૩૫॥**

**શબ્દાર્થ : સ્વર્ગ** - દેવલોક અને, **અપવર્ગ** - મોક્ષ, **ગમમાર્ગ** - ગમનના માર્ગને, **વિમાર્ગણા** - બતાવવામાં, **ઈષ્ટ** - જે સહાયક, **સદ્ધર્મ** - સત્ય ધર્મના, **તત્ત્વ** - રહસ્યને, **કથને** - કહેવામાં, **એક** - જે અદ્વિતીય, **પટઃ** - નિપુણ (કુશળ), **ત્રિલોક્યામ્** - ત્રણે લોકને, **દિવ્ય** - અલૌકિક, **ધ્વનિ** - વાણી, **ભવતિ** - થાય છે, **તે** - તમારો, **વિશદાર્થ** - વિસ્તૃત સ્પષ્ટ અર્થ, **સર્વભાષા** - સર્વ ભાષાના, **સ્વભાવ** - ગુણને, **પરિણામ** - પરિણમન કરનાર, **ગુણૈઃ** - ગુણોથી, **પ્રયોજ્યઃ** - યુક્ત છે.

**ભાવાર્થ :** હે પ્રભુ ! આપની અલૌકિક વાણી દેવલોક અને મોક્ષનો માર્ગ બતાવવામાં સહાયક છે. ત્રણે લોકના સત્યધર્મનાં રહસ્ય કહેવામાં અદ્વિતીય, નિપુણ અને કુશળ છે. પદાર્થના વિસ્તૃત, સ્પષ્ટ ભાવાર્થ બતાવવામાં તથા સર્વ ભાષાઓના ગુણને પરિણમન કરી શકે તેવા ગુણોથી યુક્ત છે.

**ઉન્નિદ્ર - હેમનવ - પંકજ - પુંજ - કાન્તિ,**
**પર્યુલ્લ સન્નખ - મયૂખ - શિખાભિરામૌ।**
**પાદૌ પદાનિ તવ યત્ર જિનેન્દ્ર ! ધત્ત:,**
**પદ્માનિ તત્ર વિબુધા: પરિકલ્પયન્તિ ॥૩૬॥**

**શબ્દાર્થ : ઉન્નિદ્ર** - ખીલેલા, **હેમ** - સુવર્ણના, **નવ** - તાજાં, **પંકજ** - કમળના, પુંજ - સમૂહની, **કાન્તિ** - કાંતિ, **પરિ** - ચારે બાજુથી, **ઉલ્લસત્** - ઝળહળતાં, **નખ** - નખના, **મયૂખ** - કિરણોના, **શિખા** - અગ્ર ભાગથી, **અભિરામૌ** - મનોહર, **પાદૌ** - બે પગો, **પદાનિ** - પગલાં, **તવ** - તમારા, **યત્ર** - જ્યાં, **જિનેન્દ્ર** - હે જિનેશ્વર !, **ધત્ત:** - મૂકે છે, **પદ્માનિ** - કમળોની, **તત્ર** - ત્યાં, **વિબુધા:** - દેવો, **પરિકલ્પયન્તિ** - રચના કરે છે.

**ભાવાર્થ :** હે જિનેશ્વર ! તમારા પગના નખના અગ્રભાગ તાજાં ખીલેલાં સુવર્ણકમળોના સમૂહ જેવી સુંદર કાંતિને ધારણ કરવાવાળા, ચારેબાજુથી ઝળહળતાં કિરણોના પ્રકાશથી મનોહર છે, તેવાં પગલાં જ્યાં જ્યાં આપ મૂકો છો ત્યાં ત્યાં દેવો સુવર્ણનાં કમળોની રચના કરે છે.

## ભક્તામર અપૂર્ણ

# પરદેશીરાજા અને કેશીસ્વામીનો સંવાદ

## (આધાર : રાયપસેણીય સૂત્ર)

### પરદેશીરાજાનો પરિચય

આ અવસર્પિણિ કાળના ચોથા આરામાં આ જંબૂદ્વીપ નામના દ્વીપમાં દક્ષિણ ભરત ક્ષેત્રમાં કેકયાર્ધ નામે દેશ હતો. જે વૈભવશાળી મહેલોયુક્ત, કોઈપણ પ્રકારના ભય રહિત, સમૃદ્ધ, ધનધાન્યથી ભરપૂર હતો. દરેક ઋતુમાં ફળ, ફૂલથી યુક્ત, રમણીય, નંદનવન સમાન, મનને પ્રસન્ન કરનારો અને ખૂબ મનોહર હતો.

તે કેકયાર્ધ દેશમાં શ્વેતાંબિકા નામે નગરી હતી. તે પણ ઉપર કહ્યા પ્રમાણે ઋદ્ધિસંપન્ન હતી. તે નગરીના ઈશાન ખૂણામાં મૃગવન નામે એક ઉદ્યાન હતું. દરેક ઋતુમાં ફળ, ફૂલથી યુક્ત, રમણીય, નંદનવન સમાન હતું. તે નગરીના રાજાનું નામ પરદેશી હતું. તે રાજા પરાક્રમી અને મહાન હતો. પરંતુ તે રાજા અધાર્મિક, અધર્મ માર્ગનું અનુસરણ કરનારો, અધર્મમય સ્વભાવવાળો અને અધર્મ આચારવાળો હતો. તેના હાથ હંમેશાં લોહીથી ખરડાયેલા રહેતા હતા. તે સાક્ષાત્ પાપનો અવતાર હતો. પ્રચંડ ક્રોધી, ભયાનક અને અધમ હતો. બીજાને દુ:ખ દેનારો, શીલ રહિત, લડાઈ ઝગડા કરી હિંસા વગેરે સર્વ પાપકાર્યમાં રહેતો હોવાથી નિર્ગુણ હતો.

તે પરદેશીરાજાની સૂર્યકાંતા નામે રાણી હતી. જે સુકોમળ અંગોવાળી હતી. તેમનો સૂર્યકાંતકુમાર નામે યુવરાજ હતો. તે પરદેશીરાજાનો એક મિત્ર જેવો ચિત્ત નામનો સારથી હતો. તે પણ ઘણો ઋદ્ધિ સંપન્ન હતો. રાજાના ઘણાં રાજકાર્યમાં, ગુપ્તકાર્યોમાં, નિર્ણય લેવાના કામો વગેરેમાં તેની સલાહ લેવામાં આવતી હતી.

### ચિત્ત સારથીનું જિતશત્રુ રાજાના રાજ્યમાં ગમન :

તે સમયે કુણાલ નામના દેશમાં શ્રાવસ્તી નામે નગરી હતી. તે નગરીમાં જિતશત્રુ નામનો ઘણો પરાક્રમી અને મેરુપર્વત જેવો અડોલ રાજા રાજ્ય કરતો હતો.

એક દિવસ પરદેશીરાજાએ ચિત્ત સારથીને બોલાવીને કહ્યું કે- ''તમે શ્રાવસ્તી નગરીમાં જિતશત્રુરાજા સાથે રહીને સ્વયં ત્યાંની શાસન વ્યવસ્થા, રાજાની દિનચર્યા, રાજનીતિ અને રાજવ્યવહાર જુઓ.'' શ્રાવસ્તીનગરી જવાની તૈયારી કરીને ચિત્તસારથી એક દિવસ રવાના થયા. શ્રાવસ્તી પહોંચીને રાજા જિતશત્રુને રાજા પરદેશી દ્વારા મોકલાયેલી અનેક ભેટો આપી. રાજાએ તેને રોકાવા માટે મહેલ આપ્યો.

તે કાળે, તે સમયે દેવોથી પણ વધારે સ્વરૂપવાન, સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્રના ધારક, દસ સાધુધર્મયુક્ત, ચાર કષાયને જીતનારા, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિયુક્ત, ઘોર પરિષહોને જીતનારા, કઠોર તપસ્વી, ચાર જ્ઞાનના ધારક ભગવાન પાર્શ્વનાથની પરંપરાના

કેશીકુમાર નામના શ્રમણ પાંચસો સાધુ શિષ્ય પરિવાર સાથે ગ્રામાનુગ્રામ વિચરણ કરતાં શ્રાવસ્તીનગરીની બહાર કોષ્ઠક ઉદ્યાનમાં આજ્ઞા લઈને બિરાજમાન થયા.

સમગ્ર નગરમાં મહાન તપસ્વી કેશીકુમાર પધાર્યાના સમાચાર મળતાં જ લોકો દર્શન કરવા માટે નીકળી પડયા. ચિત્ત સારથી પણ શીઘ્ર કેશીકુમારના દર્શનાર્થે ગયા. કેશીસ્વામીને વંદન નમસ્કાર કરીને તેમની ધર્મદેશના સાંભળી. કેશીકુમાર શ્રમણે પરિષદને ચાર મહાવ્રતરૂપ અને શ્રાવકના ૧૨ વ્રતધર્મનું નિરૂપણ કર્યું. આ સાંભળીને ચિત્ત સારથી ખૂબ જ પ્રસન્ન અને પ્રભાવિત થયા. તેમણે કેશીકુમાર શ્રમણ પાસે શ્રાવકનાં બાર વ્રત ધારણ કર્યાં. આ રીતે ચિત્ત સારથી ધર્મ સાંભળીને નિગ્રંથ પ્રવચન પર દૃઢ શ્રદ્ધાવાન શ્રમણોપાસક બની ગયા.

જિતશત્રુરાજા સાથે રહી રાજકાર્ય અને રાજવ્યવહારનો અભ્યાસ કરીને ચિત્ત સારથી પોતાના દેશ પાછા ફરવા નીકળ્યા. શ્રાવસ્તીથી બહાર નીકળી કોષ્ઠક ઉદ્યાનમાં જ્યાં કેશીકુમાર શ્રમણ બિરાજતા હતા ત્યાં આવી તેમને વંદન નમસ્કાર કર્યાં. અત્યંત ભાવપૂર્વક તેમણે કેશીકુમારને શ્વેતાંબિકાનગરી પધારવાની વિનંતિ ત્રણવાર કરી અને ખૂબ જ આગ્રહ કર્યો. કેશીકુમારે તમારી વિનંતી ધ્યાનમાં રાખીશું, એમ કહ્યું.

શ્વેતાંબિકાનગરી પાસે પહોંચીને ચિત્ત સારથીએ મૃગવન ઉદ્યાનના રક્ષકોને બોલાવીને આજ્ઞા કરી કે- ''જ્યારે ભવિષ્યમાં ભગવાન પાર્શ્વનાથની પરંપરાના કેશીકુમાર શ્રમણ અહીં પધારે તો મને વિના વિલંબે જાણ કરવી'' તેવી સૂચના આપી. ત્યાર પછી ચિત્ત સારથી પરદેશીરાજાની સેવામાં પહોંચી ગયા અને જિતશત્રુરાજાએ મોકલેલી ભેટો આપી. ત્યાંની રાજવ્યવસ્થા વગેરે ચર્ચા પણ તેણે કરી લીધી.

**કેશીકુમારશ્રમણનું શ્વેતાંબિકામાં આગમન :**

કોઈ એક સમયે ગામ નગરમાં વિચરણ કરતાં કરતાં કેશીકુમાર શ્રમણ શ્વેતાંબિકા નગરીની બહાર મૃગવન નામના ઉદ્યાનમાં આજ્ઞા લઈને ઊતર્યા. ઉદ્યાનરક્ષકોએ કેશીકુમાર શ્રમણ પધાર્યા છે, તે વાત જાણીને ચિત્ત સારથીને તુરંત સૂચના આપી. ચિત્ત સારથી આનંદથી ઝૂમી ઊઠયો. ઝડપભેર તૈયાર થઈને તે તુરંત તેમની સેવામાં પહોંચી ગયો. તેણે કેશીકુમાર શ્રમણને વિનંતીપૂર્વક કહ્યું ''હે ભગવાન ! અમારો રાજા અધાર્મિક છે, તે રાજવ્યવસ્થા બરાબર સંભાળતા નથી તથા લોકોના હિતનું રક્ષણ કે પ્રજાપાલન યોગ્ય રીતે કરતા નથી. મારી આપને વિનંતી છે કે આપ પરદેશી રાજાને ધર્મઉપદેશ આપો. આથી સમસ્ત લોકો, પ્રાણીઓ, સાધુઓ વગેરે સર્વ માટે તે ઘણું જ લાભકારી, હિતકારી અને ગુણકારી થશે.'' આ વાત સાંભળીને કેશીકુમાર શ્રમણે ચિત્તને સમજાવ્યું કે

**જીવ ચાર કારણોથી કેવળી પ્રરૂપિત ધર્મ સાંભળવાનો લાભ પ્રાપ્ત કરે છે.**

૧. જે વ્યક્તિ નગર કે ઉદ્યાનમાં પધારેલા સાધુ-સંતોને વંદન-નમસ્કાર કરે છે, કલ્યાણ રૂપ

અને મંગલરૂપ માને છે, તેમની પર્યુપાસના કરે છે તે.

૨. જે વ્યક્તિ ઉપાશ્રયમાં પધારેલા સાધુ-સંતોને વંદન-નમસ્કાર કરે છે, પ્રશ્નો પૂછીને ભાવાર્થ અને વ્યાખ્યાઓ જાણે છે તે.

૩. જે વ્યક્તિ ગોચરી માટે ગયેલ સાધુ-સંતોને વંદન-નમસ્કાર કરે છે. તેમને ચાર પ્રકારના આહારનું દાન દઈ પ્રતિલાભિત કરે છે, ભાવાર્થ આદિ પૂછે છે તે.

૪. જે વ્યક્તિ સાધુ, શ્રમણનો ભેટો થવા પર પોતાની જાતને કોઈપણ રીતે છુપાવતો નથી તે.

આનાથી ચાર વિપરીત કારણોનું સેવન કરવાથી જીવ કેવળી પ્રરૂપિત ધર્મ સાંભળવાનો લાભ પ્રાપ્ત કરતો નથી. આ વાત જાણીને ચિત્તે કહ્યું કે હું પરદેશીરાજાને કંબોજ દેશથી આવેલા ચાર ઘોડાનું પરીક્ષણ કરવાના બહાને અહીં લાવીશ અને ત્યારે આપ તેને આપની ઇચ્છા અનુસાર ઉપદેશ આપજો.

## પરદેશીરાજા અને કેશીસ્વામીનું મિલન

બીજે દિવસે ચિત્તસારથી રાજા પાસે ગયા અને કહયું કે- ''કંબોજ દેશના નાગરિકોએ આપના માટે ચાર ઘોડા મોકલ્યા છે, આપ તેનું નિરીક્ષણ કરો.'' રાજાની આજ્ઞા લઈને ચિત્તે ચાર ઘોડા જોડીને રથ તૈયાર કરાવ્યો. રથ પર બેસી તેઓ ખૂબ દૂર સુધી નીકળી ગયા. તાપ અને તરસથી થાકી જવા પર તેઓ પોતાની નગરી તરફ પાછા ફર્યા. થાકેલા રાજાને લઈ ચિત્ત સારથી જાણી જોઈને કેશીકુમાર શ્રમણ હતા, તે ઉદ્યાન પાસે આવ્યા. ઘોડાઓને ઘાસ ચરવા અને રાજાને આરામ કરવા નીચે ઉતાર્યા.

અચાનક રાજા પરદેશીએ કેશીકુમાર શ્રમણને મોટી પરિષદને ધર્મઉપદેશ આપતા જોયા. પરદેશીએ ચિત્તને પૂછયું, ''આ પુરુષ આટલા માનવ સમુદાય વચ્ચે બેસીને શા માટે જોરજોરથી બોલી રહ્યો છે ? જડ પુરુષ જડ પુરુષની સેવા કરે છે. જેને કારણે હું મારા જ પ્રદેશમાં સ્વેચ્છાપૂર્વક હરીફરી નથી શક્તો ! મને જાણીને કહો કે આ પુરુષ કોણ છે ?

ચિત્તે પરદેશીરાજાને કહ્યું ''હે સ્વામી ! આ તો ભગવાન પાર્શ્વનાથની પરંપરાના શિષ્ય કેશીકુમાર શ્રમણ છે. તેઓ ઊંચ કુળના અને ચાર જ્ઞાનના સ્વામી છે. તેઓનું અવધિજ્ઞાન તો પરમ અવધિજ્ઞાનથી થોડું જ ઓછું છે. તેઓ અન્યના ઘરેથી પ્રાસુક અને એષણીય આહાર લઈ જીવનનિર્વાહ કરે છે.'' આશ્ચર્ય સાથે પરદેશી રાજા તેમને મળવા માટે તેમની પાસે આવ્યા અને દૂર ઊભો રહી કહેવા લાગ્યા.

## પરદેશી અને કેશીસ્વામી વચ્ચે વાર્તાલાપ

**પરદેશી :** ''હે ભદંત ! આપનું અવધિજ્ઞાન પરમ અવધિજ્ઞાનથી થોડું ઓછું છે ? અને આપ પ્રાસુક અને એષણીક આહાર જ ગ્રહણ કરો છો ?''

**કેશીસ્વામી :** ''હે પરદેશી ! જેમ કોઈ અંક રત્ન આદિના વ્યાપારી રાજ્યના કારવેરામાંથી છટકીજવા માટે કોઈને સીધો માર્ગ પૂછતાં નથી પરંતુ આડાઅવળા માર્ગે ચાલે છે, તેમ હે

પરદેશી ! તમે પણ વિનય ન કરવાની ભાવનાથી પ્રેરિત થઈને મને શિષ્ટાચારથી કે નમ્રતાથી પ્રશ્ન પૂછતાં નથી. હે પરદેશી ! મને જોઈને તમને એવો વિચાર ઉત્પન્ન થયેલો કે આ જડ લોકો જડની પર્યુપાસના કરે છે, જેને કારણે હું મારા જ પ્રદેશમાં સ્વેચ્છાપૂર્વક હરીફરી નથી શક્તો ! શું મારી આ વાત સાચી છે ?''

**પરદેશી :** ''હે ભદંત ! હા, સાચી છે. તમારી પાસે એવું કયું જ્ઞાન અને દર્શન છે, જેના દ્વારા આપે મારા મનના ભાવોને જાણ્યા અને જોયા ?''

**કેશીસ્વામી :** ''હે પરદેશી ! અમારા મતે મતિ, શ્રુત, અવધિ, મન:પર્યવ અને કેવળજ્ઞાન તેમ પાંચ જ્ઞાન છે. તેમાં મન:પર્યવજ્ઞાનથી મનના વિચારો જાણી શકાય છે. એ પાંચ જ્ઞાનમાંથી મને ચાર જ્ઞાન પ્રાપ્ત થયા છે.'' આમ કહી કેશીસ્વામીએ પરદેશીરાજાને પાંચે જ્ઞાનનું વિસ્તારથી વર્ણન સંભળાવ્યું. આ વર્ણન સાંભળીને પરદેશીએ ત્યાં બેસવાની અનુજ્ઞા માંગી.

**કેશીસ્વામી :** ''હે પરદેશી ! આ ઉદ્યાનભૂમિ આપની જ છે. તે માટે અમારે કંઈ કહેવું તે સાધુકલ્પ નથી. આપ જ વિચાર કરી લો.''

(પરદેશીરાજા ત્યાં બેસે છે. આત્મા અને શરીર અલગ નથી તે વાત સિદ્ધ કરવા પોતાની માન્યતા અંગે ૧૦ પ્રશ્નો પૂછે છે.)

**૧. નારકી જીવ મનુષ્યલોકમાં આવતા નથી.**

**પરદેશી :** ''હે ભદંત ! આપ માનો છો કે શરીર અને જીવ અલગ છે ?''

**કેશીસ્વામી :** ''હા, હું માનું છું કે જીવ અને શરીર અલગ છે.''

**પરદેશી :** ''હે ભદંત ! મારા દાદા ખૂબ જ અધર્મી હતા. ઘણા પાપી હતા. તેથી આપના મતે તેઓ નરકમાં ઉત્પન્ન થયા હશે. હું તેમને ખૂબ જ પ્રિય હતો. તો મારા દાદા નરકમાંથી અહીં આવીને મને કહે કે- ''પૌત્ર ! તું આવા ઘોર પાપ કરીશ, તો મારી જેમ દુ:ખ ભોગવીશ, પરંતુ હજુ સુધી મારા દાદા મને કહેવા માટે આવ્યા નથી, માટે હું માનું છું કે શરીર અને જીવ બંને એક જ છે, પરંતુ અલગ અલગ નથી.''

**કેશીસ્વામી :** ''હે પરદેશી ! તારી સૂર્યકાંતા માનીતી રાણી છે. ખરું ને ? સૂર્યકાંતા સ્વચ્છ થઈ અને વિવિધ અલંકારોથી વિભૂષિત હોય અને અન્ય પરપુરુષ તારી સૂર્યકાંતારાણી સાથે ભોગ ભોગવતાં તું જોવે, તો તું તે પુરુષને શું સજા કરે ?''

**પરદેશી :** ''હે ભદંત ! તેને તો કડકમાં કડક શિક્ષા કરું, તેના બંને હાથ અને બંને પગ કાપી નાખું, ફાંસીએ ચડાવી દઉં અથવા એક જ ઘાથી ધડ અને મસ્તક અલગ કરી નાંખું, અથવા ઊંચા પર્વત ઉપરથી ફેંકુ કે જેથી તેનું મૃત્યુ થાય.

**કેશીસ્વામી :** ''હે પરદેશી ! જો તે દુરાચારી પુરુષ તને કહે કે સ્વામિન્ ! આપ થોડી વખત થોભી જાવ કારણ કે હું મારા માતા-પિતા, પુત્ર, મિત્ર, સ્નેહીને કહીને આવું કે હું મારા

પાપનાં આવા કડવાં ફળ ભોગવી રહ્યો છું. માટે તમે પાપકર્મ કરશો નહીં. તો હે પરદેશી ! તું તે દુરાચારીની વાત થોડો સમય માટે સ્વીકારી લઈશ ?''

**પરદેશી :** ''હે ભદંત ! તે દુરાચારીનાં વચનો ઉપર વિશ્વાસ કઈ રીતે રાખી શકાય ? માટે તે અપરાધીનાં વચનો હું ન સ્વીકારું.''

**કેશીસ્વામી :** ''હે પરદેશી ! તારા દાદા પણ અપરાધી છે. તે જલદી મનુષ્ય લોકને ઈચ્છે છે, પણ આવી શક્તાં નથી. **ચાર કારણે તત્કાળ ઉત્પન્ન થયેલા નારકી અહીં આવી શક્તા નથી.**

(૧) તીવ્ર વેદના અનુભવે છે, માટે.

(૨) પરમાધામીરૂપ નરકપાલકો વડે વારંવાર દંડાય છે, પીડાય છે માટે.

(૩) નરકમાં ભોગવવા યોગ્ય કર્મો ક્ષીણ થયા નથી, માટે.

(૪) નરકના આયુષ્યનો ઉદય છે માટે. આ ચાર કારણે તારા દાદા પણ અહીં આવી શકતા નથી. માટે આપ માનો કે શરીર અને જીવ અલગ છે.''

**પરદેશી :** ''હે ભદંત ! આપની વાત દષ્ટાંતરૂપ છે. આ ઉપમા વાસ્તવિક નથી, છતાં માની લઉં કે શરીર અને જીવ અલગ છે, પણ હજી મને ઘણી શંકા છે.''

**૨. દેવો મનુષ્યલોકમાં આવતા નથી.**

**પરદેશી :** ''હે ભદંત ! મારા દાદી ઘણા ધાર્મિક વૃત્તિવાળા હતા. આપના મત પ્રમાણે તેઓ દેવલોકમાં ઉત્પન્ન થયા હશે. જો તે મને આવીને કહે કે - ''હે પૌત્ર ! ધર્મ કરવાથી સુખી થવાય છે. માટે અધર્મ છોડી ધર્મ કર. તો હું માનું કે જીવ અને શરીર અલગ છે.''

**કેશીસ્વામી :** ''હે પરદેશી ! આપ સ્વચ્છ થઈને આભૂષણ આદિથી સજ્જ થયા હોય, ત્યારે કોઈ પુરુષ જાજરૂમાં રહીને કહે કે-હે સ્વામિન્ ! અહીં આવો અને થોડા સમય માટે અહીં બેસો, ઊભા રહો કે આરામ કરો, તો તમે તેની વાતને સ્વીકારશો ?''

**પરદેશી :** ''હે ભદંત ! તે સ્થાન અપવિત્ર છે, તેથી તેની વાત ન સ્વીકારું.''

**કેશીસ્વામી :** ''હે પરદેશી ! તેવી જ રીતે તમારા દાદી દેવલોકમાં ઉત્પન્ન થયાં છે પરંતુ તેમની ઈચ્છા હોવા છતાં તત્કાળ ઉત્પન્ન થયેલા દેવો ચાર કારણે મૃત્યુલોકમાં આવતા નથી.

(૧) દેવ દેવલોકના દિવ્ય કામભોગમાં મૂર્ચ્છિત થયેલા હોય છે. તેને મનુષ્યના ભોગ તુચ્છ લાગે છે.

(૨) મનુષ્ય સંબંધી પ્રેમ દેવ-દેવીઓના પ્રેમમાં ફેરવાઈ જાય છે.

(૩) હમણાં જ જઈશ તેમ વિચારે છે, પણ દેવલોકમાં નાટક આદિ. ભોગમાં તલ્લીન બની જાય છે. તે દેવ અહીં આવે તે પહેલાં તેના સ્વજનોનું મૃત્યુ થઈ ગયું હોય છે.

(૪) મનુષ્યલોકની દુર્ગંધ ૪૦૦-૫૦૦ યોજન સુધી ઊંચે જાય છે. તે દુર્ગંધના કારણે દેવ મનુષ્યલોકમાં આવતા નથી.''

**પરદેશી :** ''હે ભદંત ! આપની વાત બુદ્ધિયુક્ત છે, પણ વાસ્તવિક નથી. મને હજુ પણ ઘણી શંકા છે.

**૩. અરૂપી જીવ નીકળે તો દેખાતો નથી.**

**પરદેશી :** ''એક વખત હું સ્નેહીજનો સાથે બેઠો હતો, ત્યારે કેટલાક નગરરક્ષકો એક ચોરને પકડી લાવ્યા. મેં તેને લોખંડની સંપૂર્ણ બંધ થઈ શકે, તેવી કુંભીમાં જીવતો જ બંધ કરી દીધો. પછી વિશ્વાસપાત્ર માણસોને મેં તેની રક્ષા માટે તેની પાસે જ રાખ્યા. થોડા સમય પછી મેં તે કુંભી ખોલી, તો ચોરનો મૃતદેહ કુંભીમાં હતો, તે કુંભીમાંથી જીવ નીકળી શકે તેવી જગ્યા જ ન હતી અને કુંભીમાંથી જીવ નીકળ્યો પણ નથી અને તેથી જ જીવ અને શરીર બંને એક જ છે તેમ માનું છું.''

**કેશીસ્વામી :** ''હે પરદેશી ! જેમ કોઈ કૂટાગારશાળા (પર્વતના આકાર જેવું ભવન) હોય અને તે એવી રીતે બંધ થતું હોય કે જેથી તેમાંથી હવા પણ બહાર આવી શકે નહીં. તે કૂટાગારશાળામાં કોઈ ભેરી અને દંડ લઈને જાય પછી સંપૂર્ણ બંધ કરી શાળાની મધ્યમાં જઈ જોરથી ભેરી વગાડે તો તે અવાજ કુટાગારશાળાની બહાર સંભળાય ?''

**પરદેશી :** ''હે ભદંત ! હા, ભેરીનો અવાજ જરૂર સંભળાય.''

**કેશીસ્વામી :** ''હે પરદેશી ! તો આપ વિચાર કરો કે જો કૂટાગારશાળામાંથી પુદ્‌ગલરૂપ જડ શબ્દો બહાર નીકળી શક્તાં હોય, તો પછી જીવ તો અપ્રતિહત ગતિના ગુણવાળો છે, અર્થાત્ પૃથ્વી, શીલા કે લોખંડની કુંભીમાંથી સરળતાથી બહાર નીકળી શકે છે. માટે આપ માનો કે શરીર અને જીવ અલગ છે.''

**પરદેશી :** ''હે ભદંત ! મને આ બધી વાત યુક્તિવાળી લાગે છે, વાસ્તવિક લાગતી નથી. મને હજી પણ શંકા છે.'

**૪. જીવની અપ્રતિહત ગતિનું નિરૂપણ.**

**પરદેશી :** ''એકવાર હું સ્વજનો સાથે બેઠો હતો ત્યારે નગરરક્ષકો એક ચોરને લઈને આવ્યા. મેં તે ચોરને ત્યાં ને ત્યાં જ મારી નાખ્યો અને પછી લોખંડના નાળામાં બંધ કરી દીધો. નાળા પાસે કેટલાક રક્ષક રાખ્યા. થોડા દિવસ પછી મેં નાળું ખોલ્યું, તો તેમાં અનેક કીડા થઈ ગયા હતાં. તે કીડાનો જીવ તેના શરીરથી અલગ હોય, તો તે નાળામાં આવ્યો કઈ રીતે ? માટે હું માનું છું કે જીવ અને શરીર બંને એક જ વસ્તુ છે.''

**કેશીસ્વામી :** ''આપની પાસે એવું લોખંડ છે કે જેને પહેલાં ક્યારેય અગ્નિમાં ગરમ કર્યું હોય અથવા કરાવ્યું હોય ?''

**પરદેશી :** ''હે ભદંત ! હા. એવું લોખંડ છે.''

**કેશીસ્વામી :** ''હે પરદેશી ! તે લોખંડ જ્યારે અગ્નિમાં તપાવવામાં આવે છે ત્યારે તે

લોખંડમાં અગ્નિ પ્રવેશે છે ? અને લોખંડ અગ્નિરૂપ થઈ જાય છે ?''

**પરદેશી :** ''હા.''

**કેશીસ્વામી :** ''હે પરદેશી ! તે લોખંડમાં છિદ્ર હોય છે કે જેથી અગ્નિ તેમાં પ્રવિષ્ટ થઈ શકે ?''

**પરદેશી :** ''હે ભદંત ! ના, તે લોખંડ તો નક્કર હોય છે.''

**કેશીસ્વામી :** ''હે પરદેશી ! જો લોખંડમાં છિદ્ર ન હોય છતાં પુદ્ગલરૂપ રૂપી પદાર્થ અગ્નિ તેમાં પ્રવેશી શકે, તો પછી અપ્રતિહત ગતિવાળો જીવ તે નાળામાં પ્રવેશી શકે તેમાં વિશેષતા શું છે ? માટે આપ માનો કે શરીર અને જીવ અલગ છે.''

**પરદેશી :** ''હે ભદંત ! હજી હું માનવા તૈયાર નથી.'

**૫. જીવ એક જ હોય પણ ન્યૂન સાધનથી લક્ષવેધ કરી શકતો નથી.**

**પરદેશી :** ''હે ભદંત ! જેમ અનેક કળાઓમાં નિપુણ યુવક પાંચ બાણોથી એકી સાથે પાંચ લક્ષ્ય વીંધી શકે છે, પરંતુ કોઈ બાળક કે વૃદ્ધ અનેક કળાઓને નહીં જાણનાર વ્યક્તિ પાંચ બાણોથી એકીસાથે પાંચ લક્ષ્યને વીંધી શક્તો નથી. યુવાન અને બાળક બંનેનો જીવ જો સરખો હોય તો આમ ન બને. માટે હું માનું છું કે જીવ અને શરીર એક જ છે.''

**કેશીસ્વામી :** ''હે પરદેશી ! યુવાન નિપુણ પુરુષ નવા ધનુષ્ય વડે, નવા બાણથી એકીસાથે પાંચ લક્ષ્ય વીંધી શકે છે, પરંતુ તે જ યુવાન જીર્ણ ધનુષ્ય, જીર્ણ દોરીથી પાંચ બાણ છોડે, તો તે એકી સાથે પાંચ લક્ષ વીંધી શકતો નથી, કારણ તેની દોરી આદિ સાધન જીર્ણ છે.

તેવી જ રીતે વૃદ્ધ કે બાળકનું શરીર, તેના કળા, કુશળતારૂપ સાધન ન્યૂન હોવાથી બાળક અને યુવાન બંનેના જીવ સરખા હોવા છતાં બાળક વીંધી શકતો નથી.'

**૬. જીવ એક જ હોય પણ નબળા સાધનથી ભારવહન થતો નથી .**

**પરદેશી :** ''હે ભદંત ! યુવાન કળાને જાણકાર લોખંડના ભારને, શીશાના ભારને વહન કરી શકે છે અને તે જ પુરુષ વૃદ્ધ બનતા લોખંડ આદિના ભારને વહન કરી શકતો નથી. આપ કહો છો કે બધા જીવ સરખા હોય તો આમ ફેર કેમ છે ?''

**કેશીસ્વામી :** ''હે પરદેશી ! જેમ કોઈ યુવાન અને હોશિયાર પુરુષ નવી દોરાવાળી નવી કાવડથી લોખંડ આદિના ભારને વહન કરી શકે, પરંતુ જૂની દોરીવાળી જૂની કાવડથી વહન કરી શકતા નથી, કારણ કે તેનું સાધન નબળું છે, તેમ જ યુવાન પાસે શરીરરૂપી સાધન સારું હોય, જ્યારે વૃદ્ધનું શરીરરૂપી સાધન નબળું થઈ ગયું હોય, માટે ભાર વહન કરી શકતા નથી. માટે મારી વાત પર વિશ્વાસ કરો કે જીવ અને શરીર અલગ છે.''

**૭. જીવ અગુરુલઘુ છે, તેથી તેનું કોઈ વજન નથી.**

**પરદેશી :** ''હે ભદંત ! એક દિવસ એક ચોરને રક્ષકો લાવ્યા. મેં તેનું વજન કર્યું પછી હાથ પગ કાપ્યા વગર જીવરહિત કરી નાખ્યો, પછી તેનું વજન કર્યું, પણ વજનમાં કોઈ ફેર પડ્યો

નહીં. જો જીવ જેવી કોઈ વસ્તુ હોય તો તેનું વજન વધવું જોઈએ. તેથી હું એમ માનું છું કે જીવ અને શરીર એક જ છે.''

**કેશીસ્વામી :** ''હે પરદેશી ! તમે ક્યારેય ધમણ (ફુગ્ગા) માં હવા ભરી છે ,ભરાવી છે ?''

**પરદેશી :** ''હા ભદંત !''

**કેશીસ્વામી :** ''તો તે ફુગ્ગામાં હવા ભરીને વજન કરો અને હવા કાઢીને વજન કરો, તેમાં કાંઈ ફેર જણાયો !''

**પરદેશી :** ''ના, તેના વજનમાં કોઈ ફેર ન પડે.''

**કેશીસ્વામી :** ''હે પરદેશી ! જીવને અગુરુલઘુત્વનો ગુણ છે. તેથી તેનું વજન હોતું નથી.''

**૮. કઠિયારાના ઉદાહરણથી જીવ અદશ્ય છે**

**પરદેશી :** ''હે ભદંત ! એક વખત રક્ષકો ચોરને લાવ્યા, મેં તેને ચારેબાજુથી જોયો, પણ ક્યાંય જીવ દેખાયો નહીં. તેના બે ટુકડા કર્યા પછી બંને ટુકડા જોયા છતાં જીવ દેખાયો નહીં, પછી બે, ચાર, આઠ અનેક ટુકડા કર્યા છતાં જીવ દેખાયો નહીં. તેથી હું માનું છું કે જીવ અને શરીર એક જ છે.

**કેશીસ્વામી :** ''હે પરદેશી ! તમે મને પેલા કઠિયારા કરતાં પણ વધારે મૂર્ખ લાગો છો. કેટલાક કઠિયારા હતા, તેઓ લાકડા કાપવા ગયા. એક કઠિયારાએ બીજા કઠિયારાને કહ્યું કે - 'તમે આ અગ્નિના પાત્રમાંથી અગ્નિ લઈ ભોજન બનાવજો. જો અગ્નિ બુઝાઈ જાય તો આ અરણીના લાકડા વડે ભોજન બનાવજો.' એમ કહી બધાં લાકડાં કાપવા ગયા. પાછળથી પેલો કઠિયારો ભોજન બનાવવા અગ્નિપાત્ર પાસે ગયો, ત્યારે તે બુઝાઈ ગયેલ હતું. તેથી અરણીનાં લાકડાં પાસે આવ્યો અને જોયું તો અગ્નિ દેખાતી નથી. બે, ચાર, આઠ અનેક ટુકડા કર્યા અને થાકી ગયો, પણ અગ્નિ જોવા ન મળી. તેથી તે નિરાશ થઈ ગયો. અન્ય કઠિયારાએ તે અરણીના લાકડામાંથી અગ્નિ ઉત્પન્ન કરી ભોજન આદિ બનાવ્યા.

તે અરણીના લાકડાથી અજાણ હતો, મૂર્ખ હતો. તેમ તમે પણ માણસના ટુકડા કરી જીવને જોવા તૈયાર થયા હતા. જીવ અરૂપી ગુણવાળો છે. ચક્ષુથી તે જોઈ શકાય નહીં. તેથી તમે મને પેલા કઠિયારા કરતાં પણ વધારે મૂર્ખ લાગો છો.''

**પરદેશી :** ''હે ભદંત ! આપ પંડિત, તત્ત્વજ્ઞ, કુશળ, વિનય-વિવેકયુક્ત છો. આપના વડે મારી સાથે આ રીતે અતિવિશાળ પરિષદમાં આવા કઠોર શબ્દથી સંલાપ કરવો અને અપમાનજનક વચનથી બોલવું તે યોગ્ય છે ?''

## ચાર પરિષદ અને તેના દંડ

**કેશીસ્વામી :** ''હે પરદેશી ! આપ જાણો છો પરિષદ કેટલા પ્રકારની હોય છે ? આ પરિષદના અપરાધીની દંડનીતિ જાણો છો ?''

**પરદેશી :** ''હે ભદંત ! પરિષદ ચાર પ્રકારની હોય છે.

**૧. ક્ષત્રિય** પરિષદમાં અપરાધીના હાથ-પગ કાપી નાંખે અને મારી પણ નાંખે.

**૨. ગાથાપતિ**ની પરિષદમાં અપરાધીને વૃક્ષ સાથે બાંધી સળગાવી દેવામાં આવે.

**૩. બ્રાહ્મણ**ની પરિષદમાં અપરાધીને અતિ અમનોજ્ઞ શબ્દોથી ઠપકો આપવામાં આવે છે. તથા તપેલા લોખંડના સળિયાથી કપાળમાં ચિહ્ન કરે અથવા દેશનિકાલ કરે.

**૪. ઋષિ** પરિષદમાં અપરાધીને અતિ અમનોજ્ઞ એવી વાણીથી ઉપાલંભ (ઠપકો) આપવામાં આવે છે.''

**કેશીસ્વામી :** ''હે પરદેશી ! આપ દંડનીતિને સારી રીતે જાણો છો. તમે પણ મારાથી વિરુદ્ધ વ્યવહાર કર્યો છે. અહંકારયુક્ત અને પ્રતિકુળ વ્યવહાર કર્યો છે. તેથી દંડનીતિને અનુરૂપ મેં આપની સાથે અમનોજ્ઞ શબ્દોથી ઉપાલંભયુક્ત વ્યવહાર કર્યો છે.''

**પરદેશી :** ''હે ભદંત ! જ્યારે હું પ્રશ્નો કરવા બેઠો, ત્યારે જ મેં મનમાં વિચાર કરેલો કે - જો હું આ પુરુષ સાથે વિપરીત વ્યવહાર કરીશ, તો મને વધારે ને વધારે જ્ઞાન, ચારિત્ર, શ્રદ્ધા અને જીવના સ્વરૂપ વિશે સમજવા મળશે. માટે આવો વ્યવહાર કર્યો હતો.'

**વ્યવહારીના ચાર પ્રકાર**

**કેશીસ્વામી :** ''વ્યવહાર કર્તા કેટલા પ્રકારના છે, તમે જાણો છો ?''

**પરદેશી :** ''હા ભદંત ! વ્યવહારકના ચાર પ્રકાર છે : ૧. કોઈ કોઈને દાન આપે છે, પણ તેની સાથે સારી ભાષામાં બોલતો નથી. ૨. કોઈ સંતોષજનક વાતો કરે છે, પણ દાન દેતા નથી. ૩. કોઈ દાન આપે પણ છે અને લેનારા સાથે સંતોષજનક વાત પણ કરે છે. ૪. કોઈ આપતું પણ નથી અને સંતોષજનક વાત પણ કરતું નથી.''

**કેશીસ્વામી :** ''હવે આપ કહો, આમાં વ્યવહાર કુશળ કોણ ? અવ્યવહારી કોણ ?''

**પરદેશી :** ''પ્રથમ ત્રણ વ્યવહારી છે, પણ ચોથો અવ્યવહારી છે.''

**કેશીસ્વામી :** ''તે જ રીતે પરદેશી તમે પણ વ્યવહારી છો, અવ્યવહારી નથી કારણ કે તમે મારી સાથે શિષ્ટજન જેવો વાણી વ્યવહાર નથી કર્યો, પરંતુ મારા પ્રત્યે ભક્તિ અને સન્માન પ્રદર્શિત કર્યા છે, તે માટે તમે વ્યવહારી છો.''

**૯. છદ્મસ્થ જીવો દસ વસ્તુ જોઈ શક્તા નથી.**

**પરદેશી :** ''હે ભદંત ! આપ મને શરીરમાંથી જીવને બહાર કાઢી હાથમાં કમળ હોય, તે રીતે બતાવી શકો છો ?''

**કેશીસ્વામી :** ''સામે પેલા વૃક્ષ, તૃણ આદિ હાલતાં જુઓ છો ? તમે જાણો છો કે તેને કોણ હલાવે છે ?''

**પરદેશી :** ''હા, તેને કોઈ દેવ હલાવતાં નથી પણ પવનથી તે હાલે છે.''

**કેશીસ્વામી :** ''આપ તે હવાને જોઈ શકો છો ?''

**પરદેશી :** ''ના, તેના રૂપને જોઈ શક્તો નથી.''

**કેશીસ્વામી :** ''હે પરદેશી ! જો આપ ચક્ષુથી રૂપી, સશરીરી એવી હવાને જોઈ શક્તાં ન હોય,

તો તે ચક્ષુ વડે અશરીરી, અરૂપી એવો મુક્ત જીવ કઈ રીતે દેખાડી શકું ?
સામાન્ય રીતે છદ્મસ્થ જીવો ૧૦ વસ્તુ જોઈ શક્તા નથી.

૧. ધર્માસ્તિકાય, ૨. અધર્માસ્તિકાય,
3. આકાશાસ્તિકાય, ૪. અશરીરી જીવ,
૫. પરમાણુ પુદ્ગલ, ૬. શબ્દ
૭. ગંધ, ૮. વાયુ,
૯. આ જીવ જિન થશે કે નહીં ?,
૧૦. આ જીવ સમસ્ત કર્મનો અંત કરશે કે નહીં ?

તેથી આપણે હાથમાં કમળ હોય, તે રીતે જીવને જોઈ શકતા નથી.
અરિહંત, કેવળી આ દસને અને તેની બધી જ અવસ્થાઓને જોઈ અને જાણી શકે છે, તેથી તેમણે કહેલી આ વાત પર તમે શ્રદ્ધા કરો કે જીવ અને શરીર અલગ છે.'

**૧૦. હાથી અને કંથવાનો જીવ શું એક સમાન છે ?**

**પરદેશી :** 'હે ભદંત ! હાથીનો જીવ અને કંથવાનો જીવ સમાન પરિમાણવાળા છે ? હાથી કરતાં કંથવાનો જીવ અલ્પકર્મ, અલ્પઆશ્રવ, અલ્પઆહાર-નિહારવાળો,
અલ્પઉચ્છ્વાસ-નિશ્વાસવાળો છે ?''

**કેશીસ્વામી :** ''હા, પરદેશી તેમ જ છે.''

**પરદેશી :** ''હે ભદંત ! હાથી અને કંથવાનો જીવ સમાન પરિમાણવાળો કઈ રીતે ?''

**કેશીસ્વામી :** ''હે પરદેશી ! જેમ સંપૂર્ણ રીતે બંધ થઈ હોય તેવી કુટાગારશાળામાં કોઈ દીવો લઈને જાય પછી કુટાગારશાળા બંધ કરી દેવામાં આવે, તો તે દીવાનો પ્રકાશ તે કુટાગારશાળાના અંદરના ભાગને જ પ્રકાશિત કરે છે. પછી તે દીવા ઉપર મોટી તપેલી ઢાંકવામાં આવે, તો તે પ્રકાશ તે તપેલીમાં સમાઈ જાય છે, બહાર નીકળતો નથી. તે રીતે જીવને જેવું શરીર મળે તેટલા શરીર પ્રમાણમાં જીવ આત્મ-પ્રદેશોને ફેલાવે છે. માટે હે પરદેશી ! આ વાત પર વિશ્વાસ કરો કે, જીવ અને શરીર ભિન્ન છે.'

**અભાગિયા લોહવણિકનું ઉદાહરણ**

**પરદેશી :** ''હે ભદંત ! મારા દાદાની માન્યતા હતી કે જીવ અને શરીર એક જ છે, તેમજ મારા પિતાની માન્યતા પણ તે જ હતી, તેથી અનેક વડીલની પરંપરાથી ચાલતી માન્યતાને હું છોડીશ નહીં.''

**કેશીસ્વામી :** ''હે પરદેશી ! જો તમે આ ખોટી પ્રણાલિકાને છોડશો નહીં તો પેલા લોખંડ નહીં છોડનાર લોહવણિકની જેમ પશ્ચાતાપ કરવો પડશે.''

**પરદેશી :** ''હે ભદંત ! તે લોહવાણિયો કેવો હતો ?''

**કેશીસ્વામી :** ''હે પરદેશી ! કેટલાક વણિકો ધનપ્રાપ્તિ માટે જીવનજરૂરી વસ્તુ લઈ અટવીમાં ખૂબ આગળ ગયા, લોખંડની ખાણ આવી. દરેકે ત્યાંથી ઉપાડી શકાય તેટલું લોખંડ લીધું.

વ્યવસ્થિત બાંધી દીધું. ત્યાંથી ઘણા આગળ ગયા. ત્યાં તાંબાની ખાણ આવી. દરેકે લોખંડ છોડી તાંબુ લીધું. પણ લોહવણિક કહે, ઘણા સમયથી જેનો ભાર વહન કર્યો છે, સારી રીતે બાંધેલું છે, ઘણી મહેનત કરી છે, તેથી તે લોખંડ હું નહીં છોડું. બધા આગળ ગયા, ત્યારે એક પછી એક ઘણે દૂર બીજી ચાંદીની, સોનાની, રત્નની, હીરાની ખાણ આવી. દરેકે લોખંડ આદિ છોડી એક પછી એક તાંબુ, ચાંદી, સોનું, રત્ન અને હીરાને ગ્રહણ કર્યાં,

પણ પેલો લોહવણિક છેલ્લે સુધી માન્યો નહીં અને લોખંડ છોડયું નહીં. બધાં પોતાના દેશમાં આવ્યા. લાવેલી વસ્તુ વેચી બધાએ બંગલો, વસ્ત્ર, આભૂષણ આદિ સારી સારી વસ્તુ વસાવી. પેલો લોહવણિક લોખંડ વેચી અલ્પ મૂલ્ય મળતાં, વપરાઈ જતાં પશ્ચાતાપ કરવા લાગ્યો, કે- 'હું કેવો અભાગિયો છું, અધન્ય છું, પુણ્યહીન છું.' આમ ઘણો પશ્ચાતાપ કર્યો. તેવી જ રીતે હે પરદેશી ! જો તમે ખોટી પ્રણાલિકા અને વિકૃતિવાળા વ્યવહારોને છોડશો નહીં, તો તમે પણ પાછળથી પશ્ચાતાપ કરશો.....'

**પરદેશી રાજા દ્વારા શ્રાવકના વ્રત ગ્રહણ**

**પરદેશી :** ''હું લોહવણિકની જેમ પશ્ચાતાપ નહીં કરું. તેથી જ હું આપની પાસે કેવળી પ્રરૂપિત ધર્મને સાંભળવાની અભિલાષા રાખું છું.

કેશીસ્વામીએ મુનિધર્મ અને ગૃહસ્થધર્મનો ઉપદેશ આપ્યો. કેવળી પ્રરૂપિત નવ તત્ત્વ, છ કાય, કર્મ આદિના સત્ય સ્વરૂપને જાણ્યું અને તેને શ્રદ્ધા થઈ કે જીવ અને શરીર ભિન્ન છે.''

**પરદેશી :** ''હે ભદંત ! મુનિધર્મ સ્વીકારવા હું અસમર્થ છું, માટે મને શ્રાવકધર્મના પ્રત્યાખ્યાન કરાવો.'' કેશીસ્વામીએ તેમને ૧૨ વ્રતના પ્રત્યાખ્યાન કરાવ્યા.

હવે પરદેશી રાજા શ્રાવક બની ગયા, તે વ્રત પચ્ચક્ખાણ સહિત સંવરયુક્ત જીવન જીવવા લાગ્યા છે. ત્યારે તેની સૂર્યકાંતા રાણીની પોતાની ભોગ ભોગવવાની ભાવનાઓ પૂર્ણ ન થતી હોવાથી તેણે પરદેશીને લાડવામાં ઝેર આપ્યું, છતાં ધર્મના મર્મને પામેલા સ્વદેશી બનેલા પરદેશી રાજાએ સૂર્યકાંતા રાણીના આ કાર્યને જાણવા છતાં સમભાવથી સહન કર્યું અને દેહ-મમત્વનો ત્યાગ કરી સંથારો ગ્રહણ કર્યો. ત્યાંથી કાળધર્મ પામી સૂર્યાભવિમાનમાં દેવપણે ઉત્પન્ન થાય છે.

**પરદેશીરાજા અને કેશીસ્વામીનો સંવાદ પૂર્ણ.**

**શ્રેણી ૧૫ અભ્યાસક્રમ સમાપ્ત**

# શ્રેણી ૧૬

## અભ્યાસક્રમ તથા અનુક્રમણિકા


| | વિષય | ગુણ | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | **સૂત્ર વિભાગ**<br>૧. સામાયિક - પ્રતિક્રમણ અર્થ અને પ્રશ્નોત્તર જૈન પાઠાવલી ૧ અને ૨ | ૧૫ | |
| ૨. | **તત્ત્વ વિભાગ**<br>૧. શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર અધ્યયન ત્રીજું સંપૂર્ણ અન્વયાર્થ અને ભાવાર્થ સહિત<br>૨. શ્રી દશવૈકાલિક સૂત્ર અધ્યયન ચોથું ગાથા ૧ થી ૨૯ અન્વયાર્થ, ભાવાર્થ સહિત<br>૩. ૯૮ બોલનો અલ્પબહુત્વ સમજણ સહિત | ૨૦<br>૨૦<br>૩૦ | ૪૪<br>૫૦<br>૫૮ |
| ૩. | **કાવ્ય વિભાગ**<br>૧. ભક્તામર સ્તોત્ર કડી ૩૭ થી ૪૮ શબ્દાર્થ અને ભાવાર્થ સહિત<br>**અથવા**<br>૨. ધર્મકથા વિભાગ - હરિકેશીમુનિ | ૧૫ | ૭૭<br>૮૪ |
| | **કુલ ગુણ** | **૧૦૦** | |

## તૃતીય 'ચાઉરંગિજ્જં' (ચતુરંગીય) અધ્યયન

**ચત્તારિ પરમંગાણિ, દુલ્લહાણીહ જંતુણો ।**
**માણુસત્તું સુઈ સદ્ધા, સંજમમ્મિ ય વીરિયં ॥૧॥**

**અન્વયાર્થ : ચત્તારિ** - ચાર, **પરમંગાણિ** - શ્રેષ્ઠ અંગોની, **દુલ્લહાણી** - દુર્લભ, **ઈહ** - સંસારમાં, **જંતુણો** - જીવોને, **માણુસત્તં** - મનુષ્યત્વ, **સુઈ** - ધર્મશાસ્ત્રનું શ્રવણ, **સદ્ધા** - શ્રદ્ધા, **સંજમમ્મિ** - સંયમમાં, **ય** - અને, **વીરિયં** - પુરુષાર્થ-પરાક્રમ.

**ભાવાર્થ :** આ સંસારમાં પ્રાણીઓને (૧) મનુષ્યજન્મ, (૨) ધર્મશાસ્ત્ર - સિદ્ધાંતનું શ્રવણ કરવું, (૩) શુદ્ધ - ધર્મમાર્ગ ઉપર શ્રદ્ધા અને (૪) સંયમ - ચારિત્રને વિશે પરાક્રમ ફોરવવું - આ ચાર શ્રેષ્ઠ અંગોની પ્રાપ્તિ થવી દુર્લભ છે.

**સમાવન્નાણ સંસારે, નાણા ગોત્તાસુ જાઈસુ ।**
**કમ્મા નાણા-વિહા કટ્ટુ, પુઢો વિસ્સંભયા પયા ॥૨॥**

**અન્વયાર્થ : સમાવન્નાણ** - ઉપજીને, **સંસારે** - સંસારમાં, **નાણા** - વિવિધ, **ગોત્તાસુ** - ગોત્રવાળી, **જાઈસુ** - જાતિઓમાં, **કમ્મા** - કર્મ, **નાણા - વિહા** - વિવિધ પ્રકારના, **કટ્ટુ** - કરીને, **પુઢો** - પૃથક્ પૃથક્ રૂપથી, **વિસ્સંભયા** - સમસ્ત વિશ્વને સ્પર્શી લે છે, **પયા** - જીવો.

**ભાવાર્થ :** આ સંસારમાં જીવે અનેક પ્રકારનાં પાપકર્મ કરી વિવિધ ગોત્રવાળી અનેક જાતિને પ્રાપ્ત કરી છે. વિવિધ પ્રકારનાં કર્મ કરીને પૃથક્ પૃથક્ ગોત્રવાળી જાતિમાં ઉત્પન્ન થઈને આ જીવ સમસ્ત વિશ્વને જન્મમરણ કરી સ્પર્શી લે છે.

**એગયા દેવલોએસુ, નરએસુ વિ એગયા ।**
**એગયા આસુરં કાયં, અહાકમ્મેહિં ગચ્છઈ ॥૩॥**

**અન્વયાર્થ : એગયા** - ક્યારેક, **દેવલોએસુ** - દેવલોકમાં, **નરએસુ** - નરકમાં, **વિ** - અને, **એગયા** - ક્યારેક, **આસુરં** - અસુર, **કાયં** - યોનિમાં, **અહાકમ્મેહિં** - પોતાના કરેલા કર્મ અનુસાર, **ગચ્છઈ** - ઉત્પન્ન થાય છે.

**ભાવાર્થ :** પોતાના શુભાશુભ કર્મ અનુસાર જીવ ક્યારેક દેવલોકમાં, ક્યારેક નરકમાં અને ક્યારેક અસુર યોનિ (ભવનપતિ આદિ) માં ઉત્પન્ન થાય છે.

**એગયા ખત્તિઓ હોઈ, તઓ ચંડાલ બુક્કસો ।**
**તઓ કીડ પયંગો ય, તઓ કુંથૂ પિવીલિયા ॥૪॥**

**અન્વયાર્થ : એગયા** - ક્યારેક, **ખત્તિઓ** - ક્ષત્રિય, **હોઈ** - થાય છે, **તઓ** - પછી, **ચંડાલ**

- ચાંડાલ, **બુક્કસો** - વર્ણસંકર, **તઓ** - પછી, **કીડ** - કીડા, **પયંગો** - પતંગિયું, **ય** - અને, **કુંથૂ** - કંથવો, **પિવીલિયા** - કીડી.

**ભાવાર્થ :** ક્યારેક મનુષ્યજન્મ યોગ્ય કર્મનો ઉદય થવાથી આ જીવ ક્ષત્રિય (રાજા આદિ) થાય છે. તો ક્યારેક ચાંડાલ (હલકાં કુળમાં) અથવા તો વર્ણસંકર (માતા અને પિતા બંનેની જાતિ જુદી હોવી) વાળો થાય છે. તો ક્યારેક કીડા, પતંગિયા, કંથવા કે કીડી રૂપે ઉત્પન્ન થઈ જાય છે.

**એવમાવટ્ટ જોણીસુ, પાણિણો કમ્મ કિવ્વિસા ।**
**ન નિવ્વિજ્જંતિ સંસારે, સવ્વટ્ઠેસુ વ ખત્તિયા ॥૫॥**

**અન્વયાર્થ : એવં** - તે પ્રમાણે, **આવટ્ટ** - ભમવા છતાં, **જોણીસુ** - યોનિઓમાં, **પાણિણો** - જીવો, **કમ્મ** - કર્મ, **કિવ્વિસા** - કલુષિત, મલિન, **ન નિવ્વિજ્જંતિ** - નિવૃત્તિ પામતા નથી, **સંસારે** - સંસારમાં, **સવ્વટ્ઠેસુ** - સર્વ પ્રકારના ભોગનાં સાધનોનો ઉપભોગ કરવા છતાં, **વ** - અને, **ખત્તિયા** - ક્ષત્રિય.

**ભાવાર્થ :** જે રીતે સર્વ મનોજ્ઞ કામભોગ પામવા છતાં પણ ક્ષત્રિયોને (રાજાઓને) પોતાના રાજ્યને વધારવાની તૃષ્ણા, લાલસા શાંત થતી નથી, એવી જ રીતે સંસારમાં અશુભ કર્મના ઉદયથી વિવિધ પ્રકારની યોનિઓમાં (દુ:ખોને અનુભવતાં) પરિભ્રમણ કરતાં થકા પણ જીવો નિર્વેદને પ્રાપ્ત થતા નથી, અર્થાત્ સંસાર પરિભ્રમણમાંથી હું ક્યારે છૂટીશ એવો ઉદ્વેગ થતો નથી.

**કમ્મ - સંગેહિં સમ્મૂઢા, દુક્ખિયા બહુ-વેયણા ।**
**અમાણુસાસુ જોણીસુ, વિણિહમ્મન્તિ પાણિણો ॥૬॥**

**અન્વયાર્થ : કમ્મ-સંગેહિં** - કર્મના સંગથી, **સમ્મૂઢા** - મૂઢ બનેલા, **દુક્ખિયા** - દુ:ખી, **બહુ-વેયણા -** અતિ વેદના ભોગવતા, **અમાણુસાસુ** - મનુષ્ય સિવાયની, **જોણીસુ** - યોનિઓમાં, **વિણિહમ્મન્તિ** - ત્રાસ પામે છે, **પાણિણો** - જીવો.

**ભાવાર્થ :** કર્મના સંયોગે કરી મૂઢ બનેલો દુ:ખી જીવ, મનુષ્ય યોનિ સિવાય અન્ય નરક, તિર્યંચ આદિ યોનિઓમાં અતિશય દારુણ વેદના અને અનેક પ્રકારનાં દુ:ખોને ભોગવે છે.

**કમ્માણં તુ પહાણાએ, આણુપુવ્વી કયાઈ ઉ ।**
**જીવા સોહિ મણુપ્પત્તા, આયયંતિ મણુસ્સયં ॥૭॥**

**અન્વયાર્થ : કમ્માણં** - કર્મોના, **તુ પહાણાએ** - ક્ષયથી, **આણુપુવ્વી** - અનુક્રમે, **કયાઈ ઉ** - કોઈકવાર, **જીવા** - જીવો, **સોહિં** - શુદ્ધિને, **અણુપ્પત્તા** - પ્રાપ્ત કરીને, **આયયંતિ** - આવે છે, **મણુસ્સયં** - માનવ ભવમાં.

**ભાવાર્થ :** અનેક ભવમાં પરિભ્રમણ કરતાં અનુક્રમે અશુભ કર્મને ક્ષય કરી કર્મક્ષયરૂપ

શુદ્ધિને પ્રાપ્ત જીવ ક્યારેક શુભ કર્મના ઉદયથી મનુષ્યત્વને પ્રાપ્ત કરે છે.

**માણુસ્સં વિગ્ગહં લદ્ધું, સુઈ ધમ્મસ્સ દુલ્લહા ।**

**જં સોચ્ચા પડિવજ્જંતિ, તવં ખંતિમહિંસયં ॥૮॥**

**અન્વયાર્થ : માણુસ્સં** - મનુષ્યનું, **વિગ્ગહં** - શરીર, **લદ્ધું** - પ્રાપ્ત કરીને, **સુઈ** - શ્રવણ, **ધમ્મસ્સ** - ધર્મનું, **દુલ્લહા** - દુર્લભ, **જં** - જે, **સોચ્ચા** - સાંભળીને, **પડિવજ્જંતિ** - પ્રાપ્ત કરે છે, **તવં** - તપને, **ખંતિં** - ક્ષમા, **અહિંસયં** - અહિંસાને.

**ભાવાર્થ :** મનુષ્યભવની પ્રાપ્તિ થઈ ગયા પછી ધર્મનું શ્રવણ કરવાનો અવસર મળવો દુર્લભ છે. તે ધર્મને શ્રવણ કરીને જીવ તપ, ક્ષમા અને અહિંસા રૂપ દયાધર્મને અંગીકાર કરે છે.

**આહચ્ચ સવણં લદ્ધું, સદ્ધા પરમ દુલ્લહા ।**

**સોચ્ચા નેઆઉયં મગ્ગં, બહવે પરિભસ્સઈ ॥૯॥**

**અન્વયાર્થ : આહચ્ચ** - કદાચિત્, **સવણં** - શ્રવણ, **લદ્ધું** - પ્રાપ્ત કરીને, **સદ્ધા** - શ્રદ્ધા-રુચિ, **પરમ દુલ્લહા** - અતિ દુર્લભ, **સોચ્ચા** - સાંભળીને, **નેઆઉયં મગ્ગં** - ન્યાયયુક્ત માર્ગ, **બહવે** - ઘણા, **પરિભસ્સઈ** - ભ્રષ્ટ થઈ જાય છે

**ભાવાર્થ :** કદાચિત્ શ્રુતધર્મનું શ્રવણ થયા પછી પણ (જીવની) તેની ઉપર શ્રદ્ધા કે રુચિ થવી અતિ દુર્લભ છે, કારણ કે ન્યાયયુક્ત એવા સમ્યગ્ મોક્ષમાર્ગને સાંભળીને પણ ઘણા જીવો ધર્મમાર્ગથી ભ્રષ્ટ થઈ જાય છે.

**સુઈં ચ લદ્ધું સદ્ધં ચ, વીરિયં પુણ દુલ્લહં ।**

**બહવે રોયમાણા વિ, નો ય ણં પડિવજ્જઈ ॥૧૦॥**

**અન્વયાર્થ : સુઈં** - ધર્મ શ્રવણ, **ચ** - અને, **લદ્ધું** - પ્રાપ્ત કરીને, **સદ્ધં** - ધર્મશ્રદ્ધા, **વીરિયં** - સંયમમાં પરાક્રમ કરવું, **પુણ** - વળી, **દુલ્લહં** - દુર્લભ, **બહવે** - ઘણા, **રોયમાણા** - રુચિ થવી, **વિ** - છતાં, **ય ણં** - એને, **નો પડિવજ્જઈ** - અંગીકાર કરી શક્તાં નથી.

**ભાવાર્થ :** મનુષ્યજન્મ, ધર્મશ્રવણ પ્રાપ્તિ અને ધર્મની શ્રદ્ધા થયા પછી પણ સંયમમાં પરાક્રમ ફોરવવું ઘણું દુર્લભ છે, કારણ કે ઘણા જીવો ધર્મરૂચિ થવા છતાં તે પ્રમાણે આચરણ કરી શક્તાં નથી.

**માણુસત્તમ્મિ આયાઓ, જો ધમ્મં સોચ્ચા સદ્દહે ।**

**તવસ્સી વીરિયં લદ્ધું, સંવુડે નિદ્ધુણે રયં ॥૧૧॥**

**અન્વયાર્થ : માણુસત્તમ્મિ** - મનુષ્યત્વમાં, **આયાઓ** - આવીને, **જો ધમ્મં** - જે ધર્મ, **સોચ્ચા** - સાંભળીને, **સદ્દહે** - શ્રદ્ધા રાખે, **તવસ્સી** - તપસ્વી, **વીરિયં** - વીર્ય, **લદ્ધું** - પ્રાપ્ત

કરીને, **સંવુડે** - સંવરવાળો થાય છે, **નિદ્ધુણે** - દૂર કરે છે, **રયં** - કર્મ રજને.

**ભાવાર્થ :** મનુષ્યજન્મને પ્રાપ્ત કરી જે આત્મા, ધર્મને શ્રવણ કરી તેની ઉપર શ્રદ્ધા રુચિ કરતો થકો, સંયમને વિશે ઉદ્યમ-પરાક્રમ યુક્ત થાય છે, તે સંવર અને તપસ્યા દ્વારા કર્મરજનો નાશ કરી દે છે.

**સોહી ઉજ્જુય ભૂયસ્સ, ધમ્મો સુદ્ધસ્સ ચિટ્ઠઈ।**
**નિવ્વાણં પરમં જાઈ, ઘયસિત્તિવ્વ પાવએ ॥૧૨॥**

**અન્વયાર્થ : સોહી** - શુદ્ધિ, **ઉજ્જુય** - સરળ, **ભૂયસ્સ** - ભૂત-જીવોના, **ધમ્મો** - ધર્મ, **સુદ્ધસ્સ** - શુદ્ધ આત્મામાં, **ચિટ્ઠઈ** - રહે છે, **નિવ્વાણં** - નિર્વાણને, **પરમં** - પરમ, **જાઈ** - પામે છે, **ઘય** - ઘી, **સિત્તિ** - સિંચેલા, **વ્વ** - જેમ, **પાવએ** - અગ્નિ.

**ભાવાર્થ :** સરળ પ્રકૃતિવાળી વ્યક્તિની જ શુદ્ધિ થાય છે અને તે શુદ્ધિ પ્રાપ્ત સરળ આત્મામાં જ ધર્મનો વાસ થાય છે. ઘીથી સંચિત અગ્નિની સમાન તપ તેજથી દેદીપ્યમાન બનતો થકો તે આત્મા પરમ નિર્વાણ એટલે કે મોક્ષને પ્રાપ્ત કરે છે.

**વિગિંચ કમ્મુણો હેઉં, જસં સંચિણુ ખંતિએ।**
**સરીરં પાઢવં હિચ્ચા, ઉડ્ઢં પક્કમઈ દીસં ॥૧૩॥**

**અન્વયાર્થ : વિગિંચ** - ટાળીને, **કમ્મુણો** - કર્મોના, **હેઉં** - હેતુઓને, **જસં** - સંયમરૂપી યશ, **સંચિણુ** - સંચય કરે, **ખંતિએ** - ક્ષમાથી, **સરીરં** - શરીરનો, **પાઢવં** - પાર્થિવ, **હિચ્ચા** - ત્યાગ કરી, **ઉડ્ઢં** - ઊંચી, **પક્કમઈ** - પામે, **દીસં** - દિશાને.

**ભાવાર્થ :** મનુષ્યજન્મ આદિ ચાર અંગોને રોકવાવાળા કર્મના હેતુથી તમે વિરમો. ક્ષમા આદિ (દશ પ્રકારના) યતિધર્મનું સેવન કરી સંયમને વિશેષ યશસ્વી બનાવો. આમ કરવાવાળા પાર્થિવ-ઔદારિક શરીરનો ત્યાગ કરી ઊંચી દિશા (સ્વર્ગ અથવા મોક્ષ) ને પ્રાપ્ત કરે છે.

**વિસાલિસેહિં સીલેહિં, જક્ખા ઉત્તર ઉત્તરા।**
**મહાસુક્કા વ દિપ્પન્તા, મણણંતા અપુણચ્ચવં ॥૧૪॥**

**અન્વયાર્થ : વિસાલિસેહિં** - અનેક પ્રકારના ઉત્તમ, **સીલેહિં** - શીલવ્રત અનુષ્ઠાન, **જક્ખા** - દેવ, **ઉત્તર ઉત્તરા** - એકએકથી ચડિયાતા, **મહાસુક્કા** - મહાતેજસ્વી સૂર્ય જેવા, **વ** - જેમ, **દિપ્પન્તા** - દેદીપ્યમાન થાય છે, **મણણંતા** - એમ માને છે, **અપુણચ્ચવં** - હવે દેવલોકમાંથી ચ્યવવું નથી.

**ભાવાર્થ :** અનેક પ્રકારનાં ઉત્તમ વ્રત અનુષ્ઠાનોને આરાધવાથી જીવાત્મા અહીંનું આયુષ્ય પૂરું કરીને એકએકથી અધિક શક્તિવાન વૈમાનિક દેવ પર્યાયને પ્રાપ્ત કરે છે. મહાતેજસ્વી ઉજ્જવળ સૂર્ય જેવા દેદીપ્યમાન દેવલોકમાંથી 'અમે ક્યારેય ચ્યવશું નહીં' એમ માને છે.

**અપ્પિયા દેવ કામાણં, કામરૂવ વિઉવ્વિણો ।**

**ઉઢ્ઢં કપ્પેસુ ચિટ્ઠંતિ, પુવ્વા વાસસયા બહૂ ||૧૫||**

**અન્વયાર્થ : અપ્પિયા -** પામેલા, **દેવ કામાણં -** દિવ્ય કામભોગોને, **કામરૂવ -** ઈચ્છા અનુસાર નવાં નવાં રૂપ, **વિઉવ્વિણો -** વિકુર્વીને/બનાવીને, **ઉઢ્ઢં -** ઊર્ધ્વ, **કપ્પેસુ -** કલ્પના દેવલોકમાં, **ચિટ્ઠંતિ -** રહે છે, **પુવ્વા વાસ -** પૂર્વ વર્ષો, **સયા -** સેંકડો, **બહૂ -** બહુ.

**ભાવાર્થ :** દેવભવ સંબંધી પ્રાપ્ત દિવ્ય કામભોગોને અનુભવતા, ઈચ્છાનુસાર નવાં નવાં વિવિધ રૂપો બનાવીને દિવ્ય સુખોને ભોગવતાં, વૈમાનિક દેવોમાં સેંકડો પૂર્વ (અસંખ્યાતા) વર્ષો સુધી રહે છે.

**તત્થ ઠિચ્ચા જહાઠાણં, જક્ખા આઉક્ખએ ચુયા ।**

**ઉવેંતિ માણુસં જોણિં, સેદસંગેડભિજાયઈ ||૧૬||**

**અન્વયાર્થ : તત્થ** - ત્યાં, **ઠિચ્ચા** - રહીને, **જહાઠાણં** - યથાસ્થાને, **જક્ખા** - તે દેવ, **આઉક્ખએ** - આયુષ્ય ક્ષય થયે, **ચુયા** - ચ્યવીને, **ઉવેંતિ** - ઊપજે છે, **માણુસં** - મનુષ્યની, **જોણિં** - યોનિમાં, **સે** - તે, **દસંગે** - દશ અંગોને, **અભિજાયઈ** - પ્રાપ્ત થાય છે.

**ભાવાર્થ :** તે દેવ, ત્યાં દેવલોકમાં પોતપોતાના સ્થાને રહીને આયુષ્યનો ક્ષય થવાથી ત્યાંથી ચ્યવીને મનુષ્ય યોનિ (જન્મ) ને પ્રાપ્ત કરે છે, ત્યાં તેને દશ અંગોની પ્રાપ્તિ થાય છે.

**ખેત્તં વત્થું હિરણ્ણં ચ, પસવો દાસપોરુસં ।**

**ચત્તારી કામખંધાણિ, તત્થ સે ઉવવજ્જઈ ||૧૭||**

**અન્વયાર્થ : ખેત્તં** - ખેતર, **વત્થું** - વાસ્તુ-ઘર, **હિરણ્ણં** - સુવર્ણ, **ચ** - અને, **પસવો** - પશુ, **દાસપોરુસં** - દાસ દાસી, **ચત્તારી** - ચાર, **કામખંધાણિ** - કામભોગની સામગ્રી, **તત્થ** - ત્યાં, **સે** - તે, **ઉવવજ્જઈ** - ઉત્પન્ન થાય છે.

**ભાવાર્થ :** દશ અંગમાંથી પ્રથમ અંગ કહે છે. (૧) ખેતર આદિ ઉઘાડી જમીન, (૨) ઘર આદિ ઢાંકેલી જમીન, (૩) સુવર્ણ આદિ ધનસંચય અને (૪) પશુ, દાસદાસી આદિ ચાર પ્રકારની કામભોગની સામગ્રી જ્યાં પ્રાપ્ત હોય છે ત્યાં એ પુણ્યવંત જીવ ઉત્પન્ન થાય છે.

**મિત્તવં નાઈવં હોઈ, ઉચ્ચાગોએ ય વણ્ણવં ।**

**અપ્પાયંકે મહાપન્ને, અભિજાએ જસો બલે ||૧૮||**

**અન્વયાર્થ : મિત્તવં** - મિત્રો, **નાઈવં** - જ્ઞાતિવાળા, **હોઈ** - થાય છે, **ઉચ્ચાગોએ** - ઊંચ ગોત્ર, **ય** - અને, **વણ્ણવં** - સુંદર વર્ણ, **અપ્પાયંકે** - નીરોગી, **મહાપન્ને** - મહાપ્રજ્ઞ, **અભિજાએ** - અભિજાત-વિનીત, **જસો** - યશસ્વી, **બલે** - બળ.

**ભાવાર્થ :** શેષ અંગો બતાવે છે. તે પુણ્યવંત જીવ માનવભવમાં (૨) મિત્રયુક્ત, (૩)

જ્ઞાતિવંત, (૪) ઉચ્ચ ગોત્રી, (૫) સુંદર વર્ણયુક્ત શરીરી, (૬) નીરોગી, (૭) મહાપ્રજ્ઞાવંત - બુદ્ધિશાળી, (૮) વિનયવંત, (૯) યશસ્વી અને (૧૦) બળવાન થાય છે.

**ભોચ્ચા માણુસ્સએ ભોએ, અપ્પડિરૂવે અહાઉયં ।**

**પુવ્વિં વિસુદ્ધ સદ્ધમે, કેવલં બોહિ બુજ્જિઝયા ॥૧૯॥**

**અન્વયાર્થ : ભોચ્ચા** - ભોગવીને, **માણુસ્સએ** - માનવીય, **ભોએ** - ભોગોને, **અપ્પડિરૂવે** - અનુપમ, **અહાઉયં** - યથા આયુષ્ય સુધી, **પૂવ્વિં** - પૂર્વ ભવે, **વિસુદ્ધ** - વિશુદ્ધ, **સદ્ધમે** - સદ્ધર્મ આચરવાને કારણે, **કેવલં** - કેવળજ્ઞાન પ્રગટાવનાર નિર્મળ, **બોહિ** - બોધિ - સમકિત, **બુજ્જિઝયા**- પામે છે.

**ભાવાર્થ :** આયુષ્ય અનુસાર મનુષ્ય ભવ સંબંધી અનુપમ ભોગોને ભોગવી, પૂર્વભવમાં નિયાણા રહિત વિશુદ્ધ ધર્મની આરાધના કરેલ છે. એવો તે જીવ નિર્મળ બોધિ (સમક્તિ) ને પ્રાપ્ત કરે છે.

**ચઉરંગં દુલ્લહં નચ્ચા, સંજમં પડિવજ્જિયા ।**

**તવસા ધુય કમ્મંસે, સિદ્ધે હવઈ સાસએ ॥૨૦॥ ત્તિ બેમિ ।।**

**અન્વયાર્થ : ચઉરંગં** - ચાર અંગોને, **દુલ્લહં** - દુર્લભ, **નચ્ચા** - જાણીને, **સંજમં** - સંયમને, **પડિવજ્જિયા** - અંગીકાર કરે, **તવસ્સા** - તપથી, **ધુય** - નાશ કરી, **કમ્મંસે** - સર્વ કર્મનો, **સિદ્ધે** - સિદ્ધ ભગવાન, **હવઈ** - થાય છે, **સાસએ** - શાશ્વત, **ત્તિ બેમિ** - એવું હું કહું છું.

**ભાવાર્થ :** દુર્લભ એવાં ચાર અંગોને પ્રાપ્ત કરી સંયમને સ્વીકારી, તપસ્યા દ્વારા પૂર્વકૃત કર્મોનો નાશ કરી, અંતમાં કર્મ રહિત થઈ તે જીવ શાશ્વત સિદ્ધિ મોક્ષને પ્રાપ્ત કરે છે. તે હું કહું છું એમ સુધર્માસ્વામી જંબૂસ્વામીને કહે છે.

## ।। ઈતિ તૃતીય 'ચાઉરંગિજ્જં' અજ્ઝયણં સમ્મત્તં.।।

# ચોથું છજ્જીવણિયા (છજીવનિકાય) અધ્યયન

**અજયં ચરમાણો ય, પાણ ભૂયાઈં હિંસઈ ।**

**બંધઈ પાવયં કમ્મં, તં સે હોઈ કડુયં ફલં ॥૧॥**

**અન્વયાર્થ : અજયં** - અયત્ના પૂર્વક-ઉપયોગ વગર, **ચરમાણો** - ચાલતા, **ય** - થકા, **પાણ** - પ્રાણી-બેઈન્દ્રિયથી પંચેન્દ્રિય, ત્રસ જીવો, **ભૂયાઈં** - ભૂત આદિ - પૃથ્વી, અપ, તેઉ, વાયુ અને વનસ્પતિ રૂપ સ્થાવર જીવો, **હિંસઈ** - હણે છે, **બંધઈ** - બાંધે છે, **પાવયં** - પાપ, **કમ્મં** - કર્મ, **તં** - તેથી, **સે** - તેને, **હોઈ** - થાય છે, **કડુયં** - કડવા, **ફલં** - ફળ-પરિણામ.

**ભાવાર્થ :** જે વ્યક્તિ ઈર્યા સમિતિ વિના, ઉપયોગ વિના ચાલે છે તે સર્વ ત્રસ, સ્થાવર પ્રાણીની હિંસા કરે છે. તેને પાપકર્મનો બંધ થાય છે, તેના પરિણામે કડવાં, દુ:ખદાયી ફળ ભોગવવાં પડે છે.

(ઈર્યા સમિતિનું પાલન **૧. દ્રવ્યથી** ચક્ષુ દ્વારા, **૨. ક્ષેત્રથી** ધૂંસરા પ્રમાણ, **૩. કાળથી** દિવસે જોઈને અને રાત્રે પૂંજીને, **૪. ભાવથી** ઉપયોગપૂર્વક ચાલવું, તેમ કરવાથી થાય છે.)

**અજયં ચિટ્ઠમાણો ય, પાણ ભૂયાઈં હિંસઈ ।**

**બંધઈ પાવયં કમ્મં, તં સે હોઈ કડુયં ફલં ॥૨॥**

**અન્યયાર્થ :** જે વ્યક્તિ ઉપયોગ વગર, અયત્નાથી **ચિટ્ઠમાણો** - ઊભો રહે છે, બાકીના શબ્દોના અન્વયાર્થ ઉપર પ્રમાણે સમજવા.

**ભાવાર્થ :** જે વ્યક્તિ અયત્નાથી ઊભા રહે તે સર્વ ત્રસ, સ્થાવર પ્રાણીની હિંસા કરે છે. તેથી તેમને પાપકર્મનો બંધ થાય છે, તેના પરિણામે કડવાં, દુ:ખદાયી ફળ ભોગવવાં પડે છે.

**અજયં આસમાણો ય, પાણ ભૂયાઈં હિંસઈ ।**

**બંધઈ પાવયં કમ્મં, તં સે હોઈ કડુયં ફલં ॥૩॥**

**અન્વયાર્થ :** જે વ્યક્તિ ઉપયોગ વગર, અયત્નાથી **આસમાણો** - બેસે, બાકીના શબ્દોના અન્વયાર્થ ઉપર પ્રમાણે સમજવા.

**ભાવાર્થ :** જે વ્યક્તિ અયત્નાથી પૂંજ્યા વિના સ્થાન ઉપર બેસે તે સર્વ ત્રસ, સ્થાવર પ્રાણીની હિંસા કરવાવાળા થાય છે. તેથી તેમને પાપકર્મનો બંધ થાય છે તેના પરિણામે કડવા, દુ:ખદાયી ફળ ભોગવવાં પડે છે.

**અજયં સયમાણો ય, પાણ ભૂયાઈં હિંસઈ ।**
**બંધઈ પાવયં કમ્મં, તં સે હોઈ કડુયં ફલં ॥૪॥**

**અન્વયાર્થ :** જે વ્યક્તિ ઉપયોગ વગર, અયત્નાથી **સયમાણો** - સૂએ, બાકીના શબ્દોના અન્વયાર્થ ઉપર પ્રમાણે સમજવા.

**ભાવાર્થ :** જે વ્યક્તિ અયત્નાથી પૂંજ્યા વિના સૂએ તથા પૂંજ્યા વિના પડખું ફેરવે તે સર્વ ત્રસ, સ્થાવર પ્રાણીની હિંસા કરવાવાળા થાય છે. તેથી તેમને પાપકર્મનો બંધ થાય છે તેના પરિણામે કડવા, દુ:ખદાયી ફળ ભોગવવાં પડે છે.

**અજયં ભુંજમાણો ય, પાણ ભૂયાઈં હિંસઈ ।**
**બંધઈ પાવયં કમ્મં, તં સે હોઈ કડુયં ફલં ॥૫॥**

**અન્વયાર્થ :** જે વ્યક્તિ ઉપયોગ વગર, અયત્નાથી **ભુંજમાણો** - આહાર પાણી આદિ લે, બાકીના શબ્દોના અન્વયાર્થ ઉપર પ્રમાણે સમજવા,

**ભાવાર્થ :** જે વ્યક્તિ અયત્નાથી પૂંજ્યા વિના આહાર-પાણી આદિ વાપરે, તે સર્વ ત્રસ, સ્થાવર પ્રાણીની હિંસા કરવાવાળા થાય છે, તેથી તેમને પાપકર્મનો બંધ થાય છે તેના પરિણામે કડવા, દુ:ખદાયી ફળ ભોગવવાં પડે છે.

(૧) **દ્રવ્યથી** - **૪૨, ૪૭, ૯૬** દોષ ટાળીને નિર્દોષ આહાર પાણી ગ્રહે,
(૨) **ક્ષેત્રથી** - બે ગાઉ ઉપરાંત જઈને ન ભોગવે,
(૩) **કાળથી** - પહેલા પહોરના આહાર પાણી ચોથા પહોરમાં ન ભોગવે,
(૪) **ભાવથી** - માંડલાના પાંચ દોષ ટાળીને અનાસક્ત પણે ભોગવે.

**અજયં ભાસમાણો ય, પાણ ભૂયાઈં હિંસઈ ।**
**બંધઈ પાવયં કમ્મં, તં સે હોઈ કડુયં ફલં ॥૬॥**

**અન્વયાર્થ :** જે વ્યક્તિ ઉપયોગ વગર, અયત્નાથી **ભાસમાણો** - ભાષા બોલે, બાકીના શબ્દોના અન્વયાર્થ ઉપર પ્રમાણે સમજવા.

**ભાવાર્થ :** જે વ્યક્તિ અયત્નાથી ભાષા બોલે, તે સર્વ ત્રસ, સ્થાવર પ્રાણીની હિંસા કરવાવાળા થાય છે, તેથી તેમને પાપકર્મનો બંધ થાય છે, તેના પરિણામે કડવા, દુ:ખદાયી ફળ ભોગવવાં પડે છે.

(૧) **દ્રવ્યથી** - ૮ પ્રકારની ભાષા (કર્કશ, કઠોર, છેદકારી, ભેદકારી, માર્મિક, મૃષા, સાવદ્ય, નિશ્ચયકારી) ન બોલે.
(૨) **ક્ષેત્રથી** - રસ્તે ચાલતાં ન બોલે.
(૩) **કાળથી** - રાત્રે **૧** પ્રહર વીત્યા બાદ જોરથી ન બોલે.
(૪) **ભાવથી** - રાગ-દ્વેષ યુક્ત ભાષા ન બોલે.

**કહં ચરે કહં ચિટ્ઠે, કહં આસે કહં સએ ।**

**કહં ભુંજંતો ભાસંતો, પાવં કમ્મં ન બંધઈ ॥૭॥**

**અન્વયાર્થ : કહં** - કેવી રીતે, **ચરે** - ચાલે, **કહં** - કેવી રીતે, **ચિટ્ઠે** - ઊભો રહે, **કહં** - કેવી રીતે, **આસે** - બેસે, **કહં** - કેવી રીતે, **સએ** - સૂએ, **કહં** - કેવી રીતે, **ભુંજંતો** - ભોજન કરે, **ભાસંતો** - બોલે, **પાવં** - પાપ, **કમ્મં** - કર્મ, **ન બંધઈ** - ન બંધાય.

**ભાવાર્થ :** ઉપર બતાવ્યા પ્રમાણે કર્મ બંધ થાય છે તે જાણીને હવે શિષ્ય પ્રશ્ન કરે છે કે ‘હે ભગવાન ! કેવી રીતે ચાલવું જોઈએ ? કેવી રીતે ઊભા રહેવું ? કેવી રીતે બેસવું ? કેવી રીતે સૂવું ? કેવી રીતે ભોજન કરવું ? અને કેવી રીતે બોલવું જોઈએ ? જેથી પાપકર્મ બંધાતાં નથી.’

**જયં ચરે જયં ચિટ્ઠે, જયં આસે જયં સએ।**

**જયં ભુંજંતો ભાસંતો, પાવં કમ્મં ન બંધઈ ॥૮॥**

**અન્વયાર્થ : જયં** - યત્નાપૂર્વક, **ચરે** - ચાલે, **ચિટ્ઠે** - ઊભો રહે, **આસે** - બેસે, **સએ** - સૂએ, **ભુંજંતો** - ભોજન કરે, **ભાસંતો** - બોલે, **પાવં** - પાપ, **કમ્મં** - કર્મ, **ન બંધઈ** - ન બંધાય.

**ભાવાર્થ :** ગુરુ ઉત્તર આપે છે કે ‘હે શિષ્ય ! જે યત્નાપૂર્વક ચાલે, યત્નાપૂર્વક ઊભો રહે, યત્નાપૂર્વક બેસે, યત્નાપૂર્વક સૂએ, યત્નાપૂર્વક ભોજન કરે, યત્નાપૂર્વક બોલે તે પાપકર્મ બાંધતાં નથી.’

**સવ્વભૂયપ્પભૂયસ્સ, સમ્મં ભૂયાઈ પાસઓ।**

**પિહિયાસવ્વસ્સ દંતસ્સ, પાવં કમ્મં ન બંધઈ ॥૯॥**

**અન્વયાર્થ : સવ્વ** - સર્વ, **ભૂય** - ભૂત-વનસ્પતિ આદિ સર્વ જીવો, **અપ્પભૂયસ્સ** - પોતાના આત્મા સમાન, **સમ્મં** - સમ્યક્ પ્રકારથી, **ભૂયાઈ** - જીવોને, **પાસઓ** - જોનાર, **પિહિય** - બંધ કરનાર, **આસવ્વસ્સ** - આશ્રવના દ્વારોને, **દંતસ્સ** - પાંચ ઈન્દ્રિયને દમનાર, **પાવં** - પાપ, **કમ્મં** - કર્મ, **ન બંધઈ** - બાંધે નહીં.

**ભાવાર્થ :** સર્વ પ્રાણીઓને પોતાના આત્મા સમાન સમજવાવાળા, સમ્યક્ પ્રકારે સર્વ જીવોને જોવાવાળા, મિથ્યાત્વ આદિ પાંચ આશ્રવને રોકવાવાળા, પાંચ ઈન્દ્રિયનું દમન કરવાવાળા પાપકર્મનો બંધ કરતા નથી.

**પઢમં નાણં તઓ દયા, એવં ચિટ્ઠઈ સવ્વસંજએ।**

**અન્નાણી કિં કાહી, કિં વા નાહી સેયપાવગં ॥૧૦॥**

**અન્વયાર્થ : પઢમં** - પ્રથમ, **નાણં** - જ્ઞાન, **તઓ** - પછી, **દયા** - દયા, **એવં** - આ પ્રમાણે,

**ચિટ્ઠઈ** - આચરણ કરે, **સવ્વસંજએ** - સર્વે સંયમીઓ, **અન્નાણી** - અજ્ઞાની, **કિં** - શું, **કાહી** - કરે, **કિં** - શું, **વા** - અથવા, **નાહી** - જાણશે, **સેય** - શ્રેયકારી તે પુણ્ય, **પાવગં** - પાપને.

**ભાવાર્થ :** પ્રથમ જ્ઞાન અને પછી દયા (ક્રિયા), આ પ્રમાણે સર્વ સાધુ આચરણ કરે છે. સમ્યક્ જ્ઞાનથી રહિત, અજ્ઞાની પુરુષ શું કરી શકે છે ? અને કેવી રીતે જાણશે કે મારે માટે શું શ્રેયકારી છે અને શું પાપકારી છે ?

**સોચ્ચા જાણઈ કલ્લાણં, સોચ્ચા જાણઈ પાવગં ।**
**ઉભયં પિ જાણઈ સોચ્ચા, જં સેયં તં સમાયરે ॥૧૧॥**

**અન્વયાર્થ : સોચ્ચા** - સાંભળીને, **જાણઈ** - જાણી, **કલ્લાણં** - કલ્યાણકારી, **સોચ્ચા** - સાંભળીને, **જાણઈ** - જાણી, **પાવગં** - પાપકારી, **ઉભયં** - બંનેને, **પિ** - પણ, **જાણઈ** - જાણીને, **સોચ્ચા** - શ્રવણ કરી, **જં** - જે, **સેયં** - શ્રેયકારી, **તં** - તેને, **સમાયરે** - આચરે.

**ભાવાર્થ :** ધર્મશ્રવણથી જ આત્મા કલ્યાણ (મોક્ષ) ને જાણે છે, સાંભળીને જ પાપને જાણે છે. આમ બંને માર્ગ સાંભળીને જ જાણે છે. જે આત્માને માટે શ્રેયકારી, હિતકારી હોય તેનું આચરણ કરે.

**જો જીવે વિ ન યાણેઈ, અજીવે વિ ન યાણેઈ ।**
**જીવાજીવે અયાણંતો, કહં સો નાહીઈ સંજમં ॥૧૨॥**

**અન્વયાર્થ : જો** - જે, **જીવે** - જીવોને, **વિ** - પણ, **ન યાણેઈ** - નથી જાણતો, **અજીવે** - અજીવને, **વિ** - પણ, **ન યાણેઈ** - નથી જાણતો, **જીવાજીવે** - જીવ અને અજીવને, **અયાણંતો** - નથી જાણતો, **કહં સો** - કેવી રીતે, **નાહીઈ** - જાણી શકશે, **સંજમં** - સંયમને.

**ભાવાર્થ :** જે જીવને પણ નથી જાણતો, જે અજીવને પણ નથી જાણતો તે જીવ- અજીવ બંને નથી જાણતો. આ પ્રકારે જીવ-અજીવના સ્વરુપને ન જાણવાવાળો સંયમ (ચારિત્ર ધર્મ) ને કેવી રીતે જાણી શકશે ? અર્થાત્ નહીં જાણી શકે.

**જો જીવે વિ વિયાણેઈ, અજીવે વિ વિયાણેઈ ।**
**જીવાજીવે વિયાણંતો, સો હુ નાહીઈ સંજમં ॥૧૩॥**

**અન્વયાર્થ : જો** - જે, **જીવે** - જીવોને, **વિયાણેઈ** - વિશેષ પ્રકારે જાણે છે, **અજીવે** - અજીવને, **વિ** - પણ, **વિયાણેઈ** - વિશેષ પ્રકારે જાણે છે, **જીવાજીવે** - જીવ અને અજીવ, **વિયાણંતો** - વિશેષ પ્રકારે જાણે છે, **સો હુ** - તે ખરેખર, નિશ્ચયથી, **નાહીઈ** - જાણી શકશે, **સંજમં** - સંયમને.

**ભાવાર્થ :** જે જીવને વિશેષપણે જાણે છે, જે અજીવના સ્વરૂપને વિશેષપણે જાણે છે, આમ

જીવ - અજીવ બંનેના સ્વરૂપને જાણવાવાળો તે સાધક જ નિશ્ચયથી સંયમના સ્વરૂપને જાણી શકે છે.

**જયા જીવમજીવે ય દો વિ એએ વિયાણેઈ ।**

**તયા ગઈં બહુવિહં, સવ્વજીવાણ જાણઈ ॥૧૪॥**

**અન્વયાર્થ : જયા** - જ્યારે, **જીવાજીવે** - જીવ-અજીવ, **ય** - અને, **દો વિ** - બંનેને, **એએ** - એ, **વિયાણેઈ** - વિશેષ પ્રકારે જાણે છે, **તયા** - ત્યારે, **ગઈં** - ગતિને, **બહુવિહં** - અનેક પ્રકારની, **સવ્વ** - સર્વ, **જીવાણ** - જીવોની, **જાણઈ** - જાણે છે.

**ભાવાર્થ :** જ્યારે આત્મા જીવ અને અજીવને વિશેષરૂપથી જાણી લે છે ત્યારે સર્વ જીવોની અનેક પ્રકારની (નરક આદિ) ગતિને પણ જાણી લે છે.

**જયા ગઈં બહુવિહં, સવ્વજીવાણ જાણઈ ।**

**તયા પુણ્ણં ચ પાવં ચ, બંધં મુક્ખં ચ જાણઈ ॥૧૫॥**

**અન્વયાર્થ : પુણ્ણં** - પુણ્ય, **ચ** - અને, **પાવં** - પાપ, **બંધં** - બંધ, **મુક્ખં** - મોક્ષ. બાકીના શબ્દોના અન્વયાર્થ ઉપર પ્રમાણે સમજવા.

**ભાવાર્થ :** જ્યારે આત્મા સર્વ જીવોની અનેક પ્રકારની (નરક આદિ) ગતિને જાણી લે છે ત્યારે પુણ્ય (શુભફળ), પાપ (અશુભફળ), બંધ (કર્મ) અને મોક્ષ (નિર્વાણ) તત્ત્વને પણ જાણી લે છે.

**જયા પુણ્ણં ચ પાવં ચ, બંધં મુક્ખં ચ જાણઈ ।**

**તયા નિવ્વિંદએ ભોએ, જે દિવ્વે જે ય માણુસે ॥૧૬॥**

**અન્વયાર્થ : નિવ્વિંદએ** - નિર્વેદ થાય, વિરક્ત બને, **ભોએ** - કામભોગો, **જે** - જે, **દિવ્વે** - દેવ સંબંધી, **જે** - જે, **ય** - અને, **માણુસે** - મનુષ્ય સંબંધી. બાકીના શબ્દોના અન્વયાર્થ ઉપર પ્રમાણે સમજવા.

**ભાવાર્થ :** જ્યારે આત્મા પુણ્ય, પાપ, બંધ અને મોક્ષ તત્ત્વને જાણી લે છે ત્યારે દેવોના દિવ્ય તેમ જ મનુષ્ય સંબંધી કામભોગોને નિઃસ્સાર, દુઃખરૂપ માની તેનાથી વિરક્ત બને છે, તેને છોડી દે છે.

**જયા નિવ્વિંદએ ભોએ, જે દિવ્વે જે ય માણુસે ।**

**તયા ચયઈ સંજોગં, સબ્ભિંતરબાહિરં ॥૧૭॥**

**અન્વયાર્થ : ચયઈ** - છોડી દે છે, **સંજોગં** - સંયોગો, **સબ્ભિંતર** - આભ્યંતર, **બાહિરં** - બહારના. બાકીના શબ્દોના અન્વયાર્થ ઉપર પ્રમાણે સમજવા.

**ભાવાર્થ :** જ્યારે આત્મા દેવોના દિવ્ય તેમ જ મનુષ્ય સંબંધી કામભોગોને નિઃસાર, દુઃખરૂપ માની તેનાથી વિરક્ત બને છે ત્યારે બાહ્ય (ધન, સુવર્ણ, કુટુંબ આદિ) તથા

આભ્યંતર (ક્રોધ, માન વગેરે કષાય), સંયોગોનો ત્યાગ કરે છે.

**જયા ચયઈ સંજોગં, સબ્ભિંતર બાહિરં ।**

**તયા મુણ્ડે ભવિત્તાણં, પવ્વઈએ અણગારિયં ॥૧૮॥**

**અન્વયાર્થ : મુણ્ડે** - મુંડિત, **ભવિત્તાણં** - થઈને, **પવ્વઈએ** - ગ્રહણ કરવું, **અણગારિયં** - સાધુપણાને. બાકીના અન્વયાર્થ ઉપર પ્રમાણે સમજવા.

**ભાવાર્થ :** જ્યારે આત્મા બાહ્ય તથા આભ્યંતર સંયોગોનો ત્યાગ કરે છે ત્યારે દ્રવ્યથી મસ્તકથી અને ભાવથી ચાર કષાય અને પાંચ ઈન્દ્રિયોથી મુંડિત થઈ સાધુપણાને અંગીકાર કરે છે.

**જયા મુણ્ડે ભવિત્તાણં, પવ્વઈએ અણગારિયં ।**

**તયા સંવર મુક્કિટ્ઠં, ધમ્મં ફાસે અણુત્તરં ॥૧૯॥**

**અન્વયાર્થ : સંવરં** - સંવર, **ઉક્કિટ્ઠં** - ઉત્કૃષ્ટ, **ધમ્મં** - ધર્મને, **ફાસે** - સ્પર્શે, પ્રાપ્ત કરે, **અણુત્તરં** - સર્વશ્રેષ્ઠ. બાકીના શબ્દોના અન્વયાર્થ ઉપર પ્રમાણે સમજવા.

**ભાવાર્થ :** જ્યારે આત્મા દ્રવ્યથી અને ભાવથી મુંડિત થઈ સાધુપણાને અંગીકાર કરે છે ત્યારે ઉત્કૃષ્ટ અને સર્વશ્રેષ્ઠ સંવર ધર્મને પ્રાપ્ત કરે છે.

**જયા સંવર મુક્કિટ્ઠં, ધમ્મં ફાસે અણુત્તરં ।**

**તયા ધુણઈ કમ્મરયં, અબોહિકલુસં કડં ॥૨૦॥**

**અન્વયાર્થ : ધુણઈ** - નાશ કરે છે, **કમ્મરયં** - કર્મરૂપી રજનો, **અબોહિ** - મિથ્યાત્વ, **કલુસં** - પાપને, **કડં** - કરેલ. બાકીના અન્વયાર્થ ઉપર પ્રમાણે સમજવા.

**ભાવાર્થ :** જ્યારે આત્મા ઉત્કૃષ્ટ અને સર્વશ્રેષ્ઠ સંવર ધર્મને પ્રાપ્ત કરે છે ત્યારે મિથ્યાત્વ આદિ પાપો દ્વારા ઉપાર્જિત કર્મરૂપી રજનો નાશ કરે છે.

**જયા ધુણઈ કમ્મરયં, અબોહિકલુસં કડં ।**

**તયા સવ્વત્તગં નાણં, દંસણં ચાભિગચ્છઈ ॥૨૧॥**

**અન્વયાર્થ : સવ્વત્તગં** - સર્વ પદાર્થને જણાવનારું, **નાણં** - કેવળજ્ઞાન, **દંસણં** - કેવળદર્શન, **ચ** - અને, **અભિગચ્છઈ** - પ્રાપ્ત કરે.

**ભાવાર્થ :** જ્યારે આત્મા મિથ્યાત્વ આદિ પાપો દ્વારા ઉપાર્જિત કર્મરૂપી રજનો નાશ કરે છે ત્યારે સર્વ પદાર્થોને જાણવાવાળા એવા કેવળજ્ઞાન અને કેવળદર્શનને પ્રાપ્ત કરે છે.

**જયા સવ્વત્તગં નાણં, દંસણં ચાભિગચ્છઈ ।**

**તયા લોગમલોગંચ, જિણો જાણઈ કેવલી ॥૨૨॥**

**અન્વયાર્થ : લોગં** - લોકને, **અલોગં** - અલોકને, **ચ** - અને, **જિણો** - જિનેશ્વર, **જાણઈ** - જાણે, **કેવલી** - કેવળજ્ઞાની ભગવાન.

**ભાવાર્થ :** જ્યારે આત્મા સર્વ પદાર્થોને જાણવાવાળા એવા કેવળજ્ઞાન અને કેવળદર્શનને પ્રાપ્ત કરે છે ત્યારે રાગ-દ્વેષના વિજેતા જિનેશ્વર કેવળજ્ઞાની બની લોક અને અલોકના સ્વરૂપને જાણે છે.

**જયા લોગમલોગંચ, જિણો જાણઈ કેવલી ।**
**તયા જોગે નિરુંભિત્તા, સેલેસિં પડિવજ્જઈ ॥૨૩॥**

**અન્વયાર્થ : જોગે** - યોગોને, **નિરુંભિત્તા** - રૂંધીને, **સેલેસિં** - શૈલેસી અવસ્થાને, **પડિવજ્જઈ** - પ્રાપ્ત કરે. બાકીના શબ્દોના અન્વયાર્થ ઉપર પ્રમાણે સમજવા.

**ભાવાર્થ :** જ્યારે આત્મા રાગદ્વેષના વિજેતા જિનેશ્વર કેવળજ્ઞાની બની લોકાલોકના સ્વરૂપને જાણે છે ત્યારે મન, વચન, કાયાના યોગનું નિરૂંધન કરીને અકંપ એવી શૈલેસી અવસ્થાને પ્રાપ્ત કરે છે.

**જયા જોગે નિરુંભિત્તા, સેલેસિં પડિવજ્જઈ ।**
**તયા કમ્મં ખવિત્તાણં, સિદ્ધિં ગચ્છઈ નીરઓ ॥૨૪॥**

**અન્વયાર્થ : કમ્મં** - કર્મ, **ખવિત્તાણં** - ક્ષય કરી, **સિદ્ધિં** - સિદ્ધ ગતિમાં, **ગચ્છઈ** - જાય છે, **નીરઓ** - સર્વથા કર્મરજથી મુક્ત થઈ.

**ભાવાર્થ :** જ્યારે આત્મા યોગોનું નિરૂંધન કરીને અકંપ, શૈલેસી અવસ્થાને પ્રાપ્ત કરે છે ત્યારે સર્વ કર્મનો ક્ષય કરી કર્મરજથી મુક્ત થઈ સિદ્ધ ગતિમાં જાય છે.

**જયા કમ્મં ખવિત્તાણં, સિદ્ધિં ગચ્છઈ નીરઓ ।**
**તયા લોગમત્થયત્થો, સિદ્ધો હવઈ સાસઓ ॥૨૫॥**

**અન્વયાર્થ : લોગં** - લોકના, **અત્થયત્થો** - અગ્રભાગ પર સ્થિત, **સિદ્ધો** - સિદ્ધ, **હવઈ** - થાય છે, **સાસઓ** - શાશ્વત. બાકીના અન્વયાર્થ ઉપર પ્રમાણે.

**ભાવાર્થ :** જ્યારે આત્મા સર્વ કર્મનો ક્ષય કરી કર્મરજથી મુક્ત થઈ સિદ્ધ ગતિમાં જાય છે ત્યારે ચૌદ રાજલોકના અગ્રભાગે સ્થિત, શાશ્વત અને સિદ્ધ થઈ જાય છે.

**સુહસાયગસ્સ સમણસ્સ, સાયાઉલગસ્સ નિગામસાઈસ્સ ।**
**ઉચ્છોલણા પહોયસ્સ, દુલ્લહા સુગઈ તારિસગસ્સ ॥૨૬॥**

**અન્વયાર્થ : સુહસાયગસ્સ** - સુખ અને શાતામાં આસક્ત રહેવાવાળા, **સમણસ્સ** - સાધુને, **સાયાઉલગસ્સ** - શાતા માટે આકુળવ્યાકૂળ, **નિગામસાઈસ્સ** - અત્યંત સૂઈ રહેનાર, **ઉચ્છોલણા પહોયસ્સ** - શરીરની વિભૂષા માટે હાથ પગ ધોવાવાળા, **દુલ્લહા** -

દુર્લભ, **સુગઈ** - સદ્‌ગતિ, **તારિસગસ્સ** તેવા પ્રકારના.

**ભાવાર્થ :** સુખ અને શાતામાં આસક્ત રહેવાવાળા, શાતા અને સુખ માટે આકુળવ્યાકૂળ, ઘણું સૂઈ રહેનાર તથા શરીરની વિભૂષા માટે હાથ-પગ આદિ અંગોને ધોનાર સાધુને સુગતિની પ્રાપ્તિ થવી દુર્લભ છે.

**તવોગુણપહાણસ્સ, ઉજ્જુમઈ ખંતિસંજમરયસ્સ ।**

**પરીસહે જિણંતસ્સ, સુલહા સુગઈ તારિસગસ્સ ॥૨૭॥**

**અન્વયાર્થ : તવોગુણ** - તપરૂપી ગુણ, **પહાણસ્સ** - જેનામાં પ્રધાનપણે છે, **ઉજ્જુમઈ** - સરળ મતિ, **ખંતિ** - ક્ષમા, **સંજમ** - સંયમ, **રયસ્સ** - અનુરક્ત રહેનાર, **પરીસહે** - પરિષહોને, **જિણંતસ્સ** - જીતનાર, **સુલહા** - સુલભ, **સુગઈ** - સુગતિ, **તારિસગસ્સ** - તેવા પ્રકારના.

**ભાવાર્થ :** તપરૂપી ગુણોમાં પ્રધાન, સરળ મતિવાળા, ક્ષમા અને સંયમમાં અનુરક્ત તથા **૨૨** પરિષહોને સમભાવપૂર્વક સહન કરી જીતવાવાળા સાધુને માટે સુગતિ સુલભ છે.

**પચ્છા વિ તે પયાયા, ખિપ્પં ગચ્છંતિ અમરભવણાઈં ।**

**જેસિં પિઓ તવો સંજમો ય, ખંતી ય બંભચેરં ચ ॥૨૮॥**

**અન્વયાર્થ : પચ્છા** - પાછલી વયમાં, **વિ** - પણ, **તે** - તે, **પયાયા** - દીક્ષા લે, **ખિપ્પં** - શીઘ્ર, **ગચ્છંતિ** - જાય છે, **અમરભવણાઈં** - સ્વર્ગ અથવા મોક્ષને, **જેસિં** - જેઓને, **પિઓ** - પ્રિય, **તવો** - તપ, **સંજમો** - સંયમ, **ય** - અને, **ખંતી** - ક્ષમા, **ય** - અને, **બંભચેરં** - બ્રહ્મચર્ય, **ચ** - અને.

**ભાવાર્થ :** જેઓને તપ, સંયમ, ક્ષમા અને બ્રહ્મચર્ય પ્રિય છે તેઓ પાછલી વયમાં પણ ચડતાં પરિણામે દીક્ષા અંગીકાર કરે તો પણ તે શીઘ્ર સ્વર્ગ અથવા મોક્ષને પ્રાપ્ત થાય છે.

**ઈચ્ચેયં છજ્જીવણિયં, સમ્મદિટ્ઠી સયા જએ ।**

**દુલ્લહં લહિત્તુ સામણ્ણં, કમ્મુણા ણ વિરાહિજ્જાસિ ॥૨૯॥ ।। ત્તિ બેમિ. ।।**

**અન્વયાર્થ : ઈચ્ચેયં** - આ પ્રમાણે, **છજ્જવણિયં** - છકાયના જીવોની, **સમ્મદિટ્ઠી** - સમ્યક્‌દૃષ્ટિ, **સયા** - સદા, **જએ** - યત્ના કરનાર, **દુલ્લહં** - દુર્લભ, **લહિત્તુ** - પ્રાપ્ત કરીને, **સામણ્ણં** - સાધુપણાને, **કમ્મુણા** - કર્મ-ક્રિયા વડે, **ણ** - નહીં, **વિરાહિજ્જાસિ** - વિરાધના, **ત્તિ બેમિ** - એમ હું કહું છું.

**ભાવાર્થ :** સદા યત્નાપૂર્વક પ્રવૃત્તિ કરવાવાળા, સમ્યક્‌દૃષ્ટિ, દુર્લભ સાધુપણાને પ્રાપ્ત કરીને આગળ બતાવેલા સ્વરૂપવાળા છકાયના જીવોની મન, વચન, કાયાથી ક્રિયા વડે વિરાધના કરે નહીં.

શ્રી સુધર્માસ્વામી જંબૂ સ્વામીને કહે છે કે ''હે આયુષ્યમાન જમ્બૂ! જેવું મે શ્રમણ ભગવાન મહાવીરસ્વામી પાસેથી સાંભળ્યું છે તેવું જ હું તમને કહું છું.''

**।। ઈતિ છજ્જીવણિયા નામં ચઉત્થં અજ્ઝયણં સમ્મત્તં.।।**

**છજીવનિકાય નામનું ચોથું અધ્યયન સમાપ્ત.**

# અઠ્ઠાણું બોલનો અલ્પબહુત્વ

## શ્રી પન્નવણા સૂત્ર - પદ ૩ જું

**અલ્પબહુત્વ :** અલ્પ એટલે ઓછું અને બહુત્વ એટલે વધારે...

જેમાં ક્રમથી ઓછા કરતાં વધતાપણું બતાવ્યું છે તે. શ્રી પન્નવણા સૂત્રના ત્રીજા પદમાં ક્રમથી આવા ઉત્તરોત્તર વધતા ૯૮ બોલનો સંગ્રહ છે, જેનું બીજું નામ **'મહાદંડક'** છે. તેમાં સિદ્ધ અને સંસારી સર્વનો અલ્પબહુત્વ બતાવ્યો, છે, માટે **તેને મહાદંડક** કહ્યો છે.

**અલ્પબહુત્વમાં વપરાયેલા શબ્દોની સમજણ :-**

**ઉદાહરણ :** ધારો કે અસત્ કલ્પનાએ ૨ થી ૯ એ સંખ્યાતાનું માપ છે, ૧૦ શ્રી ૯૯ એ અસંખ્યાતાનું માપ છે, અને ૧૦૦ થી ૯૯૯ એ અનંતાનું માપ છે.

**૧. વિશેષાધિક :** મૂળ સંખ્યા કરતાં બમણાથી પણ ઓછી સંખ્યા હોય તે વિશેષાધિક કહેવાય છે . ધારો કે મૂળ સંખ્યા ૩ હોય તો ૪, ૫ એ સંખ્યા વિશેષાધિક કહેવાય. કારણ કે તે ૩ ના બમણા ૬ કરતાં ઓછી છે.

**૨. સંખ્યાતગુણ :** જે મૂળ સંખ્યાને જે સંખ્યા વડે ગુણવામાં આવે, તે સંખ્યા સંખ્યાતાના આંકની હોય, તો તેને સંખ્યાતગુણ કહે છે. ધારો કે મૂળ સંખ્યા ૫ હોય, તેને ઓછામાં ઓછા બે વડે ગુણી ૫×૨ = ૧૦, તો જે સંખ્યા (બે) વડે ગુણા કર્યા, તે સંખ્યાતાના આંકની છે,માટે ૨ સંખ્યાથી ૧૦ની સંખ્યા સંખ્યાતગુણ કહેવાય.

**૩. અસંખ્યાતગુણ :** જે મૂળ સંખ્યાને જે સંખ્યા વડે ગુણવામાં આવે, તે સંખ્યા અસંખ્યાતાના આંકની હોય, તો તેને અસંખ્યાતગુણ કહે છે. ધારો કે મૂળ સંખ્યા ૫ હોય તો તેને ૧૦ વડે ગુણી, ૫×૧૦= ૫૦ તો જે સંખ્યા (૧૦) વડે ગુણા કર્યા, તે અસંખ્યાતાના આંકની છે, માટે ૫ની સંખ્યાથી ૫૦ની સંખ્યા અસંખ્યાત ગુણ કહેવાય.

**૪. અનંતગુણ :** જે મૂળ સંખ્યાને જે સંખ્યા વડે ગુણવામાં આવે, તે સંખ્યા અનંતના આંકની હોય, તો તેને અનંતગુણ કહે છે. ધારો કે મૂળ સંખ્યા ૫ હોય, તેને ૧૦૦ વડે ગુણી, ૫×૧૦૦ = ૫૦૦, તો જે સંખ્યા (૧૦૦) વડે ગુણા કર્યા, તે અનંતાના આંકની છે, માટે ૫ ની સંખ્યાથી ૫૦૦ની સંખ્યા અનંત ગુણ કહેવાય.

આ ઉદાહરણ માત્ર સમજણ માટે છે. સંખ્યાતા, અસંખ્યાતા અને અનંતાની સંખ્યાનું માપ ઉદાહરણમાં બતાવ્યા કરતાં ઘણું ઘણું મોટું છે. તે સંખ્યાની વધારે વિગતો સમજવા માટે અનુયોગ દ્વાર સૂત્રના સંખ્યા આદિ ૨૧ બોલ અર્થાત્ ડાલાપાલાનો થોકડો (જૈન પાઠવલી ૯-૧૨ પરથી સમજવો.)

કોષ્ટકમાં આપેલા ટૂંકા શબ્દોની સમજણ

**પ્ર** = પ્રથમની, શુ = શુક્લલેશ્યા, અ = અશુભલેશ્યા, કૃ = કૃષ્ણ, કા = કાપોત, **સૂચિ** = માપ / જથ્થો / પ્રમાણ. **રાશિ** = કુલ સરવાળો.

| ક્રમ | બોલનું નામ | જીવ | ગુણસ્થા | યોગ | ઉપયોગ | લેશ્યા | જીવ ભેદ ૧૪ | ગુણસ્થાન ૧૪ | મન | વચન | ઔદા | વૈક્રિય | આહાર | કાર્મણ | જ્ઞાન | અજ્ઞાન | દર્શન | લેશ્યા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ગર્ભજ મનુષ્ય સર્વથી થોડા. | ૨ | ૧૪ | ૧૫ | ૧૨ | ૬ | ૨ સંજ્ઞીના | ૧ થી ૧૪ | ૪ | ૪ | ૨ | ૨ | ૨ | ૧ | ૫ | ૩ | ૪ | ૬ |
| ૨ | મનુષ્યાણી સંખ્યાતગુણ. | ૨ | ૧૪ | ૧૩ | ૧૨ | ૬ | ૨ સંજ્ઞીના | ૧ થી ૧૪ | ૪ | ૪ | ૨ | ૨ | × | ૧ | ૫ | ૩ | ૪ | ૬ |
| ૩ | બાદર તેજસ્કાય પર્યાપ્તા અસં. ગુણ. | ૧ | ૧ | ૧ | ૩ | ૩ | ૧ બા.એ.૫ | ૧લું | × | × | ૧ | × | × | × | × | ૨ | ૧ અચક્ષુ | પ્ર. |
| ૪ | ૫ અનુત્તર વિમાનના દેવ અસં. ગુણ. | ૨ | ૧ | ૧૧ | ૬ | ૧ | ૨ સંજ્ઞીના | ૪થું | ૪ | ૪ | × | ૨ | × | ૧ | ૩ | × | ૩ | શુ |
| ૫ | ઉપલી ત્રિકના દેવ સંખ્યાતગુણ. | ૨ | ૪ | ૧૧ | ૯ | ૧ | ૨ સંજ્ઞીના | ૧ થી ૪ | ૪ | ૪ | × | ૨ | × | ૧ | ૩ | ૩ | ૩ | શુ |
| ૬ | મધ્ય ત્રિકના દેવ સંખ્યાતગુણ. | ૨ | ૪ | ૧૧ | ૯ | ૧ | ૨ સંજ્ઞીના | ૧ થી ૪ | ૪ | ૪ | × | ૨ | × | ૧ | ૩ | ૩ | ૩ | શુ |
| ૭ | નીચલી ત્રિકના દેવ સંખ્યાતગુણ. | ૨ | ૪ | ૧૧ | ૯ | ૧ | ૨ સંજ્ઞીના | ૧ થી ૪ | ૪ | ૪ | × | ૨ | × | ૧ | ૩ | ૩ | ૩ | શુ |
| ૮ | બારમા દેવલોકના દેવ સંખ્યાતગુણ. | ૨ | ૪ | ૧૧ | ૯ | ૧ | ૨ સંજ્ઞીના | ૧ થી ૪ | ૪ | ૪ | × | ૨ | × | ૧ | ૩ | ૩ | ૩ | શુ |
| ૯ | અગિયારમા દેવલોકના દેવ સંખ્યાતગુણ. | ૨ | ૪ | ૧૧ | ૯ | ૧ | ૨ સંજ્ઞીના | ૧ થી ૪ | ૪ | ૪ | × | ૨ | × | ૧ | ૩ | ૩ | ૩ | શુ |
| ૧૦ | દશમા દેવલોકના દેવ સંખ્યાતગુણ. | ૨ | ૪ | ૧૧ | ૯ | ૧ | ૨ સંજ્ઞીના | ૧ થી ૪ | ૪ | ૪ | × | ૨ | × | ૧ | ૩ | ૩ | ૩ | શુ |
| ૧૧ | નવમા દેવલોકના દેવ સંખ્યાતગુણ. | ૨ | ૪ | ૧૧ | ૯ | ૧ | ૨ સંજ્ઞીના | ૧ થી ૪ | ૪ | ૪ | × | ૨ | × | ૧ | ૩ | ૩ | ૩ | શુ |
| ૧૨ | સાતમી નરકના નારકી અસં. ગુણ. | ૨ | ૪ | ૧૧ | ૯ | ૧ | ૨ સંજ્ઞીના | ૧ થી ૪ | ૪ | ૪ | × | ૨ | × | ૧ | ૩ | ૩ | ૩ | કૃ |
| ૧૩ | છઠ્ઠી નરકના નારકી અસં. ગુણ. | ૨ | ૪ | ૧૧ | ૯ | ૧ | ૨ સંજ્ઞીના | ૧ થી ૪ | ૪ | ૪ | × | ૨ | × | ૧ | ૩ | ૩ | ૩ | કૃ |
| ૧૪ | આઠમા દેવલોકના દેવ અસ. ગુણ. | ૨ | ૪ | ૧૧ | ૯ | ૧ | ૨ સંજ્ઞીના | ૧ થી ૪ | ૪ | ૪ | × | ૨ | × | ૧ | ૩ | ૩ | ૩ | શુ |
| ૧૫ | સાતમા દેવલોકના દેવ અસં. ગુણ. | ૨ | ૪ | ૧૧ | ૯ | ૧ | ૨ સંજ્ઞીના | ૧ થી ૪ | ૪ | ૪ | × | ૨ | × | ૧ | ૩ | ૩ | ૩ | શુ |

## ૯૮ બોલનો અલ્પબહુત્વ - સમજણ

**બોલ ૧ :** સર્વ જીવોમાં સૌથી ઓછા ગર્ભજ મનુષ્યો છે, કારણ કે ગર્ભજ મનુષ્યનું ક્ષેત્ર લોકમાં (અઢીદ્વીપ - ૪૫ લાખ યોજન) ઓછું છે અને મનુષ્યોની અવગાહના મોટી હોવાથી તેઓની સંખ્યા ક્રોડાક્રોડથી આગળ વધી શક્તી નથી. આ સંખ્યા સંખ્યાતામાં ગણાય છે. ૧ પછી ૧૯૪ સુધીની અંક સંખ્યા ગણિતનો વિષય છે અને તે મધ્યમ સંખ્યાતમાં ગણાય છે, ઉત્કૃષ્ટ સંખ્યાતાની સંખ્યા તો તેના કરતાં પણ ઘણી વધારે છે. તેમાંથી મનુષ્યની સંખ્યા ૨૯ અંક (૭૯૨૨૮૧૬૨૫૧૪૨૬૪૩૩૭૫૯૩૫૪૩૬૫૦૩૩૬) પ્રમાણ છે. ગર્ભજ મનુષ્યો સંજ્ઞી  જ હોય છે. ગર્ભજ મનુષ્યમાં ગર્ભજ પુરુષ અને ગર્ભજ નપુંસક બંનેનો સમાવેશ થાય છે.

**બોલ ૨ :** ગર્ભજ મનુષ્યો કરતાં મનુષ્યાણી ૨૭ ગુણી અને ૨૭ અધિક છે. કુલ સંખ્યાતી છે. તે જઘન્ય સંખ્યાની અપેક્ષાએ સમજવી.તે જઘન્ય સંખ્યાની અપેક્ષાએ સમજવી

**બોલ 3 :** બાદર તેઉકાય પર્યાપ્તા માત્ર મનુષ્ય ક્ષેત્રમાં જ છે અને તેનું આયુષ્ય ઓછું છે તથા, તે જીવોની અવગાહના નાની છે, માટે અસંખ્યાતગુણા છે. તેઓ આવલિકા ઘનથી કાંઈક ન્યૂન સમય જેટલા છે. (૧ આવલિકાના અસંખ્ય સમય X ૧ આવલિકાના અસંખ્ય સમય X ૧ આવલિકાના અસંખ્ય સમયમાં થોડા ઓછા.) તેથી તેઉકાયના પર્યાપ્તા જીવો કુલ અસંખ્યાતા છે.

**બોલ ૪ :** પાંચમું અનુત્તર વિમાન ૧ લાખ યોજનનું એટલે કે સંખ્યાતા યોજન વિસ્તારવાળું હોવાથી તેમાં સંખ્યાતા દેવો છે. બાકીના ચાર અનુત્તર અસંખ્યાતા યોજનના વિસ્તારવાળા હોવાથી તેમાં અસંખ્યાતા દેવો છે. તેમનું આયુષ્ય મોટું છે, અંતર પણ મોટું છે. ચાર અનુત્તર વિમાનના દેવોનો ઉત્કૃષ્ટ વિરહ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ છે, માટે એક પલ્યોપમમાં અસંખ્ય દેવો આવે છે, તેમના આયુષ્ય ૩૩ સાગરોપમ એટલે ૩૩૦ ક્રોડાક્રોડ પલ્યોપમ સુધીનાં છે માટે બાદર તેઉકાયના પર્યાપ્તા કરતાં અસંખ્યાતગુણા થઈ જાય છે. સૂક્ષ્મ ક્ષેત્ર પલ્યોપમના અસંખ્યાતમા ભાગના આકાશ-પ્રદેશોની સંખ્યા જેટલા અનુત્તર વિમાનના દેવો છે.

**બોલ ૪ થી ૧૧ :** તે સર્વ સૂક્ષ્મ ક્ષેત્ર પલ્યોપમના અસંખ્યાતમા ભાગના આકાશ-પ્રદેશ જેટલા છે. પલ્યોપમના ત્રણ પ્રકાર છે. **૧. ઉદ્ધાર પલ્યોપમ :** દ્વીપસમુદ્ર ની સંખ્યાની ગણના ઉદ્ધાર પલ્યો. થી થાય છે. **૨. અદ્ધા પલ્યોપમ :** ૨૪ દંડકનાં જીવોના આયુષ્ય ની ગણના અદ્ધાપલ્યો. થી થાય છે. **૩. ક્ષેત્ર પલ્યોપમ :** જીવો ની સંખ્યાની ગણના ક્ષેત્રપલ્યો. થી થાય છે.

**બોલ ૫ થી ૭ :** અનુત્તર વિમાનના પાંચ વિમાનની સામે, નવ ગ્રૈવેયક સુધી (ત્રણ ત્રિક) ઊંધા ક્રમે નીચે જતાં ઉત્તરોત્તર વિમાનની સંખ્યા વધતી જાય છે અને નીચેનીચેના વિમાનમાં અધિક અધિક દેવો હોય છે. તેઓને રહેવાનું ક્ષેત્ર તથા વિમાનની સંખ્યા ચોથા બોલ કરતાં સંખ્યાતગણી વધે છે, તેથી તેઓ ક્રમશઃ સંખ્યાતગુણા વધારે છે.

| ક્રમ | બોલનું નામ | જીવ | ગુણસ્થા | યોગ | ઉપયોગ | લેશ્યા | જીવ ભેદ ૧૪ | ગુણસ્થાન ૧૪ | મન | વચન | ઔદા | વૈક્રિય | આહાર | કાર્મણ | જ્ઞાન | અજ્ઞાન | દર્શન | લેશ્યા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૬ | પાંચમી નરકના નારકી અસં. ગુણ. | ૨ | ૪ | ૧૧ | ૯ | ૨ | ૨ સંજ્ઞીના | ૧ થી ૪ | ૪ | ૪ | × | ૨ | × | ૧ | ૩ | ૩ | ૩ | ૨ |
| ૧૭ | છઠ્ઠા દેવલોકના દેવ અસંખ્યાત ગુણ. | ૨ | ૪ | ૧૧ | ૯ | ૧ | ૨ સંજ્ઞીના | ૧ થી ૪ | ૪ | ૪ | × | ૨ | × | ૧ | ૩ | ૩ | ૩ | શુ |
| ૧૮ | ચોથી નરકના નારકી અસં. ગુણ. | ૨ | ૪ | ૧૧ | ૯ | ૧ | ૨ સંજ્ઞીના | ૧ થી ૪ | ૪ | ૪ | × | ૨ | × | ૧ | ૩ | ૩ | ૩ | ની |
| ૧૯ | પાંચમા દેવલોકના દેવ અસં. ગુણ. | ૨ | ૪ | ૧૧ | ૯ | ૧ | ૨ સંજ્ઞીના | ૧ થી ૪ | ૪ | ૪ | × | ૨ | × | ૧ | ૩ | ૩ | ૩ | પદ્મ |
| ૨૦ | ત્રીજી નરકના નારકી અસં. ગુણ. | ૨ | ૪ | ૧૧ | ૯ | ૨ | ૨ સંજ્ઞીના | ૧ થી ૪ | ૪ | ૪ | × | ૨ | × | ૧ | ૩ | ૩ | ૩ | ૨ |
| ૨૧ | ચોથા દેવલોકના દેવ અસં. ગુણ. | ૨ | ૪ | ૧૧ | ૯ | ૧ | ૨ સંજ્ઞીના | ૧ થી ૪ | ૪ | ૪ | × | ૨ | × | ૧ | ૩ | ૩ | ૩ | પદ્મ |
| ૨૨ | ત્રીજા દેવલોકના દેવ અસં. ગુણ. | ૨ | ૪ | ૧૧ | ૯ | ૧ | ૨ સંજ્ઞીના | ૧ થી ૪ | ૪ | ૪ | × | ૨ | × | ૧ | ૩ | ૩ | ૩ | પદ્મ |
| ૨૩ | બીજી નરકના નારકી અસં. ગુણ. | ૨ | ૪ | ૧૧ | ૯ | ૧ | ૨ સંજ્ઞીના | ૧ થી ૪ | ૪ | ૪ | × | ૨ | × | ૧ | ૩ | ૩ | ૩ | કા |
| ૨૪ | સંમૂર્ચ્છિમ મનુષ્ય અસં. ગુણ. | ૧ | ૧ | ૩ | ૪ | ૩ | અ.પં. અપ. | ૧લું | × | × | ૨ | × | × | ૧ | × | ૨ | ૨ | પ્ર |
| ૨૫ | બીજા દેવલોકના દેવ અસં. ગુણ. | ૨ | ૪ | ૧૧ | ૯ | ૧ | ૨ સંજ્ઞીના | ૧ થી ૪ | ૪ | ૪ | × | ૨ | × | ૧ | ૩ | ૩ | ૩ | તેજો |
| ૨૬ | બીજા દેવલોકની દેવી સંખ્યાત ગુણ. | ૨ | ૪ | ૧૧ | ૯ | ૧ | ૨ સંજ્ઞીના | ૧ થી ૪ | ૪ | ૪ | × | ૨ | × | ૧ | ૩ | ૩ | ૩ | તેજો |
| ૨૭ | પહેલા દેવલોકના દેવ સંખ્યાત ગુણ. | ૨ | ૪ | ૧૧ | ૯ | ૧ | ૨ સંજ્ઞીના | ૧ થી ૪ | ૪ | ૪ | × | ૨ | × | ૧ | ૩ | ૩ | ૩ | તેજો |
| ૨૮ | પહેલા દેવલોકની દેવી સંખ્યાત ગુણ. | ૨ | ૪ | ૧૧ | ૯ | ૧ | ૨ સંજ્ઞીના | ૧ થી ૪ | ૪ | ૪ | × | ૨ | × | ૧ | ૩ | ૩ | ૩ | તેજો |
| ૨૯ | ભવનપતિના દેવ અસંખ્યાત ગુણ. | ૩ | ૪ | ૧૧ | ૯ | ૪ | ૨ સં, ૧અસં | ૧ થી ૪ | ૪ | ૪ | × | ૨ | × | ૧ | ૩ | ૩ | ૩ | પ્ર |
| ૩૦ | ભવનપતિની દેવી સંખ્યાત ગુણ. | ૨ | ૪ | ૧૧ | ૯ | ૪ | ૨ સંજ્ઞીના | ૧ થી ૪ | ૪ | ૪ | × | ૨ | × | ૧ | ૩ | ૩ | ૩ | પ્ર |

**બોલ ૮ થી ૧૧** : ૧૧મા અને ૧૨મા દેવલોકના વિમાન તથા ૯મા અને ૧૦મા દેવલોકના વિમાન સમ શ્રેણીમાં સ્થિત છે અને બંનેની વિમાન સંખ્યા સરખી છે પરંતુ ૯ ગ્રૈવેયક કરતાં ૧૧/૧૨મા દેવલોકના તથા તેના કરતાં ૯/૧૦મા દેવલોકના વિમાનની સંખ્યા તથા ક્ષેત્ર વધારે છે, તેમજ સ્વભાવથી કૃષ્ણપક્ષી જીવ પ્રાય: દક્ષિણ દિશામાં વધુ અને ઉત્તર દિશામાં અલ્પ ઉત્પન્ન થાય છે, શુકલપક્ષી જીવો કરતાં કૃષ્ણપક્ષી જીવો વધારે હોય છે, તેથી ૧૨મા દેવલોકથી ૧૧મા દેવલોકના દેવો, ૧૦મા દેવલોકના દેવોથી ૯મા દેવલોકના દેવો ઉત્તરોત્તર સંખ્યાતગુણા અધિક છે.

**બોલ ૧૨ થી ૨૩** : તેનાથી ઉત્તરોત્તર ક્રમશ: સાતમી નરકના નારકીથી ત્રેવીસમા બોલના બીજી નરકના નારકીના જીવો અસંખ્યાત અસંખ્યાતગુણા અધિક છે. તેમાં શેષ કારણો બોલ ૮માં બતાવ્યા પ્રમાણે સમજવા. નરકના બોલોમાં નરકનું ક્ષેત્ર, નરકવાસા તથા કુંભીઓની સંખ્યા ઉત્તરોત્તર વધતી જાય છે. તેમ જ ૯ મા દેવ.થી ઉપરના દેવ. માં માત્ર મનુષ્ય જ ઉત્પન્ન થાય છે, જ્યારે નરકમાં મનુષ્ય અને સંજ્ઞી તિર્યંચ પંચે. બંને ઉત્પન્ન થાય છે, તેથી નારકની સંખ્યા વધી જાય છે.

ઘનીકૃત લોકની ૧ શ્રેણીના અસંખ્યાતમા ભાગમાં સ્થિત આકાશ-પ્રદેશોની સંખ્યા જેટલા છે. (પરંતુ અસંખ્યાતાના પ્રકાર પણ અસંખ્યાતા છે, તેથી સંખ્યા વધતી જાય છે.) ઘનીકૃત લોકની ૧ શ્રેણી ૧ આકાશ-પ્રદેશની પહોળી અને ૭ રજ્જુ લાંબી હોય છે. (ઘનીકૃત લોકની આવી કુલ અસંખ્ય આકાશ શ્રેણી છે)

**બોલ ૨૪** : અંગુલ માત્ર આકાશ-પ્રદેશના પ્રથમ વર્ગમૂળને ત્રીજા વર્ગમૂળથી ગુણતાં જેટલા આકાશ-પ્રદેશ થાય, તેટલા આકાશ- પ્રદેશ પર ૧-૧ સંમર્ચ્છિમ મનુષ્યને ગોઠવતાં ઘનીકૃત લોકની ૧શ્રેણી પૂર્ણ ભરાઈ જાય અને ૧ મનુષ્યને મૂકવાની જગ્યા ખાલી રહે, તેટલા સંમૂર્ચ્છિમ મનુષ્ય છે. અસત્ કલ્પનાએ અંગુલ પ્રમાણ ક્ષેત્રમાં ૨૫૬ આકાશ-પ્રદેશ છે. તેનું પ્રથમ વર્ગમૂળ ૧૬ અને ત્રીજું વર્ગમૂળ ૨ છે, તો ૧૬ x ૨ = ૩૨ આકાશ-પ્રદેશ પર એક જીવને સ્થાપિત કરવો.

ધારો કે ૭ રાજુ લાંબી અને ૧ આકાશપ્રદેશ પહોળી એવી આ ઘનીકૃત લોકની ૧શ્રેણીમાં ૩૨ લાખ આકાશ-પ્રદેશ છે. ૩૨-૩૨આકાશ-પ્રદેશ પર એક સંમૂર્ચ્છિમ મનુષ્યને ગોઠવતાં ૧ લાખ સંમર્ચ્છિમ મનુષ્ય ગોઠવાય જાય અને ૧ મનુષ્યની જગ્યા ખાલી રહે અર્થાત્ ૯૯,૯૯૯ સંમૂર્ચ્છિમ મનુષ્યો થયા.

| ક્રમ | બોલનું નામ | જીવ | ગુણસ્થા | યોગ | ઉપયોગ | લેશ્યા | જીવ ભેદ ૧૪ | ગુણસ્થાન ૧૪ | મન | વચન | ઔદા | વૈક્રિય | આહાર | કાર્મણ | જ્ઞાન | અજ્ઞાન | દર્શન | લેશ્યા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૧ | પહેલી નરકના નારકી અસં. ગુણ. | ૩ | ૪ | ૧૧ | ૯ | ૧ | ૨ સં,૧ અસં | ૧ થી ૪ | ૪ | ૪ | × | ૨ | × | ૧ | ૩ | ૩ | ૩ | કા |
| ૩૨ | ખેચર પુરુષ તિર્યંચયોની અસ.ગુણ. | ૨ | ૫ | ૧૩ | ૯ | ૬ | ૨ સંજ્ઞીના | ૧ થી ૫ | ૪ | ૪ | ૨ | ૨ | × | ૧ | ૩ | ૩ | ૩ | ૬ |
| ૩૩ | ખેચરની સ્ત્રી સંખ્યાત ગુણ. | ૨ | ૫ | ૧૩ | ૯ | ૬ | ૨ સંજ્ઞીના | ૧ થી ૫ | ૪ | ૪ | ૨ | ૨ | × | ૧ | ૩ | ૩ | ૩ | ૬ |
| ૩૪ | સ્થલચર પુરુષ સંખ્યાત ગુણ. | ૨ | ૫ | ૧૩ | ૯ | ૬ | ૨ સંજ્ઞીના | ૧ થી ૫ | ૪ | ૪ | ૨ | ૨ | × | ૧ | ૩ | ૩ | ૩ | ૬ |
| ૩૫ | સ્થલચરની સ્ત્રી સંખ્યાત ગુણ. | ૨ | ૫ | ૧૩ | ૯ | ૬ | ૨ સંજ્ઞીના | ૧ થી ૫ | ૪ | ૪ | ૨ | ૨ | × | ૧ | ૩ | ૩ | ૩ | ૬ |
| ૩૬ | જળચર પુરુષ સંખ્યાત ગુણ. | ૨ | ૫ | ૧૩ | ૯ | ૬ | ૨ સંજ્ઞીના | ૧ થી ૫ | ૪ | ૪ | ૨ | ૨ | × | ૧ | ૩ | ૩ | ૩ | ૬ |
| ૩૭ | જળચરની સ્ત્રી સંખ્યાત ગુણ. | ૨ | ૫ | ૧૩ | ૯ | ૬ | ૨ સંજ્ઞીના | ૧ થી ૫ | ૪ | ૪ | ૨ | ૨ | × | ૧ | ૩ | ૩ | ૩ | ૬ |
| ૩૮ | વાણવ્યંતરના દેવ સંખ્યાત ગુણ. | ૩ | ૪ | ૧૧ | ૯ | ૪ | ૨ સં, ૧અસં | ૧ થી ૪ | ૪ | ૪ | × | ૨ | × | ૧ | ૩ | ૩ | ૩ | પ્ર |
| ૩૯ | વાણવ્યંતરની દેવી સંખ્યાત ગુણ. | ૨ | ૪ | ૧૧ | ૯ | ૪ | ૨ સંજ્ઞીના | ૧ થી ૪ | ૪ | ૪ | × | ૨ | × | ૧ | ૩ | ૩ | ૩ | પ્ર |
| ૪૦ | જ્યોતિષી દેવ સંખ્યાત ગુણ. | ૨ | ૪ | ૧૧ | ૯ | ૧ | ૨ સંજ્ઞીના | ૧ થી ૪ | ૪ | ૪ | × | ૨ | × | ૧ | ૩ | ૩ | ૩ | તેજો |
| ૪૧ | જ્યોતિષીની દેવી સંખ્યાત ગુણ. | ૨ | ૪ | ૧૧ | ૯ | ૧ | ૨ સંજ્ઞીના | ૧ થી ૪ | ૪ | ૪ | × | ૨ | × | ૧ | ૩ | ૩ | ૩ | તેજો |
| ૪૨ | ખેચર નપુંસક (ગર્ભજ) તિર્યંચ સંખ્યાત ગુણ. | ૨ | ૫ | ૧૩ | ૯ | ૬ | ૨ સંજ્ઞીના | ૧ થી ૫ | ૪ | ૪ | ૨ | ૨ | × | ૧ | ૩ | ૩ | ૩ | ૬ |
| ૪૩ | સ્થલચર નપુંસક (ગર્ભજ) સં. ગુણ | ૨ | ૫ | ૧૩ | ૯ | ૬ | ૨ સંજ્ઞીના | ૧ થી ૫ | ૪ | ૪ | ૨ | ૨ | × | ૧ | ૩ | ૩ | ૩ | ૬ |
| ૪૪ | જળચર નપુંસક (ગર્ભજ) સં. ગુણ. | ૨ | ૫ | ૧૩ | ૯ | ૬ | ૨ સંજ્ઞીના | ૧ થી ૫ | ૪ | ૪ | ૨ | ૨ | × | ૧ | ૩ | ૩ | ૩ | ૬ |
| ૪૫ | ચૌરેન્દ્રિય પર્યાપ્ત સંખ્યાત ગુણ. | ૧ | ૧ | ૨ | ૪ | ૩ | ૧ ચૌ.પર્યા. | ૧ લું | × | ૧ | ૧ | × | × | × | × | ૨ | ૨ | પ્ર |

**બોલ ૨૫ :** બોલ ૮ પ્રમાણે વિમાન સંખ્યા, વિમાન ક્ષેત્ર વધે છે તેથી. ઘનીકૃત લોકની શ્રેણીના આંગુલ પ્રમાણ ક્ષેત્ર પ્રદેશની સંખ્યાના બીજા વર્ગમૂળને ત્રીજા વર્ગમૂળથી ગુણતાં જેટલા પ્રદેશ થાય, તેટલી શ્રેણીના પ્રદેશ જેટલા સર્વ મળીને વૈમાનિક દેવ- દેવીઓ છે. તે સંખ્યાના સંખ્યાતમા ભાગ જેટલા બીજા દેવલોકના દેવ છે.

અસત્ કલ્પનાએ ધારોકે આંગુલ પ્રમાણ ક્ષેત્રના પ્રદેશની સંખ્યા ૨૫૬ છે, તો તેનું પ્રથમ વર્ગમૂળ ૧૬ અને બીજું વર્ગમૂળ ૪ અને ત્રીજું વર્ગમૂળ ૨ છે., તેથી ૪x૨ = ૮ શ્રેણીના આકાશ-પ્રદેશ જેટલાં કુલ વૈમાનિક દેવ-દેવી છે. તેના સંખ્યાતમા ભાગ જેટલા બીજા દેવલોકના દેવ છે.

**બોલ ૨૬ :** દેવ કરતાં દેવીઓ ૩૨ ગુણી અને ૩૨ વધારે હોય છે તેથી સંખ્યાતગુણી.

**બોલ ૨૭ :** બીજા દેવલોકમાં ૨૮ લાખ વિમાનની સામે ૧લા દેવલોકમાં ૩૨ લાખ વિમાન છે, તેથી સંખ્યાતગુણા વધારે છે.

**બોલ ૨૮ :** દેવ કરતાં દેવીઓ ૩૨ ગુણી અને ૩૨ વધારે હોય છે તેથી.



**બોલ ૨૯/૩૦ :** ભવનપતિમાં અસંખ્યાતા અસંજ્ઞી તિર્યંચ પણ આવીને ઊપજે છે, તેમજ ભવનપતિનું ક્ષેત્ર તથા ભવન સંખ્યા પણ વધારે છે, તેથી ભવનપતિ દેવ અસંખ્યાતગુણા, અને દેવ કરતાં દેવીઓ ૩૨ ગુણી અને ૩૨ વધારે છે, તેથી સંખ્યાતગુણી છે. ઘનીકૃત લોકની શ્રેણીના આંગુલ પ્રમાણ ક્ષેત્રના પ્રથમ વર્ગમૂળના સંખ્યાતમા ભાગની શ્રેણીના આકાશપ્રદેશ જેટલા ભવનપતિના દેવ છે. ધારો કે આંગુલ પ્રમાણ ક્ષેત્રના પ્રદેશની સંખ્યા ૨૫૬ છે, તો તેનું પ્રથમ વર્ગમૂળ ૧૬ છે. તેનો સંખ્યાતમો ભાગ એટલે ૧૬નો સંખ્યાતમો ભાગ = અંદાજે ૫ થી ૬ શ્રેણીના આકાશ પ્રદેશ જેટલા.

**નોટ : ઘનીકૃત લોક** એટલે ૧૪ રાજલોક ઊંચો અને ૭ રાજુ પહોળા લોકને જો ચોરસ ઘન ડબ્બાના આકારનો બનાવવામાં આવે, તો તે ૭ રાજુ લાંબો, ૭ રાજુ પહોળો અને ૭ રાજુ જાડો બની જાય તેવો લોક. **(પાસાના આકાર જેવો-આકૃતિ પૃષ્ઠ ૭૨ પર આપી છે.)**

**બોલ ૩૧ :** પ્રથમ નરકમાં અસંખ્યાતા અસંજ્ઞી તિર્યંચ પણ આવીને ઊપજે છે તેમજ નરકનું ક્ષેત્ર, નરકવાસા અને કુંભીઓની સંખ્યા પણ વધારે છે. ઘનીકૃત લોકની શ્રેણીના અંગુલ પ્રમાણ ક્ષેત્રના પ્રદેશોની રાશિના પ્રથમ વર્ગમૂળને દ્વિતીય વર્ગમૂળથી ગુણતાં જે પ્રદેશ-સંખ્યા આવે, તેટલી શ્રેણીમાં રહેલા આકાશ-પ્રદેશો જેટલા અસંખ્યાતા કુલ નારકી છે.

| ક્રમ | બોલનું નામ | જીવ | ગુણસ્થા | યોગ | ઉપયોગ | લેશ્યા | જીવ ભેદ ૧૪ | ગુણસ્થાન ૧૪ | મન | વચન | ઔદા | વૈક્રિય | આહાર | કાર્મણ | જ્ઞાન | અજ્ઞાન | દર્શન | લેશ્યા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૪૬ | પંચેન્દ્રિય પર્યાપ્ત વિશેષાધિક. | ૨ | ૧૨ | ૧૪ | ૧૦ | ૬ | ૧ સં, ૧અસં | ૧ થી ૧૨ | ૪ | ૪ | ૨ | ૨ | ૨ | × | ૪ | ૩ | ૩ | ૬ |
| ૪૭ | બેઈન્દ્રિય પર્યાપ્ત વિશેષાધિક. | ૧ | ૧ | ૨ | ૩ | ૩ | ૧ બેઈ. પર્યા. | ૧લું | × | ૧ | ૧ | × | × | × | × | ૨ | ૧ | પ્ર |
| ૪૮ | તેઈન્દ્રિય પર્યાપ્ત વિશેષાધિક. | ૧ | ૧ | ૨ | ૩ | ૩ | ૧ તેઈ. પર્યા. | ૧લું | × | ૧ | ૧ | × | × | × | × | ૨ | ૧ | પ્ર |
| ૪૯ | પંચેન્દ્રિય અપર્યાપ્ત અસંખ્યાત ગુણ. | ૨ | ૩ | ૫ | ૯ | ૬ | ૧ સં, ૧અસં | ૧,૨,૪ થું | × | × | ૨ | ૨ | × | ૧ | ૩ | ૩ | ૩ | ૬ |
| ૫૦ | ચૌરેન્દ્રિય અપર્યાપ્તા વિશેષાધિક. | ૧ | ૨ | ૩ | ૬ | ૩ | ૧ ચૌ.અપ. | ૧લું,૨જું | × | × | ૨ | × | × | ૧ | ૨ | ૨ | ૨ | પ્ર |
| ૫૧ | તેઈન્દ્રિય અપર્યાપ્ત વિશેષાધિક. | ૧ | ૨ | ૩ | ૫ | ૩ | ૧ તે.અપ. | ૧લું,૨જું | × | × | ૨ | × | × | ૧ | ૨ | ૨ | ૧ | પ્ર |
| ૫૨ | બેઈન્દ્રિય અપર્યાપ્ત વિશેષાધિક. | ૧ | ૨ | ૩ | ૫ | ૩ | ૧ બે.અપ. | ૧લું,૨જું | × | × | ૨ | × | × | ૧ | ૨ | ૨ | ૧ | પ્ર |
| ૫૩ | પ્રત્યેક શરીરી બાદર વનસ્પતિકાય પર્યાપ્ત અસંખ્યાત ગુણ. | ૧ | ૧ | ૧ | ૩ | ૩ | બા.એકેન્દ્રિય પર્યાપ્તા. | ૧લું | × | × | ૧ | × | × | × | × | ૨ | ૧ | પ્ર |
| ૫૪ | બાદર નિગોદ પર્યાપ્ત (શરીર) અસંખ્યાત ગુણ. | ૧ | ૧ | ૧ | ૩ | ૩ | બા.એકેન્દ્રિય પર્યાપ્તા. | ૧લું | × | × | ૧ કા | × | × | × | × | ૨ | ૧ | પ્ર |
| ૫૫ | બાદર પૃથ્વીકાય પર્યાપ્ત અસં. ગુણ. | ૧ | ૧ | ૧ | ૩ | ૩ | બા.એકે પર્યા | ૧લું | × | × | ૧ | × | × | × | × | ૨ | ૧ | પ્ર |
| ૫૬ | બાદર અપકાય પર્યાપ્ત અસં. ગુણ. | ૧ | ૧ | ૧ | ૩ | ૩ | બા.એકે પર્યા | ૧લું | × | × | ૧ | × | × | × | × | ૨ | ૧ | પ્ર |
| ૫૭ | બાદર વાઉકાય પર્યાપ્ત અસં. ગુણ. | ૧ | ૧ | ૪ | ૩ | ૩ | બા.એકે પર્યા | ૧લું | × | × | ૨ | ૨ | × | × | × | ૨ | ૧ | પ્ર |
| ૫૮ | બાદર તેઉકાય અપર્યાપ્ત અસં. ગુણ. | ૧ | ૧ | ૩ | ૩ | ૩ | બા.એકે અપ. | ૧લું | × | × | ૨ | × | × | ૧ | × | ૨ | ૧ | પ્ર |
| ૫૯ | પ્રત્યેક શરીરી બાદર વનસ્પતિકાય અપર્યાપ્ત અસંખ્યાત ગુણ. | ૧ | ૧ | ૩ | ૩ | ૪ | બા.એકેન્દ્રિય અપર્યાપ્તા. | ૧લું | × | × | ૨ | × | × | ૧ | × | ૨ | ૧ | પ્ર |

ધારો કે અંગુલ પ્રમાણ ક્ષેત્રના પ્રદેશની સંખ્યા ૨૫૬ છે, તો તેનું પ્રથમ વર્ગમૂળ ૧૬, બીજું વર્ગમૂળ ૪ અને ત્રીજું વર્ગમૂળ ૨ છે, તેથી ૧૬ × ૪ = ૬૪ શ્રેણીના પ્રદેશ જેટલા કુલ નારકી છે. ૨ થી ૭ નરકના નારકી કરતાં ૧લી નરકના નારકી અસંખ્યાતગુણ વધુ છે.

**બોલ ૩૨/૩૩** : પ્રતરના અસંખ્યાતમા ભાગમાં રહેલી અસંખ્યાત શ્રેણીના આકાશ-પ્રદેશ જેટલા છે. તિર્યંચ પુરુષ કરતાં તિર્યંચ સ્ત્રી ત્રણ ગણી અને ત્રણ વધારે હોય છે, તેથી માત્ર સંખ્યાતગુણી વધારે છે.

**બોલ ૩૪/૩૫** : પ્રતરના અસંખ્યાતમા ભાગ (બોલ ૩૨માં લીધું તેના કરતાં મોટું) માં રહેલી અસંખ્યાત શ્રેણીઓના આકાશપ્રદેશની સંખ્યા જેટલા છે. ખેચર અપેક્ષા સ્થળચરનું સ્થાન વધારે છે. તિર્યંચ સ્ત્રી ત્રણ ગણી અને ત્રણ વધારે હોય છે, તેથી સંખ્યાતગુણી વધારે છે. સ્થળચરમાં ઉરપરિસર્પ અને ભૂજપરિસર્પનો પણ સમાવેશ કરેલ છે.

**બોલ ૩૬/૩૭** : અસંખ્યાત દ્વીપના ક્ષેત્ર કરતાં અસંખ્યાત સમુદ્રોનું ક્ષેત્ર મોટું હોવાથી, સ્થળ કરતાં જળ વધારે છે, માટે સ્થળચર કરતાં જળચર જીવો વધારે છે. તિર્યંચ સ્ત્રી ત્રણ ગણી અને ત્રણ વધારે હોય છે, તેથી સંખ્યાતગુણી વધારે છે. પ્રતરના અસંખ્યાતમા ભાગ (બોલ ૩૩માં લીધું તેના કરતાં મોટું) માં રહેલી અસંખ્યાત શ્રેણીઓના આકાશપ્રદેશની સંખ્યા જેટલા છે.

**બોલ ૩૮/૩૯** : વાણવ્યંતરના નગર અસંખ્યાતા છે, પણ સંખ્યાતા યોજન વિસ્તારવાળા છે. પરવશપણે બ્રહ્મચર્યનું પાલન વગેરે અકામનિર્જરાથી પણ જીવ વ્યંતર થાય છે. સંખ્યાત સો યોજન કોડાક્રોડી પ્રમાણ લાંબા પહોળા ચોરસ ખંડ એક પ્રતરના કરવા. તે ખંડની કુલ સંખ્યા જેટલા વાણવ્યંતર દેવો છે, એટલે કે એક એક ખંડમાં એક એક વાણવ્યંતર દેવને બેસાડતાં તે પ્રતર પૂર્ણ ભરાઈ જાય છે. દેવ કરતાં દેવીઓ ૩૨ ગુણી અને ૩૨ વધારે હોય છે, તેથી સંખ્યાતગુણી.

**બોલ ૪૦/૪૧** : જ્યોતિષી દેવો અસંખ્યાતા છે પણ તેના વિમાનો સંખ્યાતા યોજન વિસ્તારવાળા છે. દેવ કરતાં દેવીઓ ૩૨ ગુણી અને ૩૨ વધારે હોય છે, તેથી સંખ્યાતગુણી. ૨૫૬ આંગુલ પ્રમાણ લાંબા પહોળા ચોરસ ખંડ એક પ્રતરના કરવા. આવા ૧- ૧ ખંડ ઉપર ૧-૧ જ્યોતિષીને બેસાડતાં સંપૂર્ણ પ્રતર ભરાઈ જાય છે. આટલા જ્યોતિષી દેવો છે.

**બોલ ૪૨ થી ૪૪** : સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય નપુંસક લેવાના હોવાથી સંખ્યાતગુણા. ઘનીકૃત લોકના એક પ્રતરના, આંગુલના સંખ્યાતમા ભાગ જેટલા લાંબા પહોળા ચોરસ ખંડ ૧ પ્રતરના કરવા. (ખંડ સંખ્યાતગુણ હીન કરવો.)

| ક્રમ | બોલનું નામ | જીવ | ગુણ સ્થા | યોગ | ઉપ યોગ | લેશ્યા | જીવ ભેદ ૧૪ | ગુણસ્થાન ૧૪ | મન | વચન | ઔદા | વૈક્રિય | આહાર | કાર્મણ | જ્ઞાન | અજ્ઞાન | દર્શન | લેશ્યા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૬૦ | બાદર નિગોદ અપર્યાપ્ત (શરીર) અસંખ્યાત ગુણ. | ૧ | ૧ | ૩ | ૩ | ૩ | બા.એકેન્દ્રિય અપર્યાપ્તા. | ૧લું | × | × | ૨ | × | × | ૧ | × | ૨ | ૧ | પ્ર |
| ૬૧ | બાદર પૃથ્વીકાય અપર્યાપ્ત અસં. ગુણ | ૧ | ૧ | ૩ | ૩ | ૪ | બા.એકે.અપ. | ૧લું | × | × | ૨ | × | × | ૧ | × | ૨ | ૧ | પ્ર |
| ૬૨ | બાદર અપકાય અપર્યાપ્ત અસં. ગુણ. | ૧ | ૧ | ૩ | ૩ | ૪ | બા.એકે.અપ. | ૧લું | × | × | ૨ | × | × | ૧ | × | ૨ | ૧ | પ્ર |
| ૬૩ | બાદર વાયુકાય અપર્યાપ્ત અસં. ગુણ. | ૧ | ૧ | ૩ | ૩ | ૩ | બા.એકે.અપ. | ૧લું | × | × | ૨ | × | × | ૧ | × | ૨ | ૧ | પ્ર |
| ૬૪ | સૂક્ષ્મ તેજસ્કાય અપર્યાપ્ત અસં. ગુણ. | ૧ | ૧ | ૩ | ૩ | ૩ | સૂ.એકે.અપ. | ૧લું | × | × | ૨ | × | × | ૧ | × | ૨ | ૧ | પ્ર |
| ૬૫ | સૂક્ષ્મ પૃથ્વીકાય અપર્યાપ્ત વિશેષાધિક. | ૧ | ૧ | ૩ | ૩ | ૩ | સૂ.એકે.અપ. | ૧લું | × | × | ૨ | × | × | ૧ | × | ૨ | ૧ | પ્ર |
| ૬૬ | સૂક્ષ્મ અપકાય અપર્યાપ્ત વિશેષાધિક. | ૧ | ૧ | ૩ | ૩ | ૩ | સૂ.એકે.અપ. | ૧લું | × | × | ૨ | × | × | ૧ | × | ૨ | ૧ | પ્ર |
| ૬૭ | સૂક્ષ્મ વાયુકાય અપર્યાપ્ત વિશેષાધિક. | ૧ | ૧ | ૩ | ૩ | ૩ | સૂ.એકે.અપ. | ૧લું | × | × | ૨ | × | × | ૧ | × | ૨ | ૧ | પ્ર |
| ૬૮ | સૂક્ષ્મ તેજસ્કાય પર્યાપ્ત સંખ્યાત ગુણ. | ૧ | ૧ | ૧ | ૩ | ૩ | સૂ.એકે પર્યા | ૧લું | × | × | ૧ | × | × | × | × | ૨ | ૧ | પ્ર |
| ૬૯ | સૂક્ષ્મ પૃથ્વીકાય પર્યાપ્ત વિશેષાધિક. | ૧ | ૧ | ૧ | ૩ | ૩ | સૂ.એકે પર્યા | ૧લું | × | × | ૧ | × | × | × | × | ૨ | ૧ | પ્ર |
| ૭૦ | સૂક્ષ્મ અપકાય પર્યાપ્ત વિશેષાધિક. | ૧ | ૧ | ૧ | ૩ | ૩ | સૂ.એકે પર્યા | ૧લું | × | × | ૧ | × | × | × | × | ૨ | ૧ | પ્ર |
| ૭૧ | સૂક્ષ્મ વાયુકાય પર્યાપ્ત વિશેષાધિક. | ૧ | ૧ | ૧ | ૩ | ૩ | સૂ.એકે પર્યા | ૧લું | × | × | ૧ | × | × | × | × | ૨ | ૧ | પ્ર |
| ૭૨ | સૂક્ષ્મ નિગોદ અપર્યાપ્ત (શરીર) અસંખ્યાત ગુણ. | ૧ | ૧ | ૩ | ૩ | ૩ | સૂ.એકે અપર્યાપ્તા. | ૧લું | × | × | ૨ | × | × | ૧ | × | ૨ પ્ર | ૧ અ | પ્ર |

**બોલ ૪૫ થી ૪૮ :** આંગુલના સંખ્યાતમા ભાગ જેટલા લાંબા પહોળા ચોરસ ખંડ ૧ પ્રતરના કરવા.

**બોલ ૪૯ થી ૫૬ :** આંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ જેટલા લાંબા પહોળા ખંડ એક પ્રતરના કરવા. આ ખંડ પાછલા બોલ કરતાં સંખ્યાતગુણો નાનો લેવો. આથી અપર્યાપ્ત બેઈન્દ્રિય સુધી ઉત્તરોત્તર આંગુલના અસંખ્યાતમા ભાગમાં આંગુલનો અસંખ્યાતમો ભાગ નાનો નાનો લેવો. અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયને ૪૬ અને ૪૯માં બોલમાં લેવાના.

**બોલ ૫૩ :** ત્રસથી સ્થાવર જીવો ઉત્તરોત્તર ઓછા પુણ્યવાળા હોવાથી તેમાં જીવો વધતા જાય છે.

**બોલ ૫૪ :** પ્રત્યેક શરીરથી નિગોદનાં શરીર વધારે છે. આ બોલમાં માત્ર ઔદારિક શરીરની સંખ્યા બતાવી છે, તેથી તેમાં ગુણ. યોગ, ઉપયોગ કે લેશ્યા હોતી નથી. **બોલ - ૫૪,૬૦, ૭૨,૭૩**માં નિગોદ શરીરમાં રેહલા જીવોની અપેક્ષાએ ગુણ. વગેરેનું કથન કર્યું છે.

**બોલ ૫૫ :** પૃથ્વીકાય ઘણી વિશાળ હોવાથી તથા વનસ્પતિકાયનો આધાર પૃથ્વીકાય હોવાથી.

**બોલ ૫૬ :** સ્વયંભૂરમણ સમુદ્ર સર્વથી મોટો સમુદ્ર હોવાથી (બંને બાજુનો મળીને અડધા રાજુનો).

**બોલ ૫૭ :** લોકના અનેક અસંખ્યાત ભાગોમાં બધે પોલાણ હોવાથી. ઘનીકૃત લોકના અસંખ્યાતમા ભાગના અસંખ્ય પ્રતરના પ્રદેશ તુલ્ય છે.


**બોલ ૫૮ :** બાદરમાં પર્યાપ્તાથી અપર્યાપ્તા અસંખ્યાતગુણા વધારે હોય છે.

**બોલ ૫૮ થી ૭૩ :** અસંખ્યાત લોકાકાશની પ્રદેશની રાશિ જેટલા છે. એક જીવની જઘન્યમાં જઘન્ય અવગાહના પણ લોકના અસંખ્ય આકાશ-પ્રદેશ પર રહે જ છે છતાં પણ અસત્ કલ્પના કરી એક-એક આકાશ-પ્રદેશ પર એક-એક જીવની ગણના કરીએ તો એક લોકના અસંખ્ય આકાશ-પ્રદેશ ભરાય જાય પરંતુ તેવા અસંખ્ય લોક જોઈએ.

**બોલ ૫૯ થી ૬૩ :** ઉત્તરોત્તર ક્ષેત્ર અધિક છે અને અવગાહના નાની છે.

**બોલ ૬૪ થી ૬૭ :** બાદર જીવો લોકના દેશ (અમુક) ભાગમાં છે પણ સૂક્ષ્મ જીવો લોકમાં ઠાંસી ઠાંસીને ભર્યા છે, તેથી.

**ઘનીકૃત લોક**



| ક્રમ | બોલનું નામ | જીવ | ગુણસ્થા | યોગ | ઉપયોગ | લેશ્યા | જીવ ભેદ ૧૪ | ગુણસ્થાન ૧૪ | મન | વચન | ઔદા | વૈક્રિય | આહાર | કાર્મણ | જ્ઞાન | અજ્ઞાન | દર્શન | લેશ્યા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૭૩ | સૂક્ષ્મ નિગોદ પર્યાપ્ત (શરીર) સંખ્યાત ગુણ. | ૧ | ૧ | ૧ | ૩ | ૩ | સૂ.એકેન્દ્રિય પર્યાપ્તા | ૧લું | × | × | ૧ | × | × | × | × | ૨ પ્ર | ૧ અચક્ષુ | પ્ર |
| ૭૪ | અભવ્ય જીવ અનંત ગુણ. | ૧૪ | ૧ | ૧૩ | ૬ | ૬ | ૧૪ | ૧લું | ૪ | ૪ | ૨ | ૨ | × | ૧ | × | ૩ | ૩ | ૬ |
| ૭૫ | સમ્યક્ દૃષ્ટિ પ્રતિપાતી. અનંત ગુણ. | ૧૪ | ૨ | ૧૩ | ૬ | ૬ | ૧૪ | ૧લું, ૩જું | ૪ | ૪ | ૨ | ૨ | × | ૧ | × | ૩ | ૩ | ૬ |
| ૭૬ | સિદ્ધ અનંત ગુણ. | × | × | × | ૨ | × | × | × | × | × | × | × | × | × | ૧ | × | ૧ અચક્ષુ | × |
| ૭૭ | બાદર વનસ્પતિ પર્યાપ્તા (સાધારણ અને પ્રત્યેક) અનંત ગુણ. | ૧ | ૧ | ૧ | ૩ | ૩ | બા.એકેન્દ્રિય પર્યાપ્તા | ૧લું | × | × | ૧ | × | × | × | × | ૨ પ્ર | ૧ કેવળ | પ્ર |
| ૭૮ | બાદર જીવ પર્યાપ્તા વિશેષાધિક. | ૬ | ૧૪ | ૧૫ | ૧૨ | ૬ | બા.એ થી પં. | ૧૪ | ૪ | ૪ | ૨ | ૨ | ૨ | ૧ | ૫ | ૩ | ૪ | ૬ |
| ૭૯ | બાદર વનસ્પતિકાય અપર્યાપ્ત અસંખ્યાત ગુણ. | ૧ | ૧ | ૩ | ૩ | ૪ | બા.એકેન્દ્રિય અપર્યાપ્તા | ૧લું | × | × | ૨ | × | × | ૧ | × | ૨ પ્ર | ૧ અચક્ષુ | પ્ર |
| ૮૦ | બાદર જીવ અપર્યાપ્ત વિશેષાધિક. | ૬ | ૩ | ૫ | ૯ | ૬ | બા.એ થી પં. | ૧,૨,૪થુ | × | × | ૨ | ૨ | × | ૧ | ૩ | ૩ | ૩ | ૬ |
| ૮૧ | સમુચ્ચય બાદર જીવ વિશેષાધિક. | ૧૨ | ૧૪ | ૧૫ | ૧૨ | ૬ | સૂક્ષ્મ બે વર્જી | ૧૪ | ૪ | ૪ | ૨ | ૨ | ૨ | ૧ | ૫ | ૩ | ૪ | ૬ |
| ૮૨ | સૂક્ષ્મ વનસ્પતિકાય અપર્યાપ્ત અસંખ્યાત ગુણ. | ૧ | ૧ | ૩ | ૩ | ૩ | સૂ.એકેન્દ્રિય અપર્યાપ્તા | ૧લુ | × | × | ૨ | × | × | ૧ | × | ૨ પ્ર | ૧ અચક્ષુ | પ્ર ૩ |
| ૮૩ | સૂક્ષ્મ જીવ અપર્યાપ્ત વિશેષાધિક. | ૧ | ૧ | ૩ | ૩ | ૩ | સૂ.એકે અપ | ૧લુ | × | × | ૨ | × | × | ૧ | × | ૨ | ૧ અચક્ષુ | પ્ર |

**બોલ ૬૮ :** અપર્યાપ્તા સૂક્ષ્મ જીવો કરતાં પર્યાપ્તા સૂક્ષ્મ જીવો સંખ્યાતગુણા વધારે હોય છે.

**બોલ ૬૯ થી ૭૧ :** ઉત્તરોત્તર અવગાહના નાની હોવાથી જીવો વધારે છે.

**બોલ ૭૨ :** સૂક્ષ્મ પ્રત્યેકથી સૂક્ષ્મ નિગોદની અવગાહના નાની હોવાથી.

**બોલ ૭૩ :** અપર્યાપ્તા સૂક્ષ્મ જીવો કરતાં પર્યાપ્તા સૂક્ષ્મ જીવો સંખ્યાતગુણા વધારે હોય છે. આ બોલ સૂક્ષ્મ નિગોદ પર્યાપ્તા જીવનાં ઔદારિક શરીરની સંખ્યા બતાવે છે.

**બોલ ૭૪ થી ૯૮ :** અનંતા લોકના આકાશપ્રદેશ પ્રમાણ છે.

**બોલ ૭૪ :** ચોથા અનંતા (જઘન્ય યુક્તઅનંતા) જેટલા છે. નિગોદના પર્યાપ્તાના શરીર અસંખ્ય છે, અભવી જીવો અનંતા છે માટે.

**બોલ ૭૫ :** પાંચમા અનંતા (મધ્યમ યુક્તઅનંતા) માં સમાવેશ થાય છે. અભવીથી અનંતગુણા અને સિદ્ધના અનંતમા ભાગે છે.



**બોલ ૭૬ :** અનાદિ કાળથી જીવો સિદ્ધ થતા રહે છે, ભૂતકાળ આઠમા અનંતા જેટલો છે માટે. સિદ્ધની સંખ્યાનો સમાવેશ આઠમા અનંતા (મધ્યમ અનંતા અનંત) માં છે, તે પડિવાઈ સમ્યક્ દૃષ્ટિથી અનંતગુણા છે. હવે પછીના દરેક બોલોના જીવોનો સમાવેશ આઠમા અનંતામા થશે.

**બોલ ૭૭ :** એક બાદર નિગોદવર્તી જીવોની સંખ્યા પણ સિદ્ધોથી અનંતગુણ હોય છે જ્યારે અહીં તો અસંખ્ય બાદર નિગોદના અનંત જીવોને ગ્રહણ કરવામાં આવેલ છે., તેથી સિદ્ધથી અનંતગુણ અધિક છે. **બોલ ૭૮ :** બાદર વનસ્પતિમાં પૃથ્વી, અપ, તેઉ, વાઉ, ત્રસ પર્યાપ્તા ઉમેરાતા.

**બોલ ૭૯ :** બાદરમાં પર્યાપ્તાથી અપર્યાપ્તા અસંખ્યાતગુણા વધારે હોવાથી. એક પર્યાપ્તાની નિશ્રાયે અસંખ્યાતા અપર્યાપ્તા હોય છે.

**બોલ ૮૦ :** બાદર વનસ્પતિમાં પૃથ્વી, અપ, તેઉ, વાઉ, ત્રસ અપર્યાપ્તા ઉમેરાતા. **બોલ ૮૧ :** ૭૮ + ૮૦ મા બોલના ભેગા હોવાથી.

**બોલ ૮૨ :** સંપૂર્ણ લોકમાં અધિક હોવાથી. **બોલ ૮૩ :** ચારે સૂક્ષ્મ સ્થાવર અપર્યાપ્તા ભેગા હોવાથી, ઉમેરાતાં.

**બોલ ૮૪ :** અપર્યાપ્તા સૂક્ષ્મ જીવો કરતાં પર્યાપ્તા સૂક્ષ્મ જીવો સ્વભાવથી જ વધારે હોય છે.

**બોલ ૮૫ :** સૂક્ષ્મ પૃથ્વી, અપ, તેઉ, વાઉ, પર્યાપ્તા ઉમેરાતા. **બોલ ૮૬ :** સૂક્ષ્મના અપર્યાપ્તા તથા પર્યાપ્તા બન્ને ભેગા કરવાથી. ૮૩ + ૮૫મો બોલ. **બોલ ૮૭ :** જઘન્યયુક્ત અનંતા પ્રમાણ અભવ્ય જીવો છોડીને શેષ સર્વ જીવો ભવ્ય છે.

| ક્રમ | બોલનું નામ | જીવ | ગુણસ્થા | યોગ | ઉપયોગ | લેશ્યા | જીવ ભેદ ૧૪ | ગુણસ્થાન ૧૪ | મન | વચન | ઔદા | વૈક્રિય | આહાર | કાર્મણ | જ્ઞાન | અજ્ઞાન | દર્શન | લેશ્યા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૮૪ | સૂક્ષ્મ વનસ્પતિકાય પર્યાપ્ત સં. ગુણ. | ૧ | ૧ | ૧ | ૩ | ૩ | સૂ.એકે પર્યા | ૧લું | × | × | ૧ | × | × | × | × | ૨ | ૧ | પ્ર |
| ૮૫ | સૂક્ષ્મ જીવ પર્યાપ્ત વિશેષાધિક. | ૧ | ૧ | ૧ | ૩ | ૩ | સૂ.એકે પર્યા | ૧લું | × | × | ૧ | × | × | × | × | ૨ | ૧ | પ્ર |
| ૮૬ | સમુચ્ચય સૂક્ષ્મ જીવ વિશેષાધિક. | ૨ | ૧ | ૩ | ૩ | ૩ | સૂક્ષ્મના બે | ૧લું | × | × | ૨ | × | × | ૧ | × | ૨ | ૧ | પ્ર |
| ૮૭ | ભવ્ય જીવ વિશેષાધિક. | ૧૪ | ૧૪ | ૧૫ | ૧૨ | ૬ | ૧૪ | ૧૪ | ૪ | ૪ | ૨ | ૨ | ૨ | ૧ | ૫ | ૩ | ૪ | ૬ |
| ૮૮ | નિગોદના જીવ વિશેષાધિક. | ૪ | ૧ | ૩ | ૩ | ૩ | એકેન્દ્રિયના | ૧લું | × | × | ૨ | × | × | ૧ | × | ૨ | ૧ | પ્ર |
| ૮૯ | સમુચ્ચય વનસ્પતિના જીવ વિશેષાધિક | ૪ | ૧ | ૩ | ૩ | ૪ | એકેન્દ્રિયના | ૧લું | × | × | ૨ | × | × | ૧ | × | ૨ | ૧ | પ્ર |
| ૯૦ | એકેન્દ્રિય જીવ વિશેષાધિક. | ૪ | ૧ | ૫ | ૩ | ૪ | એકેન્દ્રિયના | ૧લું | × | × | ૨ | ૨ | × | ૧ | × | ૨ | ૧ | પ્ર |
| ૯૧ | તિર્યંચ યોનિના જીવ વિશેષાધિક. | ૧૪ | ૫ | ૧૩ | ૯ | ૬ | ૧૪ | ૧ થી ૫ | ૪ | ૪ | ૨ | ૨ | × | ૧ | ૩ | ૩ | ૩ | ૬ |
| ૯૨ | મિથ્યાત્વ દૃષ્ટિ જીવ વિશેષાધિક. | ૧૪ | ૧ | ૧૩ | ૬ | ૬ | ૧૪ | ૧લું | ૪ | ૪ | ૨ | ૨ | × | ૧ | × | ૩ | ૩ | ૬ |
| ૯૩ | અવિરતિ જીવ વિશેષાધિક. | ૧૪ | ૪ | ૧૩ | ૯ | ૬ | ૧૪ | ૧ થી ૪ | ૪ | ૪ | ૨ | ૨ | × | ૧ | ૩ | ૩ | ૩ | ૬ |
| ૯૪ | સકષાયી જીવ વિશેષાધિક. | ૧૪ | ૧૦ | ૧૫ | ૧૦ | ૬ | ૧૪ | ૧ થી ૧૦ | ૪ | ૪ | ૨ | ૨ | ૨ | ૧ | ૪ | ૩ | ૩ | ૬ |
| ૯૫ | છદ્મસ્થ જીવ વિશેષાધિક. | ૧૪ | ૧૨ | ૧૫ | ૧૦ | ૬ | ૧૪ | ૧ થી ૧૨ | ૪ | ૪ | ૨ | ૨ | ૨ | ૧ | ૪ | ૩ | ૩ | ૬ |
| ૯૬ | સયોગી જીવ વિશેષાધિક. | ૧૪ | ૧૩ | ૧૫ | ૧૨ | ૬ | ૧૪ | ૧ થી ૧૩ | ૪ | ૪ | ૨ | ૨ | ૨ | ૧ | ૫ | ૩ | ૪ | ૬ |
| ૯૭ | સંસારસ્થ જીવ વિશેષાધિક. | ૧૪ | ૧૪ | ૧૫ | ૧૨ | ૬ | ૧૪ | ૧૪ | ૪ | ૪ | ૨ | ૨ | ૨ | ૧ | ૫ | ૩ | ૪ | ૬ |
| ૯૮ | સર્વ જીવ વિશેષાધિક. | ૧૪ | ૧૪ | ૧૫ | ૧૨ | ૬ | ૧૪ | ૧૪ | ૪ | ૪ | ૨ | ૨ | ૨ | ૧ | ૫ | ૩ | ૪ | ૬ |

**બોલ ૮૮ :** અભવ્ય જીવો ઉમેરાતાં તથા ભવ્ય અને અભવ્ય જીવો ખૂબ મોટા પ્રમાણમાં સૂક્ષ્મ અને બાદર નિગોદની જીવ રાશિમાં જ મળે છે. ચાર સૂક્ષ્મ, ચાર બાદર, પ્રત્યેક વનસ્પતિ, ત્રસ જીવો સર્વ જીવોમાંથી બાદ કરવાથી આ સંખ્યા મળે છે.
**બોલ ૮૯ :** સૂક્ષ્મ અને સાધારણ વનસ્પતિમાં પ્રત્યેક શરીર વનસ્પતિકાય ઉમેરાતાં. **બોલ ૯૦ :** સૂક્ષ્મ અને બાદર પૃથ્વી, અપ્, તેઉ, વાઉ, વનસ્પતિ સ્થાવર ઉમેરાતા. **બોલ ૯૧ :** બેઈન્દ્રિયથી પંચેન્દ્રિયના અપર્યાપ્તા, પર્યાપ્તા બધા તિર્યંચ ઉમેરાતાં. **બોલ ૯૨ :** મિથ્યાત્વી તિર્યંચ ગતિમાં અન્ય ત્રણ ગતિના મિથ્યાત્વી ઉમેરાતાં. (૧લા ગુણસ્થાનના સર્વ જીવો). **બોલ ૯૩ :** ૨ થી ૪ ગુણસ્થાનના જીવો. **બોલ ૯૪ :** ૧ થી ૪ ગુણસ્થાનમાં ૫ થી ૧૦ ગુણ.ના જીવો ઉમેરાતાં. **બોલ ૯૫ :** ૧ થી ૧૦ ગુણસ્થાનમાં ૧૧, ૧૨મા ગુણસ્થાનવાળા ઉમેરાતાં. **બોલ ૯૬ :** ૧ થી ૧૨ ગુણસ્થાનમાં ૧૩મા ગુણસ્થાનવાળા ઉમેરાતાં. **બોલ ૯૭ :** ૧ થી ૧૩ ગુણસ્થાનમાં ૧૪મા ગુણસ્થાનવાળા ઉમેરાતાં. **બોલ ૯૮ :** સર્વ સંસારી જીવો + સિદ્ધના જીવો. ૧ થી ૧૪ ગુણસ્થાનમાં સિદ્ધના જીવો ઉમેરાતાં.

---



**વિશિષ્ટ સમજણ :** ૯૮ બોલમાં પ્રથમ બે બોલ સંખ્યાતા જીવોના છે. બોલ ૩ થી બોલ ૭૩ સુધીના દરેક બોલો અસંખ્યાતાના છે. અને બોલ ૭૪ થી ૯૮ અનંતાના છે. ઘનીકૃત લોકનું ૧ પ્રતર ૭ રજ્જુ લાંબુ, ૭ રજ્જુ પહોળું ચોરસ અને ૧ આકાશ-પ્રદેશનું જાડું હોય છે. (એક આંગુલ જેટલી જાડાઈમાં આવા અસંખ્ય પ્રતર છે) **બોલ ૧** : ૧ પછી ૧૯૪ આંકડા (૮૪ લાખ x ૮૪ લાખ x ૮૪ લાખ એમ ૨૮ વાર ગુણાકાર કરવાથી જે આંક આવે તે જેમાં પ્રથમ ૫૪ અંક અને પછી ૧૪૦ મીંડા હોય) સુધીની સંખ્યા ગણિતનો વિષય છે અને તે મધ્યમ સંખ્યાતામાં ગણાય છે, ઉત્કૃષ્ટ સંખ્યાતાની સંખ્યા તો તેના કરતાં પણ વધારે છે. તેમાંથી ગર્ભજ મનુષ્યની સંખ્યા ૨૯ આંકડા (૭૯૨૨૮૧૬૨,૫૧૪૨૬૪૩૩, ૭૫૯૩૫૪૩૯,૫૦૩૩૬) સુધીની છે. આ અંક ૩ યમલથી વધુ અને ૪ યમલથી ઓછો છે. ૧ યમલ = ૮ અંકની રાશિ. જે રાશિને ૯૬ વાર અડધી કરવાથી છેલ્લે ૧ વધે, તે રાશિ જેટલા ગર્ભજ મનુષ્યો છે. અથવા ૨ના પાંચમાં વર્ગને ૨ના છઠ્ઠા વર્ગ વડે ગુણતાં જે રાશિ આવે તેટલા ગર્ભજ મનુષ્યો છે. આ સંખ્યા ગર્ભજ મનુષ્યોની સર્વ જઘન્ય સંખ્યાની અપેક્ષાનું ગણિત કરીને બતાવી છે. ઉત્કૃષ્ટ ગર્ભજ મનુષ્યોની અપેક્ષાએ તો રાશિમાં ફરક આવી શકે છે. **ક્ષેત્રપલ્યોપમ** એટલે જે પલ્યની ગણતરી માટેના ૧ યોજનના પાલામાં રહેલા વાલાગ્રો જેટલા આકાશ-પ્રદેશને સ્પર્શ્યા હોય તેટલા આકાશ- પ્રદેશ ખાલી કરતાં. જેટલો સમય લાગે તેટલો કાળ વ્યવહાર ક્ષેત્રપલ્યોપમ છે. જેટલા આકાશ-પ્રદેશોને વાલાગ્રો સ્પર્શ્યા કે ન સ્પર્શ્યા તે બધાને (૧ યોજનના પાલાના બધા આકાશ-પ્રદેશો) ખાલી કરતાં. જેટલો સમય લાગે તે સૂક્ષ્મ ક્ષેત્રપલ્યોપમ છે. અહીં સૂક્ષ્મ ક્ષેત્ર પલ્યોપમ જેટલું ગણવું.
**બોલ ૨૪** : અશાશ્વત બોલ છે, કારણ કે તેમાં ઉત્કૃષ્ટ ૨૪ મુહૂર્તનો વિરહ પણ પડી શકે છે. (જુઓ વિરહ પદ શ્રેણી ૧૦)

# અઠ્ઠાણું બોલનો અલ્પબહુત્વ

## કંઠસ્થ કરવા માટેની રીત.

| બોલ | | |
|---|---|---|
| ૧,૨ | ગર્ભજ મનુષ્ય અને મનુષ્યાણી. | સંખ્યાતા |
| ૩ | બાદર તેઉકાયના પર્યાપ્તા. | અસંખ્યાતા |
| +૮ (૪ થી ૧૧) | આ આઠ બોલમાં ક્રમશઃ અનુત્તરવિમાનના દેવો, ઉપરની ત્રિક, મધ્યમ ત્રિક નીચેની ત્રિકના દેવો, ૧૨, ૧૧, ૧૦, ૯ માં દેવના દેવો લેવા. | તેમાં પ્રથમ બોલ અસંખ્યા.ગુણા. શેષ ૭ સંખ્યા.ગુણા. |
| +૧૨ (૧૨ થી ૨૩) | આ બાર બોલમાં (છ નરક અને છ દેવલોક) ક્રમશઃ સાતમી નરક, છઠ્ઠી નરક, આઠમુ દેવ, સાતમુ દેવ., પાંચમી નરક, છઠ્ઠુ દેવ, ચોથી નરક, પાંચમુ દેવ. ત્રીજી નરક ચોથું દેવ. ત્રીજું દેવ. અને બીજી નરક. | આ બારે બોલ ક્રમશઃસંખ્યા.ગુણા. |
| +૧ = ૨૪ | સંમૂર્ચ્છિમ મનુષ્ય | અસંખ્યા.ગુણા. |
| | અહીં મનુષ્યગતિનું કથન પૂર્ણ થાય છે. | |
| +૬ (૨૫ થી ૩૦) | આ છ બોલમાં ક્રમશઃ બીજા દેવના દેવ, બીજા દેવના દેવી, પ્રથમ દેવના દેવ, દેવી, ભવનપતિ દેવ, દેવી. | આ૬બોલમાં પ્રથમ બોલ અસંખ્યા.ગુણા. શેષ બોલ સંખ્યા.ગુણા. |
| +૧ = ૩૧ | પ્રથમ નરકના નારકી | અસંખ્યા.ગુણા. |
| | અહીં નરકગતિનું કથન પૂર્ણ થાય છે. | |
| +૬ (૩૨ થી ૩૭) | આ છ બોલમાં ખેચર પુરુષ, ખેચર સ્ત્રી, સ્થલ.પુરુષ, સ્થલ.સ્ત્રી, જલ.પુરુષ, જલ.સ્ત્રી. | આ૬ બોલમાં પ્રથમ બોલઅસંખ્યા.ગુણા. શેષ બોલ સંખ્યા.ગુણા. |
| +૪ | આ ચાર બોલમાં વ્યંતર દેવ, વ્યંતર દેવી, | આ ચારે બોલ |
| (૩૮ થી ૪૧) | જ્યોતિષી દેવ, જ્યોતિષી દેવી. | સંખ્યાત ગુણા. |
| | અહીં દેવગતિનું કથન પૂર્ણ થાય છે. | |
| +૩ (૪૨,૪૩,૪૪) | ખેચર નપુ., સ્થલચર નપુ., જલચર નપુ. | આ ત્રણે બોલ સંખ્યાત ગુણા. |
| +૮ (૪ + ૪) (૪૫ થી ૫૨) | પ્રથમ ચાર બોલમાં ચૌરે. પર્યા., પંચે. પર્યા., બેઇ પર્યા., તેઇ. પર્યા. | પ્રથમ બોલ સંખ્યાત ગુણા.ત્રણ બોલ વિશેષાધિક |

| | | |
|---|---|---|
| | ત્યાર પછીના ચાર બોલમાં પંચે. અપર્યા., ચૌરે. અપર્યા., તેઇ. અપર્યા., બેઇ. અપર્યા., | પ્રથમ બોલ અસંખ્યાત ગુણા. 3 બોલ વિશે. |
| | અહીં ત્રસકાયનું કથન પૂર્ણ થાય છે. | |
| +૧૧ (૫+૬) (૫૩ થી ૬૩) | આ ૧૧ બોલમાં પહેલા પાંચ બોલ- પ્રત્યેકબાદરવન., બાદરનિગોદ(શરીર) બાદરપૃથ્વી, બાદર પાણી, બાદર વાયુ, આ પાંચના પર્યા., પછી ૬ બોલ. બાદરતેઉ, પ્રત્યેકબાદરવન., બાદરનિગોદ(શરીર), બાદરપૃથ્વી, પાણી, વાયુ, આ છ ના પર્યા. | આ ૧૧ બોલ અસંખ્યાત ગુણા. |
| +૧૦ (૪+૪+૨) (૬૪ થી ૭૩) | સૂક્ષ્મ ૧. તેઉ ૨. પૃથ્વી, ૩. પાણી, ૪. વાયુ અપર્યા. | પ્રથમ બોલ અસંખ્યા.ગુણા, શેષ 3 વિશે. |
| | સૂક્ષ્મ ૧. તેઉ ૨. પૃથ્વી, ૩. પાણી, ૪. વાયુ પર્યા. | પ્રથમ બોલ સંખ્યાત ગુણા, શેષ 3 વિશે. |
| | સૂક્ષ્મ નિગોદ (શરીર) અપર્યા. | અસંખ્યાત ગુણા. |
| | સૂક્ષ્મ નિગોદ (શરીર) પર્યા. | સંખ્યાત ગુણા. |
| | અહીં અસંખ્યાત કથન પૂરું થાય છે. આ અસંખ્યાતાનું પ્રમાણ આઠમા અસંખ્યા.પ્રમાણ છે. | |
| +3 (૭૪ થી ૭૬) | અભવી - ચોથા અનંત પ્રમાણ, પડિવાઇ સમ્યગદ્રષ્ટિ - પાંચમા અનંત પ્રમાણ. સિદ્ધ- આઠમા અનંત પ્રમાણ. | ત્રણે બોલ ક્રમશઃ અનંત ગુણા. |
| +૫ (૨+૨+૧) (૭૭ થી ૮૧) | બાદર વન પર્યા.<br>બાદર પર્યા.<br>બાદર વન અપર્યા.<br>બાદર અપર્યા.<br>સમુચ્ચય બાદર | અનંત ગુણા<br>વિશેષાધિક<br>અસંખ્યાત ગુણા<br>વિશેષાધિક<br>વિશેષાધિક |
| +૫ (૨+૨+૧) (૮૨ થી ૮૬) | સૂક્ષ્મ વન અપર્યા.<br>સૂક્ષ્મ અપર્યા<br>સૂક્ષ્મ વન પર્યા.<br>સૂક્ષ્મ પર્યા.<br>સમુચ્ચય સૂક્ષ્મ | અસંખ્યા.<br>વિશેષાધિક<br>અસંખ્યાત ગુણા<br>વિશેષાધિક<br>વિશેષાધિક |

| | | |
|---|---|---|
| +૫<br>(૮૭ થી ૯૧) | ભવી જીવો, નિગોદ જીવો, વનસ્પતિ જીવો,<br>એકેન્દ્રિય, તિર્યંચ. | આ પાંચે બોલ<br>ક્રમશ: વિશે. |
| +૭<br>(૯૨ થી ૯૮) | ૧. મિથ્યાદ્રષ્ટિ પ્રથમ ગુણ.ના જીવો<br>૨. અવિરત ૧ થી ૪ ગુણ.ના જીવો<br>૩. સકષાયી ૧ થી ૧૦ ગુણ.ના જીવો<br>૪. છદ્મસ્થ ૧ થી ૧૨ ગુણ.ના જીવો<br>૫. સયોગી ૧ થી ૧૩ ગુણ.ના જીવો<br>૬. સંસારી ૧ થી ૧૪ ગુણ.ના જીવો<br>૭. સર્વ જીવો સિદ્ધ + સંસારી જીવો | વિશેષાધિક<br>વિશેષાધિક<br>વિશેષાધિક<br>વિશેષાધિક<br>વિશેષાધિક<br>વિશેષાધિક<br>વિશેષાધિક |

## સંક્ષિપ્ત સાર

૯૮ બોલનો અલ્પબહુત્વમાં

**૨૪** માં બોલમાં મનુષ્ય ગતિનું કથન પૂર્ણ. **૩૧** માં બોલમાં નરક ગતિનું કથન પૂર્ણ.

**૪૧** માં બોલમાં દેવ ગતિનું કથન પૂર્ણ. **૫૨** માં બોલમાં ત્રસજીવોનું કથન પૂર્ણ.

**૯૧** માં બોલમાં સ્થાવર અને તિર્યંચ ગતિનું કથન પૂર્ણ.

**૭૪** માં બોલમાં અભવી જીવો. **૮૭** માં બોલમાં ભવી જીવો.

**૭૬** માં બોલમાં સિદ્ધ જીવો. **૯૨** થી ૯૮ બોલ ગુણસ્થાનની અપેક્ષાએ છે.

**૯૮ બોલનું ચાર ગતિની અપેક્ષાએ વિભાજન**

**મનુષ્ય ગતિ ૩ બોલ - ૧, ૨, ૨૪.**

**નરક ગતિ ૭ બોલ - ૧૨, ૧૩, ૧૬, ૧૮. ૨૦, ૨૩, ૩૧.**

**દેવ ગતિ ૨૪ બોલ-૪ થી ૧૧, ૧૪, ૧૫, ૧૭,૧૯,૨૧,૨૨,૨૫ થી ૩૦,૩૮ થી ૪૧.**

**તિર્યંચ ગતિ ૫૧ બોલ - ૩, ૩૨ થી ૩૭, ૪૨ થી ૫૩, ૫૫, ૫૭, ૫૮, ૫૯, ૬૧ થી ૭૧, ૭૭ થી ૯૧.**

**ચાર બોલ નિગોદ શરીરના. ૫૪,૬૦, ૭૨, ૭૩.**

**બે બોલ ભવી, અભવી. ૮૭, ૭૪.**

**૭ બોલ ગુણસ્થાનની અપેક્ષાએ. ૯૨ થી ૯૮**

**૩+૭+૨૪+૫૧+૪+૨+૭ = ૯૮ બોલ થાય.**

## રચયિતા - આચાર્ય શ્રી માનતુંગસૂરીજી
## પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાનની સ્તુતિ
## (કડી ૩૭ થી ૪૮ સુધી)

**ઈત્થં યથા તવ વિભૂતિરભૂજ્જિનેન્દ્ર !**
**ધર્મોપદેશન્ વિધૌ ન તથા પરસ્ય !**
**યાદક્ પ્રભા દિનકૃત: પ્રહતાન્ધકારા,**
**તાદક્ કુતો ગ્રહ - ગણસ્ય વિકાશિનોડપિ ॥૩૭॥**

**શબ્દાર્થ : ઈત્થં** - આ રીતે, **યથા** - જેવી, **તવ** - તમારી, **વિભૂતિ:** - અતિશયરૂપ સમૃદ્ધિ, **અભૂચ્** - પ્રગટ થઈ, **જિનેન્દ્ર** - હે જિનેશ્વર !, **ધર્મ** - ધર્મની, **ઉપદેશન્** - દેશનાના, **વિધૌ** - પ્રસંગે (સમયે), **ન** - નહીં, **તથા** - તેવી, **પરસ્ય** - બીજાની, **યાદ્ક** - જેટલો, **પ્રભા** - પ્રકાશ, **દિનકૃત:** - સૂર્ય, **પ્રહત** - નાશ કરે છે, **અન્ધકારા** - અંધકારને, **તાદક્** - તેટલો, **કુતો** - ક્યાંથી, **ગ્રહગણસ્ય** - ગ્રહોના સમૂહને, **વિકાસિન:** - વિકસિત, **અપિ** - પણ.

**ભાવાર્થ :** હે જિનેશ્વર દેવ ! આ જ પ્રકારે તમારી ધર્મદેશના વખતે અતિશયોની જેવી સમૃદ્ધિ પ્રગટ થઈ હતી, તેવી સમૃદ્ધિ બીજા કોઈની ધર્મદેશના પ્રસંગે થયેલી નથી. સૂર્યનો પ્રકાશ જેટલો અંધકારનો નાશ કરે છે, તેટલો ઉદય પામેલો વિકસિત ગ્રહોનો સમૂહ અંધકારનો નાશ ક્યાં કરી શકે છે ?

**શ્ચયોતન્ મદાવિલ - વિલોલ - કપોલ - મૂલ -**
**મત્તભ્રમદ્ - ભ્રમરનાદ વિવૃદ્ધ કોપમ્ ।**
**ઐરાવતાભમિભમુદ્ધતમાપતન્તમ્,**
**દ્રષ્ટ્વા ભયં ભવતિનો ભવદાશ્રિતાનામ્ ॥૩૮॥**

**શબ્દાર્થ : શ્ચયોતન્** - ઝરતાં, **મદ** - મદથી, **આવિલ** - મલિન થયેલ, **વિલોલ** - ડોલતો, ચંચળ, **કપોલમૂલ** - ગંડસ્થળ ઉપર, **મત્ત** - ઉન્મત્ત બનીને, **ભ્રમદ્** - ભમી રહેલ, **ભ્રમર** - ભમરાના, **નાદ** - અવાજથી, **વિવૃદ્ધ** - વધી રહ્યો છે, **કોપમ્** - કોપ જેનો, **ઐરાવત** - ઐરાવત, **આભમ્** - જેવા, **ઈભમ** - હાથીને, **ઉદ્ધતમ્** - ઉદ્દંડ, **આપતન્તમ્** - સામે ધસી આવતા, **દ્રષ્ટ્વા** - જોઈને, **ભયં** - ભય, **ભવતિ** - થતો, **નો** - નથી, **ભવત્** - આપનો, **આશ્રિતાનામ્** - આશ્રય લેનારને.

**ભાવાર્થ :** મદ ઝરવાથી મલિન બનેલો તથા ડોલી રહેલો તેમ જ ગંડસ્થળ (હાથીના લમણાનો ભાગ) પર ઉન્મત્ત થઈને ભમી રહેલા ભ્રમરોના અવાજથી જેનો કોપ વધી રહ્યો છે એવો કોપાયમાન બનેલો ઉદ્દંડ ઐરાવત જેવો મોટો હાથી સામે ધસી આવતો જોઈને પણ તમારો આશ્રય લેનારને ભય ઉત્પન્ન થતો નથી.

**ભિન્નેભ કુમ્ભગલદુજ્જવલ - શોણિતાક્ત -**

**મુક્તાફલ - પ્રકરભૂષિત - ભૂમિભાગ : -**

**બદ્ધક્રમ: ક્રમગતં હરિણાધિપોऽપિ,**

**નાક્રામતિ ક્રમયુગાચલ સંશ્રિતં તે ॥૩૯॥**

**શબ્દાર્થ : ભિન્ન** - ભેદાયેલા, **ઈભ** - હાથી, **કુમ્ભ** - ગંડસ્થલમાંથી, **ગલત્** - પડતાં, **ઉજ્જવલ** - શ્વેત અને, **શોણિત** - લોહીથી, **આક્ત** - ખરડાયેલા, **મુક્તાફલ** - મોતીઓના, **પ્રકર** - સમૂહથી, **ભૂષિત** - વિભૂષિત કર્યો છે, **ભૂમિ** - પૃથ્વીના, **ભાગ** - ભાગને જેણે, **બદ્ધક્રમ:** - છલાંગ મારતો, **ક્રમગતં** - આવી ગયેલો, **હરિણાધિપ:** - હરણનો અધિપતિ, સિંહ, **અપિ** - પણ, **ન** - નથી, **આક્રામતિ** - આક્રમણ કરતો, **ક્રમયુગ** - ચરણ યુગલરૂપ, **અચલ** - પર્વતનો, **સંશ્રિતં** - આશ્રય કરનારને, **તે** - તમારા.

**ભાવાર્થ :** હરણના અધિપતિ એવા સિંહે હાથીઓના ગંડસ્થળ ભેદીને તેમાંથી પડતાં લોહીથી ખરડાયેલાં શ્વેત મોતીઓના સમૂહથી પૃથ્વીના કેટલાક ભાગને વિભૂષિત કર્યો છે તેવો છલાંગ મારવાને તૈયાર સિંહ પણ હે ભગવન્ ! તમારા ચરણકમળરૂપી પર્વતનો આશ્રય લેનાર મનુષ્ય પર આક્રમણ કરતો નથી.

**કલ્પાન્તકાલ - પવનોદ્ધત - વહ્નિકલ્પં,**

**દાવાનલં જ્વલિત મુજ્જવલમુત્સુફુલિંગમ્ ।**

**વિશ્વં જિધત્સુમિવ સમ્મુખમાપતન્તમ્,**

**ત્વન્નામ - કીર્તનજલં સમયત્યશેષમ્ ॥૪૦॥**

**શબ્દાર્થ : કલ્પાન્તકાલ** - પ્રલયકાળના, **પવન** - પવનથી, **ઉદ્ધત** - તીવ્ર બનેલ, **વહ્નિકલ્પં** - અગ્નિની સમાન, **દાવાનલં** - દાવાનળ, **જ્વલિતમ્** - બળતો, **ઉજ્જવલમ્** - રક્તવર્ણો, **ઉત્સ્ફુલિંગમ્** - ચારેબાજુથી ઉપરની તરફ ઊડતી ચિનગારીઓવાળો, **વિશ્વં** - જગતને, **જિધત્સુમ્** - ભરખી જવાની ઈચ્છાવાળો, **ઈવ** - તેવો, **સમ્મુખમ્** - સામે, **આપતન્તમ્** -આવતો, **ત્વમ્** - તમારા, **નામ** - નામરૂપી, **કીર્તન** - કીર્તન, **જલં** - જલ, **શમયતિ** - શાંત કરે , **અશેષમ્** - સંપૂર્ણ.

**ભાવાર્થ :** પ્રલયકાળના પવનની થપાટોથી અતિ તીવ્ર બનેલ આગની જેમ બળતો,

રક્તવર્ણો, ચારેબાજુથી જેની ચિનગારીઓ ઉપરની તરફ જતી હોય, આખા જગતને ભરખી જવાની ઈચ્છાવાળો હોય, તેવો દાવાનળ સામે આવતો હોય તો પણ તમારા નામનું કીર્તનરૂપી જળ તે અગ્નિને સંપૂર્ણરૂપે શાંત કરી દે છે.

**રક્તેક્ષણં સમદ - કોકિલ - કણ્ઠનીલં,**
**ક્રોધોદ્ધતં ફણિનમુત્ફણમાપતન્તમ્ ।**
**આક્રામતિ ક્રમયુગેન નિરસ્તશંક,**
**સ્તવન્નામ - નાગદમની હૃદિ યસ્ય પુંસઃ ॥૪૧॥**

**શબ્દાર્થ :** **રક્ત** - લાલ, **ઈક્ષણં** - નેત્રવાળો, **સમદ** - મદોન્મત્ત, **કોકિલ** - કોયલના, **કણ્ઠ** - કંઠ જેવો, **નીલં** - કાળો, **ક્રોધોદ્ધતં** - ક્રોધથી ઉન્મત્ત, **ફણિનમ્** - સર્પને, **ઉત્ફણમ્** - ઊંચી ફેણવાળો, **આપતન્તમ્** - સામે આવતા, **આક્રામતિ** - ઓળંગી જાય છે, **ક્રમયુગેન** - બે પગ વડે, **નિરસ્તશંક** - શંકા વગર, નિર્ભય, **ત્વત્** - તમારા, **નામ** - નામરૂપી, **નાગદમની** - નાગદમની, **હૃદિ** -હૃદયમાં, **યસ્યપુંસઃ** - જે પુરુષના.

**ભાવાર્થ :** હે ભગવન્ ! જે પુરુષના હૃદયમાં તમારા નામરૂપી નાગદમની રહેલી છે તે પુરુષ નિર્ભય બનીને લાલ નેત્રવાળા, મદોન્મત્ત કોયલના કંઠ જેવા શ્યામ વર્ણના, અત્યંત ક્રોધાયમાન, ઊંચી ફેણવાળા અને સામે આવી રહેલા સર્પને પોતાના બે પગો વડે ઓળંગી જાય છે.

**વલ્ગત્તુરંગ - ગજગર્જિત - ભીમનાદ -,**
**માજૌ બલં બલવતામપિ ભૂપતીનામ્ ।**
**ઉદ્યદ્ દિવાકર મયૂખ શિખાપવિદ્ધં,**
**ત્વત્કીર્તનાત્તમ ઈવાશુ ભિદામુપૈતિ ॥૪૨॥**

**શબ્દાર્થ :** **વલ્ગત્** - ઊછળતાં, **તુરંગ** - ઘોડા, **ગજ** - હાથીઓની, **ગર્જિત** - ગર્જના વડે, **ભીમનાદ** - ભયંકર અવાજ, **માજૌ** - યુદ્ધમાં, **બલં** - સૈન્ય, **બલવતામ્** - બળવાન, **અપિ** - પણ, **ભૂપતીનામ્** - રાજાઓનું, **ઉદ્યત્** - ઉદય પામતા, **દિવાકર** - સૂર્યનાં, **મયૂખ** - કિરણોનો, **શિખા** - અગ્રભાગ, **અપવિદ્ધમ્** - નષ્ટ થાય, **ત્વત્** - તમારા, **કીર્તનાત્** - કીર્તનથી, **તમઃ** - અંધકારને, **ઈવ** - જેમ, **આશુ** - શીઘ્ર (જલદી), **ભિદામ્** - નાશ, **ઉપૈતિ** - પામે છે.

**ભાવાર્થ :** ઊછળી રહેલા ઘોડાઓ અને હાથીઓની ગર્જના વડે ભયંકર અવાજ થઈ રહ્યો છે એવા શક્તિશાળી રાજાઓનું સૈન્ય પણ ઉદય પામી રહેલ સૂર્યનાં કિરણોના અગ્રભાગ વડે અંધારું નાશ થાય તેમ શીઘ્ર નાશ પામે છે.

**કુન્તાગ્રભિન્નગજ - શોણિતવારિવાહ,**
**વેગાવતાર - તરણાતુર યોદ્ધ ભીમે ।**
**યુદ્ધે જયં વિજિત દુર્જયજેયપક્ષા,**
**સ્તવત્પાદ પઙ્કજ વનાશ્રયિણો લભન્તે ॥૪૩॥**

**શબ્દાર્થ : કુન્ત** - ભાલાના, **અગ્ર** - અગ્રભાગથી, **ભિન્ન** - ભેદાયેલ, **ગજ** - હાથીઓના, **શોણિત** - લોહીરૂપ, **વારિવાહ** - જલપ્રવાહમાં, **વેગ** - વેગથી, **અવતાર** - ઊતરવા તથા, **તરણ** - તરવામાં, **આતુર** - આતુર (વ્યાકુળ), **યોદ્ધ** - યોદ્ધાઓ વડે, **ભીમે** - ભયંકર, **યુદ્ધે** - યુદ્ધમાં, **જયં** - જય, **વિજિત** - વિજય પ્રાપ્ત કરેલ, **દુર્જય** - મુશ્કેલીથી જિતાય એવો, **જેયપક્ષા** -જીતવાયોગ્ય શત્રુ પક્ષ, **સ્તવત્** - તમારા, **પાદપઙ્કજ** - ચરણકમળ, **વન** - સમૂહનો, **આશ્રયિણો** - આશ્રય કરનાર, લભન્તે -પ્રાપ્ત કરે છે.

**ભાવાર્થ :** હે ભગવન્! જેઓ તમારાં ચરણરૂપી કમળ સમૂહનો આશ્રય લે છે, તેઓ ભાલાના અગ્રભાગથી વીંધાયેલા હાથીઓના લોહીરૂપ જળપ્રવાહમાં તરવા આતુર એવા સુભટોથી ભયંકર બનેલ યુદ્ધમાં પણ શત્રુપક્ષને જીતી અને વિજય પ્રાપ્ત કરે છે.

**અમ્ભોનિધૌ ક્ષુભિત ભીષણ નક્રચક્ર,**
**પાઠીન - પીઠ - ભયદોલ્વણ - વાડવાગ્નૌ ।**
**રંગ - ત્તરંગ - શિખર - સ્થિત - યાનપાત્રા -**
**સ્ત્રાસં વિહાય ભવતઃ સ્મરણાદ્ વ્રજન્તિ ॥૪૪॥**

**શબ્દાર્થ : અમ્ભ્યોનિધૌ** - સાગરમાં, **ક્ષુભિત** - શ્રોભને પ્રાપ્ત, ભીષણ ભયંકર, **નક્ર** - મગર, **ચક્ર** - સમૂહ, **પાઠીન-પીઠ** - પાઠીન અને પીઠ જાતિના મત્સ્ય, **ભયદ્** - ભય દેનાર, **ઉલ્વણ** - પ્રગટેલ છે, **વાડવાગ્નૌ** - વડવાનલ જેમાં, **રંગત્** - ઉછળતાં, **તરંગ** - મોજાંઓ, **શિખર** - અગ્રભાગ પર, **સ્થિત** - રહેલ, **યાનપાત્રાઃ** - વહાણમાં બેઠેલાઓ તે, **સ્ત્રાસં** - આકસ્મિક ભય, **વિહાય** - છોડીને, **ભવતઃ** - આપના, **સ્મરણાત્** - સ્મરણથી, **વ્રજન્તિ** - પાર પામી જાય છે.

**ભાવાર્થ :** જેમાં ક્ષોભિત બનેલા ભયાનક મગરોના સમૂહ તથા પાઠીન અને પીઠ નામના મત્સ્ય ઊછળી રહેલા છે, જેમાં ભયંકર વડવાનલ પ્રગટેલો છે, એવા સમુદ્રના ઊછળી રહેલાં મોજાંઓ પર જેમનાં વહાણો ડોલાયમાન થઈ રહેલાં છે તેવા મનુષ્યો તમારું સ્મરણ કરવાથી આકસ્મિક ભય છોડીને તે સમુદ્ર પાર પામી જાય છે.

**ઉદ્‌ભૂત - ભીષણ - જલોદર - ભારભુગ્ના:,**
**શોચ્યાં દશામુપગતાશ્ચ્યુત જીવિતાશા: ।**
**ત્વત્પાદ પઙ્કજ રજોમૃત દિગ્ધ દેહા,**
**મર્ત્યા ભવન્તિ મકરધ્વજ તુલ્યરૂપા: ॥૪૫॥**

**શબ્દાર્થ :** **ઉદ્‌ભૂત** - ઉત્પન્ન થયેલ, **ભીષણ** - ભયંકર, **જલોદર** - જલોદર રોગ, **ભાર** - તેના ભારથી, ભુગ્ના: વાંકા વળી ગયેલા, **શોચ્યાં** - શોચનીય, **દશામ્** - અવસ્થાને, **ઉપગતા** - પ્રાપ્ત થયેલ, **શ્ચ્યુત** - છોડી દીધી છે, **જીવિત** - જીવવાની, **આશા:** - આશા જેણે, **ત્વત્** - તમારા, પાદપઙ્કજ ચરણકમળની, **રજ:** - રજરૂપ, **અમૃત** - અમૃતના, **દિગ્ધ** - લેપથી, **દેહા** - શરીર, **મર્ત્યા** - મનુષ્યો, **ભવન્તિ** - થાય છે, મકરધ્વજ કામદેવ, **તુલ્ય** - સમાન, **રુપા:** - રૂપવાળા.

**ભાવાર્થ :** જેઓ જલોદર રોગ ઉત્પન્ન થવાથી પેટના ભાર વડે વાંકા વળી ગયેલા છે, જે શોચનીય દશાને પ્રાપ્ત થયેલા છે તથા જેમણે જીવનની આશા છોડી દીધેલી છે એવા મનુષ્યો તમારા ચરણકમળની રજરૂપ અમૃતથી પોતાના શરીરને લેપ કરે તો કામદેવ સમાન રૂપવાળા થાય છે.

**આપાદકંઠ મુરૂશૃઙ્ખલ - વેષ્ટિતાંગા,**
**ગાઢં બૃહન્નિગડકોટિ - નિઘૃષ્ટ જંઘા ।**
**ત્વન્નામમન્ત્રમનિશં મનુજા: સ્મરન્ત:,**
**સદ્ય: સ્વયં વિગતબન્ધભયા ભવન્તિ ॥૪૬॥**

**શબ્દાર્થ :** **આપાદ** - પગથી લઈને, **કંઠં** - કંઠ સુધી, **ઉરૂ** - મોટી, **શૃઙ્ખલ** - સાંકળ, **વેષ્ટિત** - બાંધેલા છે, **અંગા** - અંગો જેના, **ગાઢં** - મજબૂત, **બૃહત્** - મોટી, **નિગડ** - લોખંડની બેડી, **કોટિ** - તેના અગ્રભાગથી, **નિઘૃષ્ટ** - ઘસાયેલી છે જેની, **જંઘા** - જંઘાઓ, **ત્વત્** - તમારા, **નામ** - નામરૂપી, **મન્ત્રમ્** - મંત્રને, **અનિશં** - સતત, **મનુજા:** - મનુષ્યો, **સ્મરના:** - સ્મરણ કરતા, **સદ્ય:** -જલદી, **સ્વયં** - પોતે, **વિગત** - રહિત, **બન્ધભયા** - બંધનના ભયથી, **ભવન્તિ** - થાય છે.

**ભાવાર્થ :** જેમના પગથી માંડીને કંઠ સુધીનાં અંગો મોટી સાંકળો વડે મજબૂત રીતે બંધાયેલાં છે અને જેમની જંઘાઓ મોટી લોખંડની બેડીઓના અગ્રભાગથી અત્યંત ઘસાઈ રહી છે, એવા મનુષ્યો જો સતત તમારા નામનું સ્મરણ કરે તો પોતાની મેળે બંધનના ભયથી શીઘ્ર મુક્ત થાય છે.

**મત્તદ્વિપેન્દ્ર - મૃગરાજ - દવાનલાહિ,**
**સંગ્રામ - વારિધિ - મહોદર બન્ધનોત્થમ્ ।**
**તસ્યાશુ નાશમુપયાતિ ભયં ભિયેવ,**
**યસ્તાવકં સ્તવમિમં મતિમાનધીત્તે ॥૪૭॥**

**શબ્દાર્થ : મત્ત** - મદોન્મત્ત, **દ્વિપેન્દ્ર** - હાથી, **મૃગરાજ** - સિંહ, **દવાનલ** - દાવાનળ, **અહિ** - સાપ, **સંગ્રામ** - યુદ્ધ, **વારિધિ** - સમુદ્ર, **મહોદર** - જલોદર રોગ, **બંધન** - બંધન, **ઉત્થમ્** - ઉત્પન્ન થયેલ, **તસ્ય** - તેના, **આશુ** - શીઘ્ર, **નાશમ્** - નાશ, **ઉપયાતિ** - પામે છે, **ભયં** - ભય, **ભિયેવ** - જાણે ભય પામીને, **ય :**- જે, **સ્તાવક્મ** - તમારું, **સ્તવમ્** - સ્તવન, **ઈમમ્** - આ, **મતિમાન્** - બુદ્ધિમાન, **અધીત્તે** - ભણે છે.

**ભાવાર્થ :** હે ભગવન્ ! જે બુદ્ધિમાન આપના આ સ્તોત્રનો પાઠ કરે છે, તેનો (૧) મદોન્મત્ત હાથી, (૨) સિંહ, (૩) દાવાનળ, (૪) સાપ, (૫) યુદ્ધ, (૬) સમુદ્ર, (૭) જલોદર રોગ તથા (૮) બંધનથી ઉત્પન્ન થયેલ ભય પોતે જ ભય પામીને શીઘ્ર નાશ પામે છે.

**સ્તોત્રં - સ્ત્રજં તવ જિનેન્દ્ર ! ગુણૈર્નિબદ્ધાં,**
**ભક્ત્યા મયા રુચિરવર્ણ વિચિત્ર પુષ્પામ ।**
**ધત્તે જનો ય ઈહ કંઠ - ગતા - મજસ્ત્રં,**
**તં માનતુંગમવશા સમુપૈતિ લક્ષ્મી : ॥૪૮॥**

**શબ્દાર્થ : સ્તોત્રં** - સ્તોત્રરૂપી, **સ્ત્રજં** - માળા, **તવ** - તમારા, **જિનેન્દ્ર** - હે જિનેન્દ્ર !,ગુણૈ - ગુણવડે, **નિબદ્ધામ્** - ગૂંથાયેલી, **ભક્ત્યા** - ભક્તિથી, **મયા** - મારાવડે, **રુચિર** - મનોહર, **વર્ણ** - વર્ણ (અક્ષરો), **વિચિત્ર** - વિવિધ રંગોવાળા, **પુષ્પામ્** - પુષ્પોવાળી, **ધત્તે** - ધારણ કરે છે, **જનો** - માનવ, **ય** - જે, **ઈહ** - આ લોકમાં, **કણ્ઠગતામ્** - કંઠમાં પ્રાપ્ત થયેલી, **અજસ્ત્રં** - નિરંતર, **તં** - તે, **માનતુંગમ્** - માનતુંગ મુનિ, **અવશા** - વિવશ થઈને, **સમુપૈતિ** - સમીપે જાય છે, **લક્ષ્મી :** - લક્ષ્મી.

**ભાવાર્થ :** હે જિનેશ્વર ! મારા વડે ભક્તિથી પૂર્વોક્ત જ્ઞાનાદિ ગુણો વડે ગૂંથાયેલી તથા મનોહર અક્ષરોરૂપી વિવિધ રંગના પુષ્પવાળી તમારી આ સ્તોત્રરૂપી માળાને આ સંસારમાં જે મનુષ્ય નિરંતર કંઠમાં ધારણ કરે છે, તે માન વડે ઉન્નતિ પામે છે તથા લક્ષ્મી વિવશ થઈને તેની સમીપે જાય છે.

## ભક્તામર સંપૂર્ણ

# હરિકેશી મુનિ
# (આધારઃ ઉત્તરાધ્યયન સૂત્ર અધ્યય-૧૨)

## પૂર્વભવ સોમદત્ત બ્રાહ્મણ

મથુરાના શંખરાજાને સંસારથી વૈરાગ્ય થતાં તેમણે દીક્ષા લીધી. એકવાર તેઓ વિચરણ કરતાં કરતાં હસ્તિનાપુર પહોંચ્યા. એક દિવસ તેઓ ગોચરી માટે નીકળ્યા, પરંતુ નગરની ગલીઓ સૂમસામ હતી. આથી તેમણે ત્યાં રહેતા સોમદત્ત પુરોહિતને રસ્તો પૂછયો. તે સોમદત્તને મુનિઓ પ્રત્યે દ્વેષ હતો. તેણે દ્વેષથી લોઢા જેવા અત્યંત ગરમ રસ્તે ચાલીને જવાનો માર્ગ બતાવ્યો, પરંતુ મનિના લબ્ધિ પ્રભાવને કારણે રસ્તો શીતળ બની ગયો અને મુનિ તેના પર ચાલ્યા ગયા.

આ જોઈને સોમદત્ત બ્રાહ્મણના આશ્ચર્યનો પાર ન રહ્યો. તેણે નીચે આવી રસ્તા પર પગ મૂકીને જોયું તો રસ્તો ઠંડો હતો. તે વિચારવા લાગ્યો કે- 'નક્કી આ મુનિના તપનું બળ છે કે આટલો બળબળતો રસ્તો શીતળ બની ગયો.' પોતે કરેલાં ખરાબ વર્તનથી દુ:ખ થયું. આથી મુનિ પાસે જઈ માફી માગવા લાગ્યો.

શંખમુનિએ તેને ધર્મનો ઉપદેશ આપ્યો. તેનાથી પ્રભાવિત થઈ અને વૈરાગ્ય થતાં દીક્ષા લીધી. દીક્ષા પછી સોમદત્ત જાતિ અને કુળનો અહંકાર સતત કરતો જ રહ્યો. જીવનના અંત સમય સુધી તેની આલોચના કરી નહીં. પરંતુ સંયમપાલનના બળે તે દેવ થયો.

### હરિકેશીબલ બાલ્યકાળ તથા દીક્ષા

દેવ આયુષ્ય પૂર્ણ કરીને તે મૃતગંગાને કિનારે ચાંડાળના અધિપતિ બલકોટ્ટની ચાંડાલ પત્ની ગૌરીના ગર્ભમાં પુત્રરૂપે જન્મ્યો. તેનું નામ બલ રાખવામાં આવ્યું. આગળ જતાં હરિકેશીબલના નામથી તે ઓળખાવા લાગ્યો. 'હરિકેશ' તેનું ગોત્ર હતું અને 'બલ' તેનું નામ હતું. **પૂર્વજન્મમાં કરેલ રૂપમદના ફળરૂપે તે કૂબડો, કુરૂપ અને બેડોળ થયો હતો.**

મોટો થતાં થતાં તેનો સ્વભાવ ક્રોધી થવા લાગ્યો. એક દિવસ વસંતોત્સવ પ્રસંગે તે બાળકો સાથે રમવા ગયો અને ત્યાં પણ ગુસ્સામાં આવીને ગાળો દેવા લાગ્યો. બધાંએ તેને દૂર બેસાડી દીધો. થોડીવારમાં ત્યાંથી એક ઝેરી સાપ નીકળ્યો, તેને જોઈને અન્ય ચંડાળોએ તે સાપને મારી નાંખ્યો. થોડીવાર પછી ત્યાંથી બીજો સાપ નીકળ્યો, પરંતુ તે ઝેરી ન હોવાથી તેને સહુએ જવા દીધો અને માર્યો નહીં. આ પ્રસંગને જોઈ હરિકેશીબલ વિચારવા લાગ્યો કે- 'જીવ પોતાના સ્વભાવના કારણે જ દુ:ખી થાય છે. હું પણ જો સ્વભાવ સુધારી લઉં તો બધાં મારો સ્વીકાર કરી લેશે. હું પણ સૌનો પ્રિય થઈ જઈશ.'

આમ વિચારતાં તેને જાતિસ્મરણજ્ઞાન થયું. પૂર્વ ભવમાં કરેલા રૂપમદને કારણે પોતે આ અવસ્થાને પામ્યા છે તે જોયું. આવાં કારણોથી વૈરાગ્ય પામી જૈનમુનિ પાસે દીક્ષા લીધી.

એકવાર વિહાર કરતાં વારાણસી નગરી પહોંચ્યા. ત્યાં તિંદુક વનમાં વૃક્ષની નીચે તેઓ માસક્ષમણની તપશ્ચર્યા કરતા રહેવા લાગ્યા. તેમના ગુણના પ્રભાવથી ત્યાં તિંદુક વનમાં રહેતો તિંદુક યક્ષ તેમની સેવા, વૈયાવચ્ચ કરવા લાગ્યો.

## ભદ્રા રાજકુમારી દ્વારા અપમાન અને રુદ્રદેવ સાથે તેનું વેવિશાળ

એકવાર નગરીના રાજા કૌશાલિકની ભદ્રા નામની રાજપુત્રી આ તિંદુક યક્ષની પૂજા કરવા આવી. પૂજા કરતાં તેણે ગંદા, કુરૂપવાન મુનિને જોયા. તે મોઢું બગાડીને મુનિરાજ પર થૂંકી. રાજકુમારીનું આવું વર્તન જોઈ યક્ષ ક્રોધિત થઈ તેના શરીરમાં પ્રવેશ કરી ગયો. રાજપુત્રી પાગલ જેવું વર્તન કરવા લાગી.

રાજકુમારીને સાજા કરવા રાજમહેલમાં ઘણા ઉપચાર કરાવવામાં આવ્યા, જે સર્વ પ્રયત્ન યક્ષે નિષ્ફળ બનાવી દીધા. રાજાની ચિંતા વધી પડી, તેથી તે જ યક્ષે બીજાના શરીરમાં પ્રવેશ કરી કહ્યું : ''રાજકુમારીએ તપસ્વીમુનિનું ઘોર અપમાન કરેલ છે, તેનું ફળ ચખાડવા મેં આ કન્યાને પાગલ કરી દીધી છે. તેના અપરાધના પ્રાયશ્ચિત્તરૂપે તેને મુનિરાજ સાથે જ પરણાવી દો તો તેને સાજી કરી દઈશ.'' રાજાએ આ વાત સ્વીકારી લીધી.

મુનિની સેવામાં જઈ તે સહુએ તેમની માફી માંગી. રાજાએ પોતાની પુત્રી સાથે વિવાહ કરવા મુનિને વિનંતી કરી. આ સાંભળી મુનિએ કહ્યું ''રાજન્ ! મારું કોઈ અપમાન થયું નથી. હું તો પરિગ્રહથી રહિત, પાંચ મહાવ્રતધારી જૈન સાધુ છું, અમારે મન તો સંસારની સમસ્ત સ્ત્રીઓ માતા, બહેન, પુત્રી સમાન છે. આપની પુત્રી સાથે મારે કાંઈ સંબંધ નથી. સ્ત્રી સાથે લગ્ન તો દૂર રહ્યાં પણ જ્યાં સ્ત્રી હોય તેવા સ્થાને રાત્રે નિવાસ કરવો પણ મને અકલ્પનીય છે.'' યક્ષે પણ ભદ્રાને કહી દીધું કે- ''મુનિ તને નથી ઈચ્છતા માટે તું ઘરે ચાલી જા.''

રાજાની સભામાં રુદ્રદેવ નામે બ્રાહ્મણનો અધિપતિ હતો. તેથી બ્રાહ્મણને મુનિનું બીજું રૂપ માનીને રાજાએ તેની સાથે ભદ્રાના લગ્ન કરાવી આપ્યા. રુદ્રદેવે એકવાર યજ્ઞશાળાની બધી જવાબદારી ભદ્રાપત્નીને સોંપી અને એક મોટા યજ્ઞનો પ્રારંભ કર્યો.

## મુનિનું યજ્ઞમાં આગમન તથા બ્રાહ્મણો દ્વારા મુનિની અવજ્ઞા

હરિકેશીબલ મુનિમાં જ્ઞાન વગેરે ઉત્તમ ગુણો હતા. તેમણે ઈન્દ્રિયને જીતી લીધી હતી. પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું પાલન કરતાં શ્રેષ્ઠ સમાધિ રાખતા હતા.

એકવાર તેઓ ગોચરી માટે ફરતાં ફરતાં જ્યાં બ્રાહ્મણોનો યજ્ઞ ચાલી રહ્યો હતો ત્યાં યજ્ઞમંડપમાં પધાર્યા. તપથી તેમનું શરીર સુકાઈ ગયું હતું. જૂનાં અને મેલાં વસ્ત્ર પહેરેલાં મુનિને પાત્રા લઈને આવતાં જોઈ બ્રાહ્મણ અને અનાર્ય લોકો તેમની મજાક- મશ્કરી

અદત્તાદાન અને પરિગ્રહ છે, તે બ્રાહ્મણ હોવા છતાં પણ જાતિ અને વિદ્યાથી રહિત છે, તે ક્ષેત્રો સ્પષ્ટ રીતે પાપક્ષેત્ર છે, એટલે કે ઉત્તમ ક્ષેત્રો નથી.

ફરી યક્ષે કહ્યું : ''હે બ્રાહ્મણો ! આ વિશ્વમાં તમે માત્ર વાણીના, વેદજ્ઞાનનો ભાર ઉપાડનાર છો, કારણ કે વેદ ભણવા છતાં તેનો સાચો અર્થ જાણતા નથી. જે મુનિ સમભાવપૂર્વક ઊંચનીચ, મધ્યમ ઘરોમાં ભિક્ષા માટે જાય છે, તે જ વાસ્તવમાં ઉત્તમ ક્ષેત્ર છે, તે જ દાનને યોગ્ય પાત્ર છે.''

બ્રાહ્મણો કહેવા લાગ્યા: ''અમારા ગુરુઓની વિરુદ્ધ બોલનાર અરે નિર્ગ્રંથ ! તું અમારી સમક્ષ આ શું બકવાશ કરી રહ્યો છે ? આ બોલવાના તારા સ્વભાવને કારણે અમારાં આહાર-પાણી ભલે પડયાં રહીને ખરાબ થઈ જાય તો પણ તને તો નહીંજ આપીએ.''

યક્ષે કહ્યું : ''હું ઈર્યા, એષણા આદિ પાંચ સમિતિઓથી સમાધિસ્થ, ત્રણ ગુપ્તિઓથી ગુપ્ત, મન, વચન, કાયાથી સંયમી અને જિતેન્દ્રિય છું. જો આ ગ્રહણ કરવા યોગ્ય શુદ્ધ આહાર તમે મને નહીં આપો તો આ યજ્ઞનો તમે લોકો શો લાભ પ્રાપ્ત કરશો ? કારણ કે દાન વિના યજ્ઞનો કંઈ પણ લાભ મળતો નથી.''

## રુદ્રદેવ બ્રાહ્મણ દ્વારા મુનિને મારવાનો આદેશ

'યક્ષ દ્વારા યજ્ઞનો કોઈ લાભ થતો નથી' તેવું સાંભળતા જ રુદ્રદેવ બ્રાહ્મણ બોલ્યા: ''અરે ! અહીં કોઈ છે ! ક્ષત્રિયકુમાર, રસોઈયા, વિદ્યાર્થીઓ સહિત અધ્યાપકો જે હોય તે અહીં આવો અને આ સાધુને દંડાથી, લાકડાં કે પાટિયાથી મારીને ડોક પકડી જલદીથી બહાર કાઢી મૂકો.''

આ સાંભળીને ઘણા કુમાર વિદ્યાર્થીઓ દોડી આવ્યા અને દંડ, લાકડી તથા ચાબુકથી તે હરિકેશીબલ મુનિને મારવા લાગ્યા. અચાનક જ આ દૃષ્ય યજ્ઞશાળામાં રહેલી રુદ્રેવની પત્ની ભદ્રાએ જોયું. તરત જ ક્રોધિત વિદ્યાર્થીઓને તેણે રોક્યા અને સમજાવીને શાંત કરવા લાગી.

ભદ્રાએ કહ્યું, ''દેવના ચમત્કારથી પ્રેરિત થઈને મારા પિતા રાજાએ મને આ ઉગ્ર તપસ્વી જિતેન્દ્રિય, સંયમી અને બ્રહ્મચારી મહાત્મા મુનિને સોંપી હતી. પણ મનિએ મનથી પણ મારી ઈચ્છા કરી નહીં, મારો સ્વીકાર કર્યો નહીં. મારો ત્યાગ કરનાર આ ઋષિ રાજાઓ, મહારાજાઓ અને દેવલોકના ઈન્દ્રો માટે પણ પૂજ્ય છે. આ મુનિ કઠિન મહાવ્રતોને ધારનાર, તપ-સંયમમાં ઘોર પરાક્રમ કરનાર, મહાયશસ્વી અને મહાપ્રભાવશાળી મહાત્મા છે. તે અવહેલના કરવા યોગ્ય નથી. એવું ન બને કે તેઓ તમને બધાંને પોતાના તેજથી ભસ્મ કરી નાખે.''

## યક્ષની શક્તિનો ઉપયોગ

રુદ્રદેવ પુરોહિતની પત્ની ભદ્રાના તે મુનિ માટેનાં પ્રશંસાભર્યા વચનો સાંભળી શ્રી ઋષિની સેવામાં રહેલો યક્ષ તે બ્રાહ્મણકુમારોને રોકવા લાગ્યો. તો પણ તે કુમારો ન માન્યા. તેથી યક્ષ આકાશમાં ભયંકર રૂપ કરી, અસુર ભાવવાળો થઈ, ક્રોધિત બની કુમારોને મારવા લાગ્યો. આ ઘવાયેલા કુમારો તરત જ લોહીની ઊલટી કરવા લાગ્યા અને અત્યંત દુ:ખી થઈ ગયા. તે જોઈને ભદ્રાએ ફરીથી કહ્યું: ''તમે તપસ્વી મુનિનું જે અપમાન કરો છો તે નખથી પર્વત ખોદવા સમાન છે. દાંતથી લોઢું ચાવવા જેવું છે અને પગથી અગ્નિ કચડવા જેવું કામ છે. ઘણું જ અહિત અને અલાભનું કામ છે.

આ મહર્ષિ આશીવિષ લબ્ધિવાન છે, ઘોર તપસ્વી છે અને ઘોર પરાક્રમી છે. જે ગોચરી વખતે મુનિને સતાવે છે તેઓ પતંગિયાની જેમ અગ્નિમાં પડીને ખલાસ થઈ જાય છે.

જો તમે તમારા જીવનને કે ધનને સુરક્ષિત રાખવા ઈચ્છતા હો તો બધા સાથે મળીને માથું નમાવી એમના શરણે જાઓ. કારણ કે આ મુનિ ગુસ્સે થતાં સમસ્ત વિશ્વને ભસ્મ કરવા જેટલી શક્તિ ધરાવે છે.'' ભદ્રાનાં આવાં વચનો સાંભળીને મુનિને મારનાર છાત્રોનાં માથાં પીઠ તરફ નમી ગયાં, હાથ પહોળા થઈ ગયા, તેઓ ચેષ્ટા રહિત કે બેભાન થઈ ગયા, તેઓની આંખો ઉઘાડી જ રહી ગઈ કે આંખ ફાટી ગઈ. તેઓને લોહીની ઊલટી થવા લાગી, એમનાં મોઢાં ઉપર થઈ ગયાં, જીભ અને આંખો બહાર આવી ગઈ.''

## ચમત્કારથી નમસ્કાર

તે વિદ્યાર્થીઓ લાકડા જેવા ચેતના રહિત થઈ ગયા. યક્ષથી પીડિત જોઈને રુદ્રદેવ બ્રાહ્મણ પણ ઉદાસ અને ચિંતાથી વ્યાકુળ બની ગયા. પોતાની પત્ની ભદ્રાને સાથે લઈને આખરે એ મુનિને પ્રસન્ન કરવા લાગ્યા, ''ભંતે ! અમે તમારી અવગણના કરી છે, નિંદા કરી છે, તેથી અમને માફ કરો. ભગવન્ ! હિતાહિતના વિવેકથી રહિત આ અજ્ઞાની મૂર્ખ કુમારોએ આપની અવહેલના કરી છે તેમને આપ ક્ષમા કરો. મનિઓ અત્યંત ઉદાર હોય છે અને તેઓ કોઈ પર ક્રોધ કરતા નથી.''

રુદ્રદેવના આવા ક્ષમાયાચનાના શબ્દો સાંભળીને યક્ષ હરિકેશીબલ મુનિના શરીરને છોડીને ચાલ્યો ગયો. યક્ષ રહિત અવસ્થાને પ્રાપ્ત મુનિ બોલ્યા, ''મારા મનમાં પહેલાં કે આ સમયે કોઈપણ દ્વેષ ન હતો, છે નહીં અને ભવિષ્યમાં પણ થશે નહીં. પરંતુ જે યક્ષ મારી સેવા કરે છે, તેણે જ વિદ્યાર્થીઓની આ દશા કરી છે.''

રુદ્રદેવે કહ્યું : ''શાસ્ત્રોના અર્થ અને ધર્મને સારી રીતે જાણનાર, મંગલકારી પ્રજ્ઞાવાળા આપ ક્યારેય ગુસ્સે થતા નથી. અમે બધાં મળી આપનાં ચરણોનું શરણું સ્વીકારીએ છીએ. હે મહાભાગ ! અમે આપની પૂજા કરીએ છીએ. આપની ચરણરજ આદિ કાંઈ પણ એવું નથી જેની અમે સેવા ન કરીએ. અમે આપને સંપૂર્ણ પૂજનીય માનીએ છીએ.

કરવા લાગ્યા અને હસવા લાગ્યા.

તે અત્યંત બીભત્સ રૂપવાળા, કાળા કોલસા જેવા, વિકરાળ, ચપટા નાકવાળા હોવાથી ભૂત જેવા દેખાતા હતા. શરીર આખું ધૂળથી ભરાયેલું હતું. ઉકરડા ઉપરથી લાવેલા ગંદાં વસ્ત્ર પહેરેલ આ કોણ આવી રહ્યો છે ? તે લોકો મનમાં આ પ્રમાણે વિચારતા હતા. પોતાની ઊંચી જાતિના અભિમાનથી ભરેલા તે હિંસક, અજિતેન્દ્રિય, અબ્રહ્મચારી અને અજ્ઞાની લોકો હરિકેશી મુનિને કહેવા લાગ્યા : ''અરે અદર્શનીય ! તું કોણ છે રે ? અહીં તું કઈ આશાએ આવ્યો છે ? પિશાચ જેવા શરીરવાળા ! ચલ, હટી જા અહીંથી, અહીં કેમ ઊભો છે ?''

તે સમયે ત્યાં મહામુનિ પ્રત્યે ભક્તિભાવ રાખનારા તિંદુક વૃક્ષવાસી યક્ષ એટલે કે દેવે પોતાનું શરીર છુપાવી મુનિના શરીરમાં પ્રવેશ કર્યો. પછી તે કહેવા લાગ્યો.

''હું શ્રમણ તપસ્વી, સંયમી અને બ્રહ્મચારી છું, ધનસંપત્તિ અને પરિગ્રહનો ત્યાગી છું, હું ભિક્ષાના સમયે લોકોએ પોતાના માટે બનાવેલા ભોજનમાંથી ભિક્ષા લેવા માટે વિચરણ કરતો કરતો અહીં આવ્યો છું. અહીં તમારું ઘણું બધું ભોજન અપાઈ રહ્યું છે, મિષ્ટાન્ન ખવાઈ રહ્યું છે, આથી મને પણ ભિક્ષુક સમજીને વધેલાં ભોજનમાંથી થોડું આ તપસ્વીને આપો અને કાંઈક લાભ મેળવી લો.''

## યક્ષ અને બ્રાહ્મણોની ચર્ચા

બ્રાહ્મણો બોલ્યા, ''આ ભોજન બ્રાહ્મણોએ માત્ર પોતાના માટે જ પકાવ્યું છે. તેથી બ્રાહ્મણો સિવાય બીજાને આપવા જેવું નથી. આવા યજ્ઞ માટે તૈયાર કરાયેલા આહાર-પાણી અમે તને નહીં આપીએ. છતાં તું અહીં શા માટે ઊભો છે ? અમે બ્રાહ્મણો ઊંચ કુળના છે અને ભિક્ષુ શૂદ્ર કુળના છે, તેથી શૂદ્રને તો આ ભોજન ન જ આપી શકાય.''

યક્ષે કહ્યું : ''સારા પાકની આશાએ ખેડૂત ઊંચી ભૂમિમાં બીજ વાવે છે, તેવી જ આશાથી નીચી જમીનમાં પણ વાવે છે, કારણ જો સારો વરસાદ થાય તો ઊંચી જમીન પર પાક સારો થાય અને જો વરસાદ ઓછો થાય તો નીચેની જમીન ઉપર સારી પેદાશ થાય છે. આ અભણ ખેડૂત જેવી જ શ્રદ્ધાથી, તમે મને દાન આપો. હું પણ પુણ્યનું જ ક્ષેત્ર છું. હું પણ આરાધના કરવા ઈચ્છું છું આથી મને આપવાથી ચોક્કસ પુણ્યની કે ધર્મની જ આરાધના થશે, પાપનું કાર્ય થશે નહીં.''

બ્રાહ્મણો બોલ્યા : ''જત્તૃતમાં એવાં ક્ષેત્રની એટલેકે દાનના યોગ્ય પાત્રની અમને ખબર છે. જ્યાં દીધેલાં દાન-પુણ્ય પૂર્ણરૂપે ઊગે છે. બ્રાહ્મણ જાતિ જ મનોહર અને ઉત્તમ ક્ષેત્ર છે, માટે તારા જેવા શૂદ્ર જાતિના ભિક્ષુ ઉત્તમ ક્ષેત્ર નથી.''

યક્ષ બોલ્યો: ''જેના જીવનમાં ક્રોધ અને અભિમાન છે, હિંસા અને અસત્ય છે,

આપને વિનંતી કરીએ છીએ કે વિવિધ વ્યંજનોવાળાં આહારપાણી ગ્રહણ કરીને આપ તેનો ઉપયોગ કરો. અમે પુષ્કળ અન્ન બનાવેલું છે. અમારા ઉપર ઉપકાર કરી તમે તેનું ભોજન કરો.'' તે તપસ્વી મહાત્મા મુનિરાજે પુરોહિતના આગ્રહનો સ્વીકાર કર્યો અને એક માસની તપશ્ચર્યાના પારણા માટે આહારપાણી ગ્રહણ કર્યા.

## તપસ્વી મુનિનો મહિમા

જ્યાં તપસ્વી મુનિએ આહારપાણી ગ્રહણ કર્યા ત્યાં યજ્ઞશાળામાં દેવોએ સુગંધિત જળ, પુષ્પો તેમ જ દિવ્ય ધનનો વરસાદ કર્યો અને દુંદુભિઓ વગાડી. આકાશમાં અહોદાન ! અહોદાન ! શ્રેષ્ઠ દાન ! શ્રેષ્ઠ દાન ! એમ દિવ્ય ધ્વનિ થયો. આમ તપની મહત્તા પ્રત્યક્ષ દેખાય છે તેમાં જાતિની કોઈ વિશેષતા નથી. જેમની આવી ઋદ્ધિ અને પ્રભાવ છે તેવા ચાંડાલકુળના મહાતપસ્વી મુનિની સેવામાં દેવો પણ હાજર રહે છે.

મનુષ્યની સુરક્ષા તેના જ્ઞાન અને આચારથી થાય છે, જાતિ અને કુળથી નહીં. વ્યક્તિની ઊંચતા-નીચતાનો આધાર તેની જાતિ અને કુળ નહીં, પરંતુ જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ સંયમ છે. જે આચારભ્રષ્ટ છે, જ્ઞાન-દર્શન આદિ રહિત છે, તો તે ઊંચી જાતિનો હોવા છતાં નીચી જાતિ સમાન છે. જૈન ધર્મ કહે છે કે- જે વ્યક્તિ રત્નત્રયની નિર્મળ સાધના કરતી હોય તેના માટે સિદ્ધિનાં દ્વાર ખૂલ્લાં છે.

## ભાવયજ્ઞ અને ભાવસ્નાન

મહામુનિ બોલ્યા, ''હે બ્રાહ્મણો અગ્નિનો આરંભ કરી અગ્નિ જીવોની હિંસા કરીને અને પાણી દ્વારા બાહ્યશુદ્ધિ કે શરીરશુદ્ધિને કરી પાણીના જીવોની હિંસા શા માટે કરી રહ્યાં છો ? અર્થાત્ યજ્ઞ, સ્નાન આદિથી બાહ્યશુદ્ધિ શા માટે ઈચ્છો છો ? જેઓ બહારની શુદ્ધિ શોધે છે, તેમના તે આચરણને જ્ઞાની પુરુષો શ્રેષ્ઠ કે સાચો માર્ગ કહેતા નથી. યજ્ઞમાં દાભ, યજ્ઞ સ્તંભ, ઘાસ, લાકડી અને અગ્નિનો પ્રયોગ કરવો તથા સવાર અને સાંજ પાણીનો સ્પર્શ કરવો વગેરે ક્રિયાઓ દ્વારા મંદ બુદ્ધિવાળા લોકો અગ્નિ, પાણી તથા તેને આશ્રયે રહેલાં બેઈન્દ્રિય આદિ વિકલેન્દ્રિય જીવોની હિંસા કરી ઘણાં પાપકર્મનો સંગ્રહ કરે છે.''

રુદ્રદેવ બોલ્યા : ''હે ભિક્ષુ ! અમે કેવી રીતે પ્રવૃત્તિઓ કરીએ ? યજ્ઞ કેવી રીતે કરીએ ? પાપને કેવી રીતે દૂર કરીએ ? હે યક્ષપૂજિત સંજય ! તમે જ કહો કે શ્રેષ્ઠ યજ્ઞ કેવી રીતે કરવો જોઈએ ?''

મુનિએ સમજાવ્યું ''મન અને ઈન્દ્રિયોને વશમાં રાખનાર મહાત્મા પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ અને ત્રસ-આ છ પ્રકારના જીવોની હિંસા કરે નહીં, જૂઠું બોલે નહીં, ચોરી કરે નહીં, પરિગ્રહ, સ્ત્રી, માન અને માયાના સ્વરૂપને જાણી વિવેકથી સંયમમાં વિચરણ કરવું જોઈએ.

જેઓ પાંચ સંવર દ્વારા કર્મ આશ્રવને રોકનાર, સંયમી જીવનમાં અસંયમની ઈચ્છા

ન કરે, જે કાયાનું મમત્વ ન રાખે, શરીર સંસ્કારનો ત્યાગ કરે, પવિત્ર હૃદયી હોય તેઓ વાસના પર વિજય મેળવનાર અથવા મોક્ષપ્રાપ્ત કરાવનાર સંયમરૂપ શ્રેષ્ઠ યજ્ઞ કરે છે.''

રુદ્રદેવે પૂછ્યું ''હે ભિક્ષુ ! તમારા યજ્ઞનો અગ્નિ કયો છે ? યજ્ઞની જ્યોતિનું સ્થાન કયું છે ? યજ્ઞની આહુતિ હોમવાની કડછી કઈ છે ? યજ્ઞનો અગ્નિ વધારનાર છાણાં કયાં છે ? યજ્ઞના ઈંધણરૂપ લાકડું કયું છે ? યજ્ઞનો શાંતિ પાઠ કયો છે ? તમે યજ્ઞ કઈ રીતે કરો છો ?''

મુનિ બોલ્યા ''તપરૂપ અગ્નિ છે, જીવ સ્વયં અગ્નિકુંડ છે, યોગની શુભ ક્રિયાઓ ઘી હોમવાની કડછી છે, શરીર કે શરીરના અવયવ છાણાં છે, કર્મ ઈંધણ છે, સંયમની પ્રવૃત્તિઓ શાંતિપાઠ છે, આવો જીવહિંસા રહિત યજ્ઞ હું કરું છું.''

રુદ્રદેવ બોલ્યા ''હે યક્ષ પૂજિત સંયત ! તમારું સ્નાન કરવા માટેનું જળાશય કયું છે ? આપનું શાંતિતીર્થ કયું છે ? કર્મ મેલને કયાં દૂર કરો છો ? આપ અમને કહો.''

મુનિ બોલ્યા ''મિથ્યાત્વના મેલ રહિત, પ્રશસ્ત લેશ્યાઓ પ્રાપ્ત કરાવનાર ધર્મ મારું જળાશય છે. બ્રહ્મચર્ય શાંતિતીર્થ છે જ્યાં સ્નાન કરીને હું કર્મ રજને દૂર કરી વિશુદ્ધ થાઉં છું.''

આ પ્રકારે રુદ્રદેવને તથા તેમના વિદ્યાર્થીઓને ધર્મની સાચી સમજ આપી પછી મુનિ પોતાના સ્થાને પાછા ચાલ્યા ગયા.

આ પ્રકારના પ્રશસ્ત ભાવસ્નાનનો જ ઉત્તમ પુરુષોએ ઉપદેશ આપ્યો છે. આવું મહાસ્નાન ઋષિઓ માટે શ્રેષ્ઠ છે, આ ધર્મરૂપી કુંડમાં સ્નાન કરીને, કર્મમળ થી રહિત અને ભાવોથી વિશુદ્ધ થઈને મહર્ષિઓ ઉત્તમ મોક્ષસ્થાનને પ્રાપ્ત થયા છે, થાય છે.

આમ, હરિકેશીબલ મુનિનું જીવન ચારિત્ર બળથી ઉત્તમ થઈ ગયું.

ધન્ય છે તે હરિકેશી મુનિને.... જેઓએ ચાંડાલનો ભવ સાર્થક કરી મોક્ષ પદને પામ્યા.

## હરિકેશી મુનિ સમાપ્ત
## જૈન પાઠાવલી શ્રેણી ૧૬ સમાપ્ત

|| શ્રી મહાવીરાય નમઃ || || શ્રી વીતરાગાય નમઃ || || નમો નાણસ્સ: ||

# શ્રી બૃહદ મુંબઈ વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

## Shree Brihad Mumbai Vardhman Sthanakvasi Jain Mahasangh

: સંચાલિત :

## માતુશ્રી મણીબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

## Matushree Maniben Manshi Bhimshi Chhadva- Dharmik Shikshan Board,

Aaradhya - 1 Arth, Ground floor, H-Wing, Naidu Colony, Pantnagar, Ghatkopar (E), Mumbai- 400075

E-mail: jainshikshanboard@gmail.com Website: www.jainshikshan.org

### Our Website

Contact Details of Shikshan Board office (Phone & Email)
News and Events related to examination and breaking news
Know Goals and Visions of Board
Facility to enroll for forth coming exam online
Historical exams and answer papers available form 2016
Download online Shreni books
Schedule of forth coming Shreni exams available
Access Photographs of various events
View Past exams results

Scan for Website

### વેબ સાઇટમાં માહિતી

શિક્ષણ બોર્ડની ઓફિસના ફોન નંબર તથા ઇ-મેલ મેળવી શકશે.
બોર્ડ દ્વારા આગામી પરીક્ષાની માહિતી વિગતવાર મૂકવામાં આવશે.
બોર્ડના હેતુ તથા ધ્યેય જાણવા મળશે.
ઘર બેઠા ઓનલાઈન રજીસ્ટ્રેશન કરી શકશે.
2016 થી પરીક્ષાના પેપર તથા જવાબો મેળવી શકાશે.
દરેક શ્રેણીનો અભ્યાસક્રમ ડાઉનલોડ કરી શકશો.
પરીક્ષા માટેની માહિતી સમયસર મળી શકશે.
પ્રોગ્રામના ફોટા જોઈ શકાશે.
ભૂતપૂર્વ આપેલી પરિક્ષાનું પરિણામ જોઇ શકશો.

Scan to exam registration

# અષ્ટપ્રવચન માતા



ઈરિયાસમિતિ
ઉચ્ચારપાસવણ
ખેલજલ્લસિંઘાણ
પારિટ્ઠાવણિયાસમિતિ
ભાષાસમિતિ
અષ્ટપ્રવચન
માતા
આયાણભંડમત્ત
નિક્ખેવણાસમિતિ
એસણાસમિતિ
મનગુપ્તિ
વચનગુપ્તિ
કાયગુપ્તિ